શ્રી સુબોધ-લબ્ધિ-સંચય

[વૈરાગ્ય સરિતા]



પ્રેરક

પૂ. પ્રવર્તિની સા. શ્રી હેમલતાશ્રીજી મ. સા.

|| શ્રી શંખેશ્વર - ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ||
|| શ્રી અનંત લબ્ધિ નિધાનાય ગૌતમસ્વામિને નમઃ ||

શ્રી સુબોધ-લબ્ધિ-સંચય

શાસનપ્રભાવક પ.પૂ. આ. દેવ શ્રીમદ્વિજય
લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના સુદીર્ઘ ૫૦ વર્ષ
સંયમપર્યાયની અનુમોદનાર્થે

શુભાશીર્વાદ

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક
ગચ્છાધિપતિ પ.પૂ. આ. દેવ
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા

પુનિત પ્રેરણા

માતૃહૃદયા પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી હેમલતાશ્રીજી મ.

પ્રકાશક

શ્રી લબ્ધિનિધાન ચેરીટેબલ ટ્રસ્ટ.
ખાનપુર, અમદાવાદ.

❋ પુસ્તકમાં લાભ લેનાર ભાગ્યશાળીઓ ❋

(૧) શ્રી કૃષ્ણનગર શ્વે. મૂ.પૂ.સંઘ (જ્ઞાનખાતામાંથી) અમદાવાદ
(૨) શ્રીગગનવિહાર શ્રાવિકા ઉપાશ્રયના (જ્ઞાનખાતામાંથી) અમદાવાદ
(૩) શ્રીમતી સોનલબેન યોગેશકુમાર સંઘવી મદ્રાસ
(૪) શ્રીમતી અરૂણાબેન જશુભાઈ શાહ મુંબઈ
(૫) શ્રીમતી પૂનમબેન સતીષભાઈ શાહ કેનીયા-આફ્રિકા
(૬) શ્રીમતી ધીરજબેન રતીલાલ સલોત મુંબઈ
(૭) શ્રીમતી વર્ષાબેન જગદીશભાઈ દલાલ મુંબઈ
(૮) શ્રીમતી જિનમતીબેન ચંદ્રકાન્તભાઈ શાહ મુંબઈ
(૯) શ્રીમતી પલ્લવીબેન હર્ષદકુમાર શાહ મુંબઈ
(૧૦) શ્રીમતી દિપીકાબેન રોહિતભાઈ શાહ પાલનપુર
(૧૧) શ્રીમતી શિલ્પાબેન અતુલભાઈ શાહ અમદાવાદ

પ્રથમ આવૃતિ :- મહા સુદ-3 વિ.સ. ૨૦૫૬ વીર સં. ૨૫૨૬
નકલ :- ૧૦૦૦
મૂલ્ય :- પઠન - પાઠન
પ્રાપ્તિસ્થાન :- **શ્રી લબ્ધિનિધાન ચેરીટેબલ ટ્રસ્ટ**
૪, શીતલનાથ ફ્લેટ, વિભાગ-૧, પહેલે માળે,
બ્હાઈ સેન્ટર, ખાનપુર, અમદાવાદ.
ફોન : ૫૫૦૪૭૪૪

મુદ્રક :- **શ્રી નેમિ પ્રિન્ટર્સ, અમદાવાદ.ફોન:૫૫૦૫૮૯૧**

દિવ્યકૃપા



પ.પૂ.ભક્તિસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ



પ.પૂ.પ્રેમસૂરીશ્વરજી મ.સા.

દિવ્યાશિષ



પ.પૂ.સુબોધસૂરીશ્વરજી મ.સા.

વાત્સલ્યદાતા

પ.પૂ.લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

❁ સાદર સમર્પણ ❁

અસીમ ઉપકારી વાત્સલ્ય વારિધિ પ.પૂ. આ.દેવ **શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી** મ.સા. કે જેઓશ્રીનો સંયમસુવર્ણ મહોત્સવ તાજેતરમાં વિઢયારની વિરલ વસુંધરા **શ્રી શંખેશ્વર મહાતીર્થે** પરમપુરૂષાદાનીય શ્રી શંખેશ્વરદાદાની પરમપાવન છત્રછાયામાં શ્રી **૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદ ભકિતવિહાર**ના પ્રાંગણમાં. ભારતભરના સમ્યગ્જ્ઞાનદાતા પંડિતવર્યો ના ત્રિદિવસીય સંમેલન, ૫૧ છોડના ઉદ્યાપન, જીવદયા, સાધર્મિક ભક્તિ, સાધુ - સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ વિ. અનેકવિધ મહાઅનુષ્ઠાનો તેમજ આઠ મહાપૂજન, શાંતિસ્નાત્ર આદિ સહ એકાદશાન્હિકા મહોત્સવ ખૂબ જ આનંદોલ્લાસમય વાતાવરણ માં, શતાધિક સાધુ સાધ્વીજી ભગવંતો અને વિશાળ જનમેદની ની ઉપસ્થિતિમાં ઐતિહાસિક, જાજરમાન,અને ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયેલ છે. મહાસુદ-૩ વિ.સં. ૨૦૫૬ને તા. ૯-૨-૨૦૦૦ના પરમ મંગલદિને પૂજ્યશ્રીએ સંયમપર્યાયના ૫૧ માં વર્ષમાં મંગલપ્રવેશ કરેલ છે. ત્યારે

આ અણમોલ પ્રસંગે દીર્ઘસંયમી જ્યોતિર્વિદ્ પ.પૂ. આચાર્ય ભગવંતશ્રીના કરકમળમાં આ પુસ્તક આદરભાવે અર્પણ કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

લી.

પ્રવર્તિની સા. હેમલતાશ્રીજી આદિ પરિવાર

❀ પ્રસ્તાવના ❀

જૈન ધર્મમાં કેટલાક પુસ્તકો અને પ્રકરણો નાના હોવા છતાં ઘણા ઉપકારક છે, આવશ્યક છે, અસરકારક છે. તે જીવન ઉપયોગી હોવાથી સાધુ સાધ્વીજી ભ. અને મુમુક્ષુઓ તેમજ શ્રાવક-શ્રાવિકાઓ તેનું અહર્નિશ પઠન-પાઠન, ચિંતન-મનન કરે છે. આવાં સૂત્રો પ્રકરણો અથવા શતકો નામે પ્રસિદ્ધ છે.

આવાં પાંચ સૂત્રોના મૂળ શ્લોક, સંસ્કૃત છાયા તથા તેનું ગુજરાતી ભાષાંતર છપાવેલ છે. કહેવાય છે કે ''અર્થ વગરનો શ્લોક લૂણ વિનાના ભોજન જેવો છે. જો સૂત્રના અર્થ બરાબર રીતે સમજણપૂર્વક મનમાં ઠસાવવામાં આવે તો ઘણો લાભ થઈ શકે આ ઉદેશને વાચક વર્ગ સાર્થક કરશે જ આ પુસ્તક મહાપુરુષોએ વર્ષો પહેલાં છપાવેલ પરંતુ હાલમાં અલભ્ય હોવાંથી અમો **એ પુનઃ છપાવેલ છે. વૈરાગ્યશતક અને ઈંદ્રિય પરાજય શતકમાં કેટલી મહાન બાબતો પ્રતિપાદનકરવામાં આવી છે.**

આ જગતના તમામ પદાર્થો નાશવંત છે. દુઃખમય છે અને અનેક પ્રકારે પીડા કરનારા છે. માટે તે વસ્તુઓમાં નહિ રાચતાં મનુષ્યે શાશ્વતસુખ આપી શકે તેવી વસ્તુઓમાં રમણતા કરવી. આયુષ્યનો વિશ્વાસ નથી. યૌવન સદા ટકતું નથી લક્ષ્મી વીજળીની માફક ચપળ છે. ખરી રીતે વાસ્તવમાં આપણું કોઈ સ્વજન નથી, આપણે મરણને આધીન છીએ.

જગતના પદાર્થોમાં જ મનુષ્યો રાચ્યા માચ્યા રહે છે આસક્ત રહે છે તે અનેક રીતે દુઃખી થાય છે. તથા પોતાનું શાશ્વત અને રીયલ (Real) સ્વરૂપ ભૂલી જાય છે. તેમને આ જગતના પદાર્થોની અસારતાનો ખ્યાલ આપી સત્યમાર્ગ તરફ દોરવા એ ઈષ્ટ અને આદરણીય છે.

પ્રત્યેક ભૌતિકસુખમાં ત્રણ અવગુણ છે.

(૧) તે ક્ષણિક છે, અસ્થિર છે દુઃખગર્ભિત છે.

(૨) તે મેળવ્યા પછી બીજા સુખની આકાંક્ષા રહે છે.

(૩) તેની પ્રાપ્તિને અર્થે જીવ રાતદિન તલપે છે. પરંતુ તે વસ્તુ મળતાં તેની મોહકતા ચાલી જાય છે અને જીવ બીજી વસ્તુ કે જેમાંથી સુખ મળે તે માટે પ્રયત્નશીલ બને છે. આથી જ જગતના તમામ પદાર્થો પ્રત્યે વૈરાગ્યભાવ ખીલવવાનો છે. અને સાથે સાથે ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે વૈરાગ્યભાવ ધારણ કરી ઈન્દ્રિયો ઉપર જય

મેળવવાનો છે.

જો આપણે આપણી પાશવવૃત્તિઓ (Animal instincts) ને આપણા સ્વાધીન ન કરી શકીએ તો પશુઓમાં અને આપણામાં કોઈ ભેદ નથી આપણે આપણું મનુષ્યત્ત્વ સિદ્ધ કરવાને ઈન્દ્રિયોને પ્રથમ વશ કરવી.

જો મનુષ્ય ને આત્મા અને તેના શાશ્વત ગુણો પ્રત્યે રૂચિ થાય તો અનિત્ય પદાર્થોનો ત્યાગ કરતાં તેને દુઃખ થશે નહિ. જે મનુષ્યે હીરો જોયો છે તે કાચના ટુકડામાં કેમ આસકત થઈ શકે ? જેણે સૂર્યનો પ્રકાશ નિહાળ્યો છે તે આગીયાના પ્રકાશમાં કેમ લુબ્ધ બને ? આ જ રીતે ઉચ્ચ વસ્તુઓ અને ગુણો પ્રત્યે પ્રેમ થવાથી હલકી વસ્તુઓનો ત્યાગ કરવાનું કામ ઘણું સરળ બની જશે.

''હું કોણ છું ? Who am I ? હું શુદ્ધ છું. સિદ્ધ છું. શાશ્વત છું'' આ સ્વરૂપને જાણવાથી ઈન્દ્રિયો ઉપર ઓટોમેટીક કાબૂ આવી જશે.

ત્રીજુ સૂત્ર છે. : '' સંબોધ સિત્તરી'' તેનો પ્રથમ જ શ્લોક લેખકના હૃદયની વિશાળતા પુરવાર કરે છે.

સેયંબરો ય આસંબરો ય બુદ્ધો અ અહવ અન્નો વા ।
સમભાવ ભાવિઅપ્પા લહેઈ મુકખં ન સંદેહો ।।

અર્થાત્ ચ્હાયે શ્વેતાંબર હોય અથવા દિગંબર હોય બૌદ્ધ હોય અથવા અન્ય કોઈ ધર્મીનો હોય પણ જેનો આત્મા સમભાવથી ભાવિત હોય તે મોક્ષ પામશે. મનુષ્યે અધ્યાત્મમાર્ગમાં આગળ વધવું હોય તે આ સમભાવનો ગુણ ખીલવવો જોઈએ.

તે જ સૂત્રના ૧૨માં શ્લોકમાં લખેલ છે.

દંસણભટ્ઠો ભટ્ઠો દંસણભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણં ।
સિજ્ઝંતિ ચરણરહિઆ દંસણરહિઆ ન સિજ્ઝંતિ ।।

અર્થાત્ : જે જીવ સમ્યકત્ત્વથી ભ્રષ્ટ થાય છે તે સર્વથા ભ્રષ્ટ થાય છે. દર્શનથી ભ્રષ્ટ થનારને માટે નિર્વાણ નથી. ચારિત્રથી રહિત મનુષ્યો પણ સિદ્ધિને પામે છે પણ દર્શનથી રહિત મનુષ્યો કદાપિ સિદ્ધિ પામતા નથી.

આ જ સૂત્રના ૨૫માં શ્લોકમાં કહેલ છેકે

નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં સમતોલવૃત્તિ રાખતાં શીખવું જોઈએ અત્રે સૂત્રકાર કહે છે કે

જે વ્યકિત મનને સમભાવે રાખી શકે છે તે જ શાંતિ અનુભવી શકે છે કોઈ બાબત

સ્થાયી નથી તેને માટે હર્ષ શોક નહિ કરતાં મનને સ્થિર રાખવાનો પ્રયત્ન કરવો.

આવા તો અનેક શ્લોકો છે, **ચઉસરણ પયન્નો અને આઉર પચ્ચખ્ખાણ પયન્ના** વ્યક્તિના અંતકાળે વાંચવામાં આવે છે.

અરિહંત સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ આ ચાર જ મનુષ્યને અંતકાળે શરણરૂપ છે. આ વાત સત્ય છે. તેની ઉપર શ્રદ્ધા જાગે માટે આ સૂત્રોનું વારંવાર પઠનપાઠન કરવાનું છે.

આ ચાર શરણનો વારંવાર વિચાર કરવાથી અંતકાળે તેનું સ્મરણ શાંતિ આપનારુ અને બોધજનક નીવડે છે.

આઉર પચ્ચખ્ખાણ પયન્નામાં આતુર (રોગી) મનુષ્યને કરવા યોગ્ય પ્રત્યાખ્યાનનું વર્ણન છે. તેમજ મરણ વખતે જુદા જુદા જીવોની કેવી સ્થિતિ થાય છે તેમાં સમાધિ કેમ રાખવી ? તેનું વર્ણન છે. આમ પ્રથમથી જ તૈયારી કરવામાં આવે તો સમાધિ અંતકાળે પ્રાપ્ત થાય છે.

નિયમિત આ પાંચે સૂત્રોનો સ્વાધ્યાય કરવાથી, વાંચન, મનન, ચિંતન, પરિશિલન, અધ્યયન કરવાથી મનોવૃત્તિ સમભાવથી પુષ્ટ થાય છે, વિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે સ્નેહ જાગ્રત થાય છે. સંસારના મોહજનક પ્રસંગોમાં જીવાત્મા લોલુપ થતો નથી મુમુક્ષુ આત્માઓનું જ્ઞાનબળ તપોબળ વૃદ્ધિ પામી રત્નત્રયી આરાધના કરવા ઉજમાળ બને છે. સંસારની અસારતાનું સ્વરૂપ સમજાય છે. અને અંતકરણમાં ગુપ્ત રૂપે રહેલા દોષોની જાણ થાય છે. મિથ્યાત્ત્વનો અંધકાર નાશ પામે છે. તેમજ દોષોને દૂર કરવાની પ્રબળ ભાવના જાગવાથી સમ્યક્ દર્શનનો પ્રકાશ ઝળહળી ઉઠે છે.

આ પુસ્તક દ્વારા વાચકવર્ગ સમ્યક્જ્ઞાન મેળવે અને સંસારપરિભ્રમણથી અટકી અંતસમયે સુંદર આરાધના કરી દેવદુર્લભ માનવજન્મને સાર્થક કરી પરંપરાએ મોક્ષસુખ ને પ્રાપ્ત કરે એજ અભ્યર્થના.

જિનવચન વિરુધ્ધ કંઈપણ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડં

લિ.

લબ્ધિશિશુ મુનિ શીલરત્ન વિજય

વિ. સ. ૨૦૫૬, મહાસુદ-૫,

તા. ૮-૨-૨૦૦૦,

શંખેશ્વર.

અગણિત ગુણોના માનસરોવરમાં કલહંસ સમા
પ. પૂ. આ. ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા.

બનાસના પાણીની આજુબાજુ ધુમતી ધુમરી લેતી, લીલીછમ અને ધર્મઆરાધનાના જીવંત ધબકારથી ધબકતી **બનાસકાંઠાના લોવાણા ગામની ધન્યધરાએ વિ.સ. ૧૯૮૯ના આસો સુદ-૬** ની સોનેરી સુપ્રભાતે પ્રતિષ્ઠા સંપન્ન રાયચંદભાઈ અને ધર્મનિષ્ઠ સુસંકારી કંકુબેનની રત્નકુક્ષીએ એક પુન્યક્ષણે મહાતેજસ્વી લલાટ અને ભવ્ય મુખમુદ્રા ધરાવતા પુત્રરત્નનું પુનિત અવતરણ થયું. જેથી કુટુંબ પરિવારમાં આનંદની લહેરો લહેરાવવા લાગી અને માતા-પિતાએ **યથા નામ તથા ગુણાઃ** એવું **લહેરચંદ** નામ પાડયું.

વિચક્ષણ, કર્તવ્યનિષ્ઠ અને મમતામયી મા એ ધર્મકર્મના મર્મનું સમજણપૂર્વક શિક્ષણ આપી ગુણદીપકમાં અધ્યાત્મતેજનું સિંચન કર્યું. આમ માતા-પિતાએ લહેરચંદને શૈશવકાળથી જ શિષ્ટ સંસ્કારોથી સંસ્કારિત કર્યા.

કિશોરવયમાં જ દેવ સંકેતથી આત્મસંશોધનના વિજ્ઞાનની ઝંખના જાગી અને એ ઉત્કટ ભાવના પ.પૂ. આ.ભ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.સા. અને બાંધવબેલડી પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મ. અને પૂ.મુ. શ્રી સુબોધવિજયજી મ. ના ગુરૂગમથી વિકાસ પામી અને આત્મવિકાસના અભિયાનમાં પ્રચંડ પુરૂષાર્થનો યજ્ઞ માંડયો. વિ.સં. ૨૦૦૬ મહાસુદ-૩ ના દિવસે આત્મમાંગલ્યની કેડીએ પ્રયાણ કરી પંચમપદને ગ્રહણ કરવા દ્વારા પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજી બની પૂ. મુનિ શ્રી સુબોધવિજયજી મ. ના ચરણોમાં જીવન સમર્પિત કર્યું.

અસાધારણ વિદ્વતા અને પ્રચંડ પુરૂષાર્થથી મુનિશ્રીએ ન્યાયકરણ, કાવ્ય, તર્ક, સાહિત્ય, જ્યોતિષ, વિગેરેનો વિસ્તૃત અભ્યાસ કર્યો. પૂ. મુનિશ્રીની સમ્યક્ પ્રેરણાથી થયેલ જિનશાસન પ્રભાવના વિવિધ સત્કાર્યોને, અને અપૂર્વ યોગ્યતાને નિહાળીને જામનગરના શ્રી દેવબાગ જૈન સંઘની વિનંતીથી સંવત ૨૦૩૦ માગસર સુદ-૫ના શુભ દિવસે ગણિપદવી પ્રદાન કરાઈ.

આ પદવી બાદ ગણિ લબ્ધિવિજયજીને પૂ. ગુરૂદેવશ્રીની હૃદયમનની અંતરંગ ભાવનાથી પૂનામાં શ્રી આદિનાથ સોસાયટીમાં સંવત ૨૦૩૨ મહાવદી ૧૪ના રોજ પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. સાથે સાથે વિ.સં. ૨૦૩૨ ફાગણ સુદ-૨ના દિવસે પુના મુકામે સૂરિપદ તેમજ સંઘનું સૂકાન સોંપવામાં આવ્યું.

પૂજ્યશ્રીએ સંયમજીવનના પાંચ-પાંચ દાયકાના સૂવર્ણ યુગ (ગોલ્ડન પીરીયડ) માં તનતોડ પુરૂષાર્થથી શાસન ઉત્રતિના અનેક કાર્યો કરેલ છે.

● **પૂજ્યશ્રી દ્વારા ઐતિહાસિક કાર્ય :** જિન શાસનના ઉત્કર્ષમાં પાયાની ઈંટ રૂપે બનેલી 'શ્રી જૈન ધર્મ તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદ'ની સ્થાપના કરી. ભારતવર્ષના પંડિતવર્યો, શિક્ષક, શિક્ષિકાઓને સંગઠનના એક સૂત્રે બાંધેલ છે. આમ, જ્ઞાનની જ્યોત જવલંતરાખવા શાસનરૂપી કોડિયામાં 'તેલ' પૂરવાનું વીસમી સદીનું ઐતિહાસિક, અદ્વિતીય કામ કર્યું છે.

● **શાસનપ્રભાવક પૂ. ગુરુદેવશ્રી ! :** જિનાલય, ઉપાશ્રય, આયંબિલશાળા, પાઠશાળા આદિ નિર્માણ અનેક શ્રી સંઘમાં ભક્તિયુવક મંડળની સ્થાપના તેમજ છ'રી પાલિત સંઘ, ઉપધાન તપ આદિ અનેક વિધ શાસનપ્રભાવનાનાં કાર્યો કરેલ છે.

● **અહિંસામૂર્તિ પૂ. ગુરુદેવશ્રી ! :** બનાસકાંઠાની ધર્મનગરી થરા ચાતુર્માસમાં પાજરાપોળ ઉત્કર્ષ માટેના વિરલ કોટિના આયોજનમાં ઉદારદિલ શ્રાવક-શ્રાવિકાઓએ ભારે ઉલ્લાસ સહ પોતાની સંપત્તિનું દાન કર્યું આમ થરા, સમી, ગઢડા, વિરમગામ, રાધનપુર આદિ અનેક પાંજરાપોળમાં અબોલ પ્રાણીઓને અભયદાન તેમજ જીવદયાના અનેકવિધ કાર્યોના દિગંતવ્યાપી તોરણો બંધાયા છે.

● **વાત્સલ્યમૂર્તિ પૂ. ગુરુદેવશ્રી ! :** સાધર્મિકોના સહોદર પૂજ્યશ્રી ગુપ્તસહાય દ્વારા સાધર્મિકોને આર્થિક ક્ષેત્રે પગભર અને માનસિક ક્ષેત્રે સમાધિસભર બનાવવાનું અનુપમકાર્ય કરી રહ્યાં છે.

● **દીક્ષા દાનવીર પૂ. ગુરુદેવશ્રી ! :** જેઓશ્રીએ અનેકાનેક મુમુક્ષુઓના જીવનમાં ત્યાગની તમન્ના અને વૈરાગ્યની વેલડી વિકસાવી સંયમની સુરભિ પ્રસરાવી છે.

● **પ્રેરણામૂર્તિ પૂ. ગુરુદેવશ્રી !:** પવિત્રતમ પ્રેરણાની પરબ સમાન પૂજ્યશ્રીના પગલાં જ્યાં જ્યાં થતા ત્યાં ત્યાં શ્રદ્ધા, સાત્ત્વિકતા અને શૂરવીરતાના ત્રિવેણી સંગમે શૂન્યમાંથી સર્જન થાય છે. પૂજ્યશ્રીએ ગહનવિષયોને પણ ખૂબ જ પ્રભાવી અને સરળ શૈલીમાં રજૂ કરવા દ્વારા હજારોના અવળા રાહને ફેરવી નાખેલ છે.

● **હે અનંત ઉપકારી ગુરુદેવશ્રી ! :** આપ તો જગતનું જવાહીર, ભારતનું ભૂષણ, ગુજરાતનું ગૌરવ, વસુંધરાનું વાત્સલ્ય, રાયચંદભાઈનું રતન, કંકુબાઈના કોહિનૂર, શાસનના શણગાર, આચારવંત અણગાર, અમારી જીવન નૈયાના નાવિક, અમારા સંયમશિલ્પના શિલ્પી અને અમારી જીવનમંઝીલના સથવાર છો!

● **હે લોકલાડીલા ગુરુદેવશ્રી ! :** વિક્રમસંવત ૨૦૫૬ મહાસુદ-૩, મંગળવારની સ્વર્ણિમ સુપ્રભાતે જ્યારે સહસ્ત્રરશ્મિનું પ્રથમકિરણ ધરતીને શણગારવા થનગની રહ્યું છે. પંખીઓનો મધુર કલરવ વાતાવરણને પુલકિત અને પ્રસન્નતા ભર્યું બનાવી રહ્યું છે. પ્રાતઃ વંદનાના મંગલ ઘંટારવનું સુમધુર સંગીત ભક્તોના હૈયાને હેલે ચડાવી રહ્યું છે ત્યારે આપશ્રી સંયમજીવનના ૫૦ વર્ષ પરિપૂર્ણ કરી ૫૧ માં વર્ષમાં પાવન પ્રવેશ કરી રહ્યા છો એ મંગલ ઘડીએ અંધકારભર્યા અમઉરમાં આપશ્રીનું કૃપાકિરણનું તેજ પ્રાપ્ત કરી ચૈતન્યના પરમાનંદની કેડી પર પ્રયાણ કરવા કર્તવ્યશીલ બનીએ એજ.... હાર્દિક ભાવના.

લી.

આપશ્રીનો કૃપાકાંક્ષી મુ. શીલરત્નવિજયની વંદનાવલી

अनुक्रमणिका

नंबर	विषय	पृष्ठ
१	वैराग्यशतक	१
२	इंद्रियपराजयशतक	५७
३	संबोध सत्तरी	११२
४	चउशरण पयन्नो	१७८
५	आउरपच्चक्खाण पयन्नो	२१०

ॐ

॥ श्री वैराग्यशतकम् ॥

(મૂળ અને ભાષાન્તર સહિત.)

४ १ ६ ५ २

संसारंमि असारे, नत्थि सुहं वाहिवेअणापउरे ।

७ ३ ८ ११ १२ ९ १०

जाणंतो इह जीवो, न कुणइ जिणदेसियं धम्मं ॥१॥

संसारेऽसारे नास्ति सुखं, व्याधिवेदनाप्रचुरे ।

जानन्निह जीवो, न करोति जिनदेशितं धर्मम् ॥१॥

अर्थ : સાર રહિત તથા વ્યાધિ (શરીર સંબંધિ દુઃખ) અને વેદના (મન સંબંધિ દુઃખ) વડે ભરેલા આ સંસારમાં સુખ નથી એમ જાણતાં છતાં પણ જીવ જીનેશ્વરના પ્રરૂપેલા ધર્મને કરતો નથી

२ ३ ४ ५ १ ७ ६

अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।

८ १० ९ ११ १२ १३ १४

अंजलिगयं व तोयं, गलंत माउं न पिच्छंति ॥२॥

अद्य कल्पे परस्मिन् परतरस्मिन्, पुरुषाश्चिन्तयन्त्यर्थ संपतिम् ।

अंजलिगतमिव तोयं, गलदायुर्न पश्यन्ति ॥२॥

અર્થ : મૂઢ પુરૂષો આજ કાલ પહોર (આવતો બીજે વર્ષે) અને પરાર (આવતે ત્રીજે વર્ષે) ધનની પ્રાપ્તિ (ધન મળશે એમ) ચિંતવે છે, અર્થાત્ આજ નહિંતો કાલે, કાલે નહિંતો બીજે વર્ષે, ને બીજે વર્ષે નહિંતો ત્રીજે વર્ષે ધનની પ્રાપ્તિ થશે એમ આશામાં ને આશામાં દિવસો ગુમાવે છે, પરન્તુ તે મૂઢ પુરૂષો હથેલીમાં રહેલા પાણીની પેઠે ક્ષય થતા પોતાના આયુષ્યને જોતા નથી.

१ २ ३ ४ ५ ६ ८ ७

जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।

११ १० ९ १३ १२ १४

बहुविग्घो हि मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ।।३।।

यत्कल्ये कर्तव्यं, तदद्यैव कुरुध्वं त्वरमाणाः ।

बहुविघ्न एव मुहूर्तो, माऽपराह्नं प्रतीक्ष्वध्वम् ।।३।।

અર્થ : હે પ્રાણીઓ ! જે ધર્મ કાર્ય કાલે કરવા યોગ્ય હોય તેને નિશ્ચય આજેજ ઉતાવળથી કરો, કારણ કે મુહૂર્ત (બે ઘડીનો કાળ) પણ ઘણાજ વિઘ્નવાળો છે (અર્થાત્ એક મુહૂર્તમાં પણ અનેક વિઘ્નો આવી પડે છે.) માટે જે ધર્મ કાર્ય પહેલા પહોરમાં કરવાનું હોય તેને પાછલે પહોર કરીશું એમ ધારી વિલંબ ન કરો.

२ १ ४

ही ? संसारसहावा-चरियं नेहाणुरायरत्तावि ।

३ ५ ६ ७ ८ ९ १०

जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसंति ।।४।।

ही ! संसारस्वभावाचरितं स्नेहानुरागरक्ता अपि ।
ये पूर्वाह्णे दृष्टास्तेऽपराह्णे न दृश्यन्ते ॥४॥

અર્થ : સંસારના સ્વભાવનું આચરણ દેખીને મને ઘણોજ ખેદ થાય છે, કારણ કે પ્રેમબંધને કરી બંધાયેલા એવા જે સ્વજનાદિકને પ્રાત:કાળમાં દીઠા હોય તે (સ્વજનાદિક) પાછા સાંજે દેખાતા નથી.

२ ३ १ ४ ५ ६
मासुअहजग्गिअव्वे, पलाइअव्वंमिकीसविसमेह ? ।
१२ १३ ७ ८ ९ १० ११
तिनिजणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चूअ ॥५॥

मा स्वपित जागरितव्ये, पलायितव्ये कस्माद् विश्राम्यथ ? ।
त्रयो जना अनुलग्ना, रोगश्च जरा च मृत्युश्च ॥५॥

અર્થ : હે પ્રાણીયો ! જાગવાને સ્થાને સૂઈ ન રહો (અર્થાત્ ધર્મકાર્યમાં પ્રમાદ ન કરો). અને નાસવાની જગ્યાએ વિસામો કેમ કરો છો ? (અર્થાત્ આ સંસાર નાસવાની જગ્યા છે તો તેમાં નિરાંતે કેમ બેસી રહ્યા છો ?) કારણ કે રોગ, વૃદ્ધાવસ્થા, અને મૃત્યુ એ ત્રણ જણા તમારી પાછળ લાગ્યા છે.

२ ४ ३ ५
दिवसनिसाघडिमालं, आउसलिलं जिआण घित्तूणं ।
१ ६ ७
चंदाइच्चबइल्ला, कालरहट्टं भमाडंति ॥६॥

दिवसनिशा घटीमालया, आयुःसलिलं जीवानां गृहीत्वा ।
चंद्रादित्यबलिवर्दौ, कालाऽरहट्टं भ्रमयतः ॥६॥

અર્થ : ચંદ્ર અને સૂર્ય રૂપી બળદો દિવસ રાત્રિ રૂપી ઘડાની પંક્તિયો વડે જીવોનાં આયુષ્યરૂપ પાણીને ગ્રહણ કરી કાળરૂપી રેંટ (અરહટ) ને ઉંચે નીચે ભમાવે છે (અર્થાત્ ઉંચે દેવાદિગતિમાં અને નીચે નરકાદિ ગતિમાં ફેરવે છે).

६ ८ ७ ९ ११ १० १२ १५ १३ १४
सा नत्थि कला तं नत्थि, उसहं तं नत्थि किंपि विन्नाणं ।
४ ५ ३ २ १
जेण धरिज्जइ काया, खज्जंति कालसप्पेणं ॥७॥

सानास्तिकला तन्नास्त्यौषधं, तन्नास्ति किमपि विज्ञानम् ।
येन धार्यते कायः, खाद्यमानः कालसर्पेण ॥७॥

અર્થ : હે ભવ્ય જીવો ! કાળરૂપી સર્પે ખાવા માંડેલી કાયા જેના વડે ધારણ કરીએ (રાખી શકીએ) તેવી ૭૨ કળામાંની કોઈ પણ કળા નથી, તેવું કોઈ ઔષધ નથી, અને તેવું કોઈ વિજ્ઞાન (શિલ્પ ચાતુરી) પણ નથી. અર્થાત્ કાળવડે નાશ પામતી કાયાને બચાવી શકો તેવી કોઈ વસ્તુ વા ઉપાય નથી.

३ ४
दीहरफणिंदनाले, महिअरकेसरदिसामहदलिल्ले ।
१ ७ २ ६ ५
ओ.! पीअइ कालभमरो, जणमयरंदं पुहविपउमे ॥८॥

दीर्घफणीन्द्रनाले, महीधरकेसरे दिशामहादले ।
ओ ! पिबति कालभ्रमरो, जनमकरंदं पृथ्वीपद्मे ॥८॥

અર્થ : ઘણી ખેદની વાત છે કે કાળરૂપી ભ્રમર *મ્હોટો શેષનાગરૂપી નાળવાળા, પર્વતરૂપ કેસરાવાળા, અને દિશારૂપ મ્હોટા પત્રવાળા પૃથ્વિરૂપ કમળમાં રહેલા જનરૂપી મકરંદને (જીવ-લોકરૂપી રસને) પીએ છે.

४ ३ ५ १ २
छायामिसेण कालो, सयलजिआणं छलं गवेसंतो ।
६ ७ ८ ९ १० ११ १२ १३
पासं कहवि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥९॥

छायामिषेण कालः, सकलजीवानां छलं गवेषयन् ।
पार्श्वकथमपि न मुंचति, तस्माद् धर्मे उद्यमं कुरुध्वम् ॥९॥

અર્થ : હે ભવ્યપ્રાણિયો ! છિદ્રને ખોળનારો કાળ શરીરની છાયાને મિશે (બ્હાને) સર્વ જીવોનાં પડખાંને કોઈ પણ પ્રકારે મૂકતો નથી (અર્થાત્ જીવોના શરીરની છાયા જેમ શરીરની સાથે ને સાથે જ રહે છે તેમ તેમ કાળ પણ નિરંતર સર્વજીવોની પાછળ લાગેલોજ છે.) માટે ધર્મને વિષે ઉદ્યમ કરો.

---

*''શેષનાગરૂપી નાળવાળા'' એ વચન લોક પ્રસિદ્ધિની એપેક્ષાએ જાણવું અન્યથા શેષનાગે પૃથ્વીને ધારણ કરી રાખી છે એવી માન્યતા જૈનદર્શનની નથી.

२ १ ४ ३

कालंमि अणाइऐ, जीवाणं विविहकम्मवसगाणं ।

५ ७ ६ ९ ८ १० ११

तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥१०॥

कालेऽनादिके जीवानां, विविधकर्मवशगानां ।

तन्नास्ति संविधानं, संसारे यन्न संभवति ॥१०॥

अर्थ : આદિ રહિત (કાળ, કર્મ, જીવ, અને સંસાર એ સર્વનું અનાદિપણું છે.) કાળચક્રમાં પરિભ્રમણ કરતા અને અનેક પ્રકારના કર્મને વશ થયેલા જીવોને તેવો કોઈ સંવિધાન (એકેન્દ્રિયાદિક ભેદ) નથી કે જે સંસારમાં જીવોને પ્રાપ્ત ન થયો હોય. અર્થાત્ સંસારમાં જીવો એકેન્દ્રિયાદિક સર્વ ભેદોને પામી ચૂકયા છે.

१ २ ७ ३ ४ ५ ६

बंधवा सुहिणो सव्वे, पिअ माया पुत्त भारिया ।

१० ११ ९ ८

पेअवणाओ निअत्तंति, दाउणं सलिलंजलिं ॥११॥

बांधवा : सुहृदः सर्वे, माता पितरौ पुत्रभार्याः ।

प्रेतवनान्निवर्तंते, दत्त्वा सलिलाऽञ्झलिम् ॥११॥

अर्थ : હે જીવ ! બંધુઓ, મિત્રો, માતા, પિતા, પુત્ર, અને સ્ત્રી એ સર્વે મૃત્યુ પામેલા મનુષ્યને પાણીની અંજલિ આપીને સ્મશાનથી પાછા ઘેર આવે છે, (પરન્તુ તેમાંનું કોઈ મરણ પામેલા મનુષ્યની સાથે જતું નથી).

(आर्यावृत्तम्)

४ ३ ६ ५ ८ ७ ९

विहडंति सुआ विहडंति, बंधवा वल्लहा य विहडंति ।

१० १३ १४ १५ १२ * १ २ ११

इक्कोकहविनविहडइ, धम्मोरेजीवजिणभणिओ ॥१२॥

विघटन्ते सुता विघटन्ते, बान्धवा वल्लभाश्च विघटन्ते ।

एकः कथमपि न विघटते, धर्मो रे जीव ! जिनभणितः ॥१२॥

અર્થ : રે અજ્ઞાની જીવ ! પુત્ર પુત્રિયોનો વિયોગ થાય છે; સ્વજનનો વિયોગ થાય છે, અને વ્હાલી સ્ત્રીયોનો પણ વિયોગ થાય છે, પરન્તુ હે જીવ ! જીનેશ્વરે કહેલા ધર્મનો કયારે પણ વિયોગ થતો નથી. અર્થાત્ આ જીવને સાચું સગપણતો ધર્મનું જ છે.

---

*આ ગાથામાં ''રે'' એવું અધમ સંબોધન મૂક્યું છે તેનું કારણ એ છે કે આ જીવને ધર્મવિના કોઈપણ સહાયકારી નથી તો પણ તેને મૂકીને બીજાને (સ્વજનાદિકને) સહાયકારી માની બેઠો છે માટે.

१ * २ ३ ४

अडकम्मपासबद्धो, जीवो संसारचारए ठाइ ।

५ * ६ ७ ८

अडकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥१३॥

अष्टकर्मपाशबद्धो, जीवः संसारचारके तिष्ठति ।

अष्टकर्मपाशमुक्त, आत्मा शिवमंदिरे तिष्ठति ॥१३॥

અર્થ : હે આત્મન્ ! આઠ કર્મરૂપી પાશવડે બંધાયેલો જીવ સંસારરૂપી કેદખાનામાં (બંદિખાનામાં) રહે છે, અને આઠ કર્મરૂપી પાશથી મૂકાયલો આત્મા મોક્ષમંદિરમાં રહે છે.

१ २ ३ ४

विहवो सज्जणसंगो, विसयसुहाइं विलासललिआइं ।

६ ५

नलिणीदलग्ग घोलिर, जललव परिचंचलं सव्वं ॥१४॥

विभवः सज्जनसंगो, विषयसुखानि विलासललितानि ।

नलिनी दलाग्रघूर्णयितृ-जललवपरिचंचलं सवं ॥१४॥

અર્થ : વિભવ એટલે લક્ષ્મી, તથા માતા, પિતા, ભાઈ, ભાર્યા વગેરેનો સંબંધ, અને વિલાસે કરીને સુંદર એવાં વિષયસુખ એ સર્વ કમલિનીની પાનના અગ્રભાગપર ઘુમરાતાં એટલે રહેલાં પાણીના બિંદુ જેવાં અતિશય ચંચળ છે.

---

* અહિં એકજ ગાથામાં જીવ અને આત્મા એવા બે શબ્દ મૂક્યા છે તેનું કારણ એ છે કે આઠ કર્મસહિત હોય પટ્ટ. તે જીવ અને આઠ કર્મરહિત હોય તે આત્મા કહેવાય છે.

१ ३ २ ४ ६ ५ ७ ८

तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचंगिमा कत्थ? ।

१२ १३ १४ १० ११ ९

सव्व मणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥१५॥

तत् कुत्र बलं ? तत्कुत्र, यौवनं ? अंगचंगिमा कुत्र ? ।
सर्वमनित्यं पश्यत, दृष्टं नष्टं कृतान्तेन ॥१५॥

અર્થ : હે પ્રાણિયો ! તે શરીરનું બળ કયાં ગયું ? તે જુવાનીપણું કયાં ગયું ? અને તે શરીરનું સુંદરપણું પણ ક્યાં ગયું ? માટે જે પ્રથમ દીઠું હતું તે યમરાજાએ નાશ કર્યું એ પ્રમાણે સર્વ વસ્તુઓનું અનિત્યપણું જુઓ. અર્થાત્ અનિત્ય વસ્તુનો વિચાર કરો.

१ ३ ४
घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाओ ।
६ ५ २ ९ ७ १० ८
पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ॥१६॥

घनकर्मपाशबद्धो, भवनगरचतुष्पथेषु विविधाः ।
प्राप्नोति विडंबना, जीवः कोऽत्र शरणं तस्य ? ॥१६॥

અર્થ : હે પ્રાણી ! નિબિડ કર્મરૂપી પાશથી બંધાયલો જીવ સંસારરૂપી નગરના ચાર ગતિરૂપ ચૌટામાં અનેક પ્રકારની દુઃખદાયક વિટંબનાઓ પામે છે તે કારણ માટે સંસારમાં તે પ્રાણીનું રક્ષણ કરનાર કોણ છે ! અર્થાત્ રક્ષણ કરનાર કોઈ નથી.

२ ४ ३
घोरंमि गब्भवासे, कलमलजंबालअसुइबीभच्छे ।
७ ६ १ ५
वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥१७॥

घोरे गर्भवासे, कलमलजंबालाऽशुचिबीभत्से ।
उषितोऽनंतकृत्वो, जीवः कर्मानुभावेन ॥१७॥

અર્થ : જીવ ભયાનક પેટમાં રહેલા દ્રવ્યના (પદાર્થના) સમૂહરૂપ કાદવવડે અશુચી અને બીભત્સ એટલે કમકમાટ ભરેલા ગર્ભવાસમાં શુભાશુભ કર્મના પ્રભાવે અનંતીવાર રહેલો છે.

४ २ १ ३ ५
चुलसीइ कीर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।
८ ६ ७ ९ १०
इक्किक्कंमि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥१८॥
चतुरशीतिः किल लोके, योनीनां प्रमुखशतसहस्त्राणि ।
एकैकस्यां च जीवोऽनंतकृत्वः समुत्पन्नः ॥१८॥

અર્થ : લોકમાં નિશ્ચે જીવોની ઉત્પત્તિનાં સ્થાનક (ચોરાશી પ્રમુખ લાખ એટલે) ચોર્યાશી લાખ જ છે. અને તે ચોરાશી લાખ યોનિમાંની પ્રત્યેક (એકએક) યોનિમાં જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે.

३ १ ५ ४
मायपियबंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।
२ ११ ७ ८ ६ १० ९
बहुजोणिनिवासीहिं, नय ते ताणं च सरणं च ॥१९॥
माता-पितृ-बन्धुभिः, संसारस्थैः पूरितो लोकः ।
बहुयोनिनिवासिभिः, नच ते त्राणं च शरणं च ॥१९॥

અર્થ : સંસારમાં રહેલા અને ઘણી એટલે ચોર્યાશી લાખ જીવયોનિમાં નિવાસ કરીને રહેલા માતા-પિતા અને બંધુઓ વડે જ આ લોક પૂરેલો છે, અને તે સર્વે ત્હારૂં રક્ષણ કરનાર નથી તેમજ ત્હને તેઓ શરણ કરવા યોગ્ય પણ નથી. (કારણ કે જેઓ પોતેજ બંધનમાં પડયા હોય તેઓ બીજાને શી રીતે છોડવે?)

२ १ ४ ५ ३ ६

जीवो वाहिविलुत्तो, सफरो इव निज्जले तडप्फडइ ।

७ ८ ९ ११ १२ १०

सयलोविजणोपिच्छइ, कोसक्कोवेअणाविगमे ॥२०॥

जीवो व्याधिविलुप्तः, शफर इव निर्जले तडप्फडयति ।

सकलोऽपि जनः पश्यति, कः शक्तो वेदनाविगते ?॥२०॥

અર્થ : વ્યાધિવડે ઉપદ્રવ પામેલો જીવ જળરહિત પ્રદેશમાં (સ્થાનમાં) માછલાની પેઠે તરફડે છે, અને તે તરફડતા પ્રાણીને સર્વે લોક દેખે છે. પરન્તુ તેની વેદનાનો નાશ કરવાને કોણ સમર્થ થાય ? અર્થાત્ વેદનાનો નાશ કરવાને જગતમાં કોઈપણ સમર્થ નથી.

६ ७ १ ५ २ ३ ४

मा जाणसि जीव तुमं, पुत्तकलत्ताइ मज्झ सुहहेऊ ।

११ १२ १० ८ ९

निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥२१॥

मा जानीहि जीव ! त्वं पुत्रकलत्रादि मम सुखहेतुम् ।

निपुणं बंधनमेतत्, संसारे संसरताम् ॥२१

અર્થ : હે જીવ ! પુત્ર તથા સ્ત્રી વગેરે મ્હારે સુખનું કારણ થશે એમ તું ન જાણીશ. કારણ કે સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર અને સ્ત્રી વિગેરે ઉલટાં અધિક બંધનરૂપ થાય છે.

५ १३ ६ ८ ९ ११ ७ १२ १०

जणणी जायइ जाया, जाया माया पिया य पुत्तो य ।

४ १ २ ३

अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥२२॥

जननी जायते जाया जाया माता पिता च पुत्रश्च ।

अनवस्था संसारे, कर्मवशात् सर्वजीवानाम् ॥२२॥

અર્થ : સંસારમાં કર્મના વશથી સર્વજીવોની અનવસ્થા થાય છે, એટલે એક જાતની સ્થિતિ રહેતી નથી. જેમકે માતા અન્યભવમાં સ્ત્રીરૂપે, સ્ત્રી માતારૂપે, પિતા પુત્રરૂપે અને પુત્ર પિતારૂપે થાય છે.

११ ९ १० १४ १२ १३ १७ १५ १६ २० १८ १९

न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।

५ ६ ७ ८ १ २ ३ ४

न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥२३॥

न सा जातिर्न सा योनि, र्न तत्स्थानं न तत्कुलम् ।

न जाता न मृता यत्र, सर्व जीवा अनंतशः ॥२३॥

અર્થ : જ્યાં સર્વ જીવો અનંતીવાર ઉત્પન્ન થયા અને મરણ નથી પામ્યા એવી કોઈ પણ જાતિ નથી, યોનિ નથી, સ્થાન નથી, અને

કુળ પણ નથી. (અર્થાત્ પૂર્વ કહેલાં જાતિ વગેરે સર્વ સ્થાનકોમાં દરેક જીવ અનંતીવાર ઉત્પન્ન થયો છે અને મરણ પણ પામ્યો છે.)

૩ ૪ ૬ ૫ ૧ ૨

तं किंपि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तंपि ।

૭ ૧૧ ૮ ૯ ૧૦ ૧૨

जत्थ न जीवा बहुसो, सुहदुःक्खपरंपरं पत्ता ॥२४॥

तत् किमपि नास्ति स्थानं, लोके वालाग्रकोटिमात्रमपि ।

यत्र न जीवा बहुशः, सुखदुःखपरंपरां प्राप्ताः ॥२४॥

અર્થ : આ લોકમાં વાળના અગ્રભાગના છેડા જેટલું તેવું કોઈપણ સ્થાન નથી કે જ્યાં જીવો ઘણીવાર સુખદુઃખની પરંપરાને ન પામ્યા હોય. (અર્થાત્ આ જીવ સર્વસ્થાને સુખદુઃખ ભોગવી આવ્યો છે.)

૨ ૩ ૬ ૪ ૫

सव्वाओ रिद्धीओ, पत्ता सव्वेवि सयणसंबंधा ।

૧ ૭ ૧૨ ૧૧ ૮ ૧૦ ૯

संसारे तो विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥

सर्वा ऋद्धयः प्राप्ताः, सर्वेऽपि स्वजनसंबंधाः ।

संसारे तस्माद् विरम, ततो यदि जानास्यात्मानम् ॥२५॥

અર્થ : હે જીવ ! તું સંસારમાં સર્વ ઋદ્ધિયો અને સર્વ સ્વજન સંબંધ પામી ચુકયો છે માટે હવે જો આત્માને જાણે છે તો તે ઋદ્ધિ વિગેરેથી વિરામ પામ. (અર્થાત્ ઋદ્ધિ વિગેરેનો ત્યાગ કર.)

१ ३ २ ४ ५

एगो बंधइ कम्मं, एहो वहबंधमरणवसणाइं ।

६ ९ १० ८ ७

विसहइभवंभिभमडइ, एगुच्चियकम्मवेलविओ ॥२६॥

एको बध्नाति कर्म, एको वध-बन्ध-मरण-व्यसनानि ।

विषहते भवे भ्राम्यति, एक एव कर्मवंचितः ॥२६॥

અર્થ : જીવ એકલોજ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધે છે. તથા જીવ એકલોજ વધ બંધન અને મરણાદિ કષ્ટોને(દુઃખોને) સહન કરે છે, અને નિશ્ચય કર્મવડે ઠગાયલો જીવ એકલોજ સંસારમાં ભ્રમણ કરે છે.

१ ३ ४ २ ५ ६ ७ १० ८ ९

अन्नो न कुणइ अहियं, हियंपि अप्पा करेइ न हु अन्नो ।

११ १२ १३ १४ १५ १६

अप्पकयं सुहदुक्खं, भुंजसि ता कीस दीणमुहो ॥२७॥

अन्यो न करोत्यहितं, हितमप्यात्मा करोति नैवाऽन्यः ।

आत्मकृतं सुखदुःखं, भुंक्षे ततः कस्माद्दीनमुखः ॥२७॥

અર્થ : હે જીવ ? બીજો કોઈપણ અહિત (અનિષ્ટ) કરતો નથી, તેમજ હિત પણ આત્માજ કરે છે પરંતુ નિશ્ચે બીજો કોઈ હિત કરતો નથી અને આત્માએ કરેલા સુખદુઃખને આત્મા પોતેજ ભોગવે છે તો તું દીન મુખવાળો કેમ થાય છે ?

२ ३ ५ १ ४

बहुआरंभविढत्तं, वित्तं विलसंति जीव सयणगणा ।

७ १० ६ ८ ९

तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥२८॥

बह्वारंभाऽर्जितं, वित्तमनुभवन्ति जीव ! स्वजनगणाः ।

तज्जनितपापकर्म, अनुभवसि पुनस्त्वमेव ॥२८॥

અર્થ : હે જીવ ! ઘણા આરંભથી ઉપાર્જન કરેલા ધનવડે માતા પિતા ભાઈ સ્ત્રી અને પુત્ર વગેરે સ્વજનનો સમૂહ વિલાસ કરે છે, અને તે આરંભ વડે ઉત્પન્ન થયેલા પાપ કર્મને તું એકલોજ અનુભવ કરીશ. અર્થાત્ નરકાદિકમાં તે પાપનું ફળ તું એકલોજ ભોગવીશ.

४ ५ ६ ७ २ ८ ३

अहदुःक्खियाइंतहभु-क्खियाइंजहचिंतियाइंडिंभाइं ।

९ ११ १२ १० १३ १ १४ १५

तहथोवंपिनअप्पा, विचिंतिओजीवकिंभणिमो ॥२९॥

अथ दुःखितास्तथा, बुभुक्षिता यथा चिन्तिता डिम्भाः ।

तथा स्तोकमपि नात्मा, विचिन्तितो जीव ! किं भणाम ? ॥२९॥

અર્થ : હે જીવ ! મોહને વશ થયેલા તેં જેમ આમ્હારાં બાળક હવે દુઃખી છે, તેમજ ભુખ્યાં છે, એમ રાત્રિ દિવસ ચિંતવન કર્યું છે, પરન્તુ તેવી રીતે તેં પોતાના આત્માને લગાર પણ ચિંતવ્યો નથી, માટે તને શું કહીએ !

२ १ ५ ६ ३ ४

खणभंगुरं सरीरं, जीवो अन्नो य सासयसरुवो ।

७ ८ १२ ९ ११ १०

कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥३०॥

क्षणभंगुरं शरीरं, जीवोऽन्यश्च शाश्वतस्वरुपः ।

कर्मवशात् संबन्धो, निर्बन्धोऽत्र कस्तव ? ॥३०॥

અર્થ : હે જીવ ! આ શરીર તો ક્ષણભંગુર એટલે ક્ષણમાં નાશપામવાના સ્વભાવવાળું છે, અને શાશ્વતસ્વરૂપવાળો એવો જીવ તો શરીરથી જુદો છે, તેને કર્મના આધીનપણાથી શરીરની સાથે સંયોગ થયો છે, માટે એ શરીરમાં ત્હારે શો નિર્બંધ એટલે મુર્ચ્છાભાવ છે ?

२ ३ ४ ५ ६ ७ ८ ९ १०

कहआयंकहचलियं, तुमंपिकहआगओकहगमिही ? ।

११ १२ १३ १ १४ १६ १५

अन्नुन्नंपि न याणह, जीव ! कुटुंब कओ तुज्झ ? ॥३१॥

कुत आगतं कुत्र चलितं, त्वमपि कुत आगतः कुत्र गमिष्यसि ? ।

अन्योन्यमपि न जानीथ, जीव ! कुटुंब कुतस्तव ? ॥३१॥

અર્થ : હે જીવ ! આ માતા પિતા ભાઈ તથા સ્ત્રી વગેરે કુટુંબ ક્યાંથી આવ્યું ? અને અહિંથી મરીને ક્યાં ગયું ? તેમ તું પણ ક્યાંથી આવ્યો ? અને ક્યાં જઈશ ? એમ એક બીજાને જાણતા પણ નથી તો કુટુંબ ત્હારૂં છે તે ક્યાંથી ?અર્થાત્ એક બીજાને જાણ્યા ઓળખ્યા

વગર આ મ્હારૂં કુટુંબ છે એમ માની બેસવું તે ખોટું છે.

१ २ ४ ३

खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारिच्छे ।

९ ८ ५ ८ ६ ७

सारं इत्तियमेत्तं, जं कीरइ सोहणो धम्मो ॥३२॥

क्षणभंगुरे शरीरे, मनुजभवेअभ्रपटलसदृक्षे ।

सारमेतावन्मात्रं, यत् क्रियते शोभनो धर्मः ॥३२:

અર્થ : હે જીવ ! ક્ષણમાં નાશ પામનારા શરીરમાં અને વાયરાથી નાશ પામનારા મેઘના સમૂહ સરખા મનુષ્ય ભવમાં સુંદર જીનપ્રણિત ધર્મનું સેવન કરીએ તેટલોજ માત્ર સાર છે.

(अनुष्टुप् वृत्तम्)

२ ३ ५ ४ ७ ६

जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।

१ १३ ८ १२ ९ ११ १०

अहो ! दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतुणो ॥३३॥

जन्मदुःखं जरादुःखं, रोगाश्च मरणानि च ।

अहो ! दुःखो हि संसारो, यत्र क्लिश्यन्ति जन्तवः ॥३३॥

અર્થ : આશ્ચર્ય છે કે આ સંસારમાં કાંઈ પણ સુખ નથી, કારણ કે જન્મ સંબંધિ દુઃખ, ઘડપણનું દુઃખ, અનેક પ્રકારની વ્યાધિનાં દુઃખ, અને મરણનાં પણ દુઃખજ હોય છે, માટે જે સંસારમાં પ્રાણી ક્લેશ પામે છે તે સંસાર કેવળ દુઃખરૂપજ છે !

१ ३ २ ४ ६ ५ ७
जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिप्फुरइ ।
८ १० ९ ११ १३ १ १४
जाव न रोगविआरा, जाव न मच्चु समुल्लिअइ ॥३४॥

यावन्नेन्द्रियहानि, र्यावन्न जराराक्षसी परिस्फुरति ।
यावन्नरोगविकारा, यावन्न मृत्युः समुच्छिलष्यति ॥३४॥

અર્થ : હે જીવ ! જ્યાં સુધી ઈન્દ્રિયોનું ક્ષીણપણું નથી થયું, જ્યાં સુધી વૃદ્ધાવસ્થારૂપ રાક્ષસી વ્યાપી નથી, જ્યાં સુધી રોગ વિકારો પ્રગટ નથી થયા, અને જ્યાં સુધી મૃત્યુ ઉદયમાં નથી આવ્યું ત્યાં સુધીમાં બને તેટલું ધર્મ સાધન કરી લે.

२ ४ ३ ६ ७ ८ ९ ५
जह गेहंमि पलित्ते, कूवं खणिउं न सक्कए कोइ ।
१० १२ ११ १३ १४ १५ १
तह संपत्ते मरणे, धम्मो कह कीरए ? जीव ! ॥३५॥

यथा गेहे प्रदीप्ते, कूपं खनितुं न शक्नोति कोऽपि
तथा संप्राप्ते मरणे, धर्मः कथं क्रियते ? जीव ॥३५॥

અર્થ : હે જીવ ! જેમ ઘર બળવા માંડયું હોય તે વખતે કોઈ કૂવો ખોદાવવાને સમર્થ ન થાય તેમ મરણ પ્રાપ્ત થાય તે વખતે ધર્મ કયે પ્રકારે કરી શકાય ? અર્થાત્ મરણ સમયે ધર્મ નહિ થઈ શકે માટે પ્રથમથીજ ધર્મ સાધી લેવો.

२ ३ १ ६ ४ ५

रूव मसासय मेयं, विज्जुलयाचंचलं जए जीअं ।

८ १० ७ ९

संझाणुरागसरिसं, खणरमणीअं च तारुण्णं ॥३६॥

रूपमशाश्वतमेतद्, विद्युल्लताचंचलं जगति जीवितम् ।

संध्यानुरागसदृशं, क्षणरमणीयं च तारुण्यम् ॥३६॥

અર્થ : હે જીવ ! આ શરીરનું સુંદરપણું અશાશ્વત છે, જગતમાં જીવિત (આયુષ્ય) તે વિજળીની લતા (રેખા) સરખું ચંચળ છે, અને જુવાનીપણું સંધ્યાકાળના નાના પ્રકારના રંગ સરખું ક્ષણમાત્ર સુંદર દેખાય તેવું છે.

३ २ ५ ६

गयकण्णचंचलाओ, लच्छीओतिअसचावसारिच्छं ।

४ १ ९ ७ ८ १० ११

विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव! मा मुज्झ ॥३७॥

गजकर्णचंचला, लक्ष्म्यंस्त्रिदशचापसदृक्षम् ।

विषयसुखं जीवानां, बुध्यस्व रे जीव ! मा मुह्य ॥३७॥

અર્થ : જીવોની લક્ષ્મીઓ હાથીના કાન સરખી ચંચળ છે, અને વિષયસુખ ઈન્દ્રધનુષ્ય (આકાશમાં સપ્તવર્ણી મેઘધનુષ્ય રચાય છે તે) સરખું ક્ષણભંગુર છે, માટે હે મૂઢ જીવ ! બોધ પામ, અને તે લક્ષ્મી તથા વિષય સુખમાં મોહ ન પામ.

१ २ ३ ४ ६ ७ ५ ८

जह संझाए सउणा-णसंगमो जह पहे अ पहिआणं ।

११ १२ ९ १३ १०

सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ॥३८॥

यथा संध्यायां शकुनानां, संगमो यथा पथि च पथिकानाम् ।

स्वजनानां संयोग, स्तथैव क्षणभंगुरो जीव ? ॥३८॥

अर्थ : સંધ્યાકાળે પક્ષીઓનો, અને માર્ગમાં મુસાફરોનો સમાગમ થાય છે તે જેમ થોડા કાળનોજ હોય છે તેમ હે જીવ ! આ સ્વજનનો સંયોગ પણ ક્ષણભંગુર છે, અર્થાત્ ક્ષણમાં નાશ પામનારો છે.

(काव्यम्)

१ २

निसाविरामे परिभावयामि,

७ ८ १० ९ ११

गेहे पलित्ते किं महं सुयामि ।

१२ १३ १४

डज्झंत मप्पाण मुवक्खयामि,

३ ४ ५ ६

जं धम्मरहिओ दिअहा गमामि ॥३९॥

निशाविरामे परिभावयामि, गेहे प्रदीप्ते किमहं स्वपीमि ।

दहन्तमात्मानमुपेक्षे, यद्धर्मरहितो दिवसान् गमयामि ॥३९॥

અર્થ : હે જીવ ! તને એવો વિચાર કેમ નથી આવતો કે હું પાછલી ચાર ઘડી રાત્રી રહે ત્યારે જાગીને એવો વિચાર કરૂં કે "હું ધર્મ રહિત થયો છતાં ફોગટ દિવસો કેમ ગુમાવું છું ? તથા શરીરરૂપી ઘર બળતે છતે પણ હું શા માટે સૂઈ રહ્યો છું, અને શરીરરૂપ ઘર સાથે બળતા આત્માની ઉપેક્ષા (અનાદર) કેમ કરૂં છું ? (અર્થાત્ હું દેહ સાથે બળતા આત્માનું રક્ષણ કેમ કરતો નથી ?)"

(अनिष्टुप् वृत्तम्)

१ २ ४ ३ ६ ५ ७
जा जा वच्चइ रयणी, नय सा पडिनियत्तइ ।
८ ९ ११ १२ १०
अहम्मं कुणमाणस्स, अहला जंति राइओ ॥४०॥

या या व्रजति रजनी, न च सा प्रतिनिवर्तते ।
अधर्मं कुर्वाणस्या, ऽफला यान्ति राक्षयः ॥४०

અર્થ : હે જીવ ! જે જે રાત્રિ દિવસ જાય છે, તે તે પાછા આવતા નથી, માટે અધર્મને કરનારા ત્હારા રાત્રિ દિવસો નિષ્ફળ જાય છે.

१ ४ २ ३ ५ ७ ६
जस्स ऽत्थि मच्चुणा सक्खं, जस्स अत्थि पलायणं ।
८ ९ १० ११ १२ १५ १४ १३
जो जाणे न मरिस्सामि, सोहुकंखेसुएसिया ॥४१॥

यस्याऽस्ति मृत्युना सख्यं, यस्याऽस्ति पलायनम् ।
यो जानाति न मरिष्यामि, स खलु काङ्क्षत श्वः स्यात् ॥४१॥

અર્થ : હે જીવ ! જે પુરૂષને મૃત્યુ સાથે મિત્રતા છે, જે પુરૂષને મૃત્યુથી નાસી જવું છે, અને જે પુરૂષ એમ જાણે છે કે હું મરીશજ નહિં તે પુરૂષ કદાચિત્ આવતી કાલે ધર્મ થશે એવી ઈચ્છા કરે તો ભલે.

(आर्यावृत्तम)

१ २ ९ ८ ५ ६ ७
दंडकलिअं करित्ता, वच्चंति हु राइओ अ दिवसा अ ।
३ ४ १० १२ ११ १३
आउस संविल्लुंता, गयावि न पुणो नियत्तंति ॥४२॥

दण्डकलितं कृत्वा, व्रजन्ति खलु रात्रयश्च दिवसाश्च ।
आयुः संविलयन्तो, गता अपि न पुनर्निवर्तन्ते ॥४२॥

અર્થ : હે જીવ ! જેમ દંડ સૂત્રની કલના કરે છે, એટલે લૂગડું વણવાને માટે ફાળકા ઉપર રહેલા સૂત્રને જેમ અંત્યજ લોકો દંડથી ઉકેલે છે તેમ રાત્રિ દિવસો પણ આયુષ્યને ઉકેલતા જાય છે પરન્તુ તે ગયેલા રાત્રિ દિવસો પાછા આવતાજ નથી.

(उपजाति वृत्तम्)

१ २ ३ ४ ५
जहेह सीहो व मियं गहाय,
६ ७ १० ८ ९
मच्चू नरं णेइ हु अंतकाले ।
२० १३ १४ १५ १६ १७ १८
न तस्स माया न पिया न भाया,
१२ ११ १९ २०
कालंमि तंमि सहरा भवंति ॥४३॥

यथेह सिंह इव मृगं गृहीत्वा, मृत्युर्नरं नयति खल्वन्तकाले ।
नतस्यमातानपितानभ्राता, कालेतस्मिन्सहायकराभवन्ति ॥४२॥

अर्थ : જેમ આ લોકમાં સિંહ મૃગને ગ્રહણ કરીને નાશ કરે છે, તેમ મૃત્યુ નિશ્ચે પુરૂષને આયુષ્ય પૂર્ણ થયે લઈ જાય છે, તે સમયે તેના માતા પિતા અને ભાઈ ક્ષણમાત્ર પણ સહાય કરવાને સમર્થ થતા નથી.

(आर्यावृत्तम)

१ २ ३ ४
जीअं जलबिन्दुसमं, संपत्तीओ तरंगलोलाओ ।
७ ५ ६ ८ ९ १० ११
सुमिणयसमंचपिम्मं, जंजाणसुतंकरिज्जासु ॥४४॥

जीवितं जलबिन्दुसमं, सम्पत्तयस्तरंगलोलाः ।
स्वप्नसमं च प्रेम, यज्जानीयास्तत्कुरुष्व ॥४४॥

અર્થ : હે આત્મા ! જીવિત (આયુષ્ય) દર્ભના અગ્ર ભાગપર રહેલા પાણીના બિંદુ સમાન અસ્થિર છે, અને સંપત્તિઓ જળના તરંગ સરખી ચપળ છે, અને સ્ત્રી વગેરેનો પ્રેમ સ્વપ્ન જેવો છે, તો હવે જેમ જાણે (ઉચિત લાગે) તેમ કર.

१
संझरागजलबुब्बुओवमे,
४ २ ३
जीविए अ जलबिन्दुचंचले ।
७ ५ ६
जुव्वणे अ नइवेगसंनिभे,
८ १२ ११ ९ १०
पावजीव ! किं मियं न बुज्झसे ? ॥४५॥

सन्ध्यारागजलबुद्बुतोपमे, जीविते च जलबिन्दुचंचले ।
यौवने च नदीवेगसन्निमे, पापजीव ! किमिदं न बुध्यसे ? ॥४५॥

અર્થ : સંધ્યાના રંગ અને પાણીના પરપોટા સરખું અને દર્ભના અગ્ર ભાગ ઉપર (અણી ઉપર) રહેલા પાણીના બિન્દુ સરખું ચંચળ એવું જીવિત (આયુષ્ય) છતે, અને નદીના વેગ સરખી જુવાની છતે પણ હે પાપી જીવ ! તું બોધ પામતો નથી એ તે શું ?

(आर्यावृत्तम)

३ २ ५ ४ ६ ७

अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणि परिअणोवि अन्नत्थ ।

९ ८ १० १

भूअबलिव्व कुडुंबं, पक्खित्तं हयकयंतेणं ॥४६॥

अन्यत्र सुता अन्यत्र, गेहिनी परिजनोऽप्यन्यत्र ।

भूतबलिरिव कुटुम्बं, प्रक्षिप्तं हतकृतान्तेन ॥४६॥

અર્થ : ઘણા ખેદની વાત છે કે ક્રુર યમરાજાએ (કાળે) પુત્ર પુત્રીને બીજી ગતિમાં; સ્ત્રીને અન્ય ગતિમાં અને સ્વજન પરિવારને પણ કોઈ બીજે સ્થળે, એ પ્રમાણે કુટંબને ભૂતને બલિ ફેંકવાની માફક જુદી જુદી ગતિમાં ફેંકયું છે (મોકલ્યું છે.)

२ ३ ४ ७ ६ ५ १

जीवेण भवे भवे, मिल्लियाइ देहाइ जाइ संसारे ।

८ १२ ११ १३ ९ १०

ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥४७॥

जीवेन भवे भवे, मेलितानि देहानि यानि संसारे ।

तेषां न सागरैः, क्रियते संख्याऽनंतैः ॥४७॥

અર્થ : હે આત્મા ! આ સંસારમાં જીવે ભવોભવમાં જે શરીરો ધારણ કર્યા છે, તે શરીરોની સંખ્યા અનંત સમુદ્રના જળબિંદુઓ વડે અથવા અનંત સાગરોપમ જેટલા કાળે પણ ગણી શકાતી નથી.

६ ३ ७ ८ ९
नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ ।
५ २ ४ १
गलियं रुअमाणीणं, माऊणं अन्नमन्नाणं ॥४८॥
नयनोदकमपि तासां, सागरसलिलाद् बहुतरं भवति ।
गलितं रुदतीनां, मातृणामन्यान्यासाम् ॥४८॥

અર્થ : બીજા બીજા ભવોમાં થયેલી અને શોકથી રડતી માતાઓનું પડેલું આંસનું જળ સમુદ્રના પાણીથી પણ અધિક થાય છે.

३ १ २ ५ ६ ४
जं नरए नेरइया, दुहाइ पावंति घोरऽणंताइ ।
७ ८ १० ९ ११
तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥४९॥
यन्नरके नैरयिका, दुःखानि प्राप्नुवन्ति घोराऽनंतानि ।
ततोऽनंतगुणितं, निगोदमध्ये दुःख-म भवति ॥४९॥

અર્થ : નરકમાં નારકી જીવો જે ઘોર અનંત દુઃખ ભોગવે છે, તેથી પણ અનંત ઘણું દુઃખ નિગોદમાં હોય છે.

४ ५ ९ १ २ ३

तंमिविनिगोअमज्झे, वसिओ रे जीव विविह कम्मवसा ।

८ ७ ६

विसहंतो तिक्खदुक्खं, अणंतपुग्गलपरावत्ते ॥५०॥

तस्मिन्नपि निगोदमध्ये, उषितो रे जीव ! कर्मवशात् ।

विषहमाणस्तीक्ष्णदुःखं, अनंतपुद्गलपरावर्तान् ॥५०॥

અર્થ : હે જીવ ! વિવિધ પ્રકારના કર્મના વશથી તે નિગોદની મધ્યે પણ અનંત પુદ્ગલ પરાવર્ત કાળ સુધી તું તીક્ષ્ણ દુઃખને સહન કરતો રહ્યો છે, માટે હવે તેવાં દુઃખો ન ભોગવવા પડે તે માટે વીતરાગ ધર્મ આરાધવાને તત્પર થા.

५ ३ ४ ७ ६ १ २

निहरीअ कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव! ।

८ १० ११ ९

तत्थविजिणवरधम्मो, पत्तोचिंतामणिसरिच्छो ॥५१॥

निःसृत्य कथमपि ततः, प्राप्तो मनिजत्वमपि रे जीव! ।

तत्रापि जिनवरधर्मः, प्राप्तश्चिंतामणिसदृक्षः ॥५१॥

અર્થ : હે જીવ ! તું કોઈ મહા કષ્ટે કરીને પણ તે નિગોદમાંથી નિકળીને મનુષ્યપણું પામ્યો છે, ને તેમાં પણ તને ચિંતામણિ રત્ન સરખો શ્રી જીનેશ્વરભાષિત ધર્મ પ્રાપ્ત થયો છે.

४ ३ १ २ १५ १३ ५ १२ १४

पत्तेवि तंमि रे जीव! कुणसि पमायं तुमं तयं चेव ।

६ ८ ७ ९ १० ११

जेणं भवंधकूवे, पुणोवि पडिओ दुहं लहसि ॥५२॥

प्राप्तेऽपि तस्मिन् रे जीव ! करोषि प्रमादं त्वं तदैव ।

येन भवान्धकूपे, पुनरपि पतितो दुःखं लप्स्यसे ॥५२॥

અર્થ : હે જીવ ! જીનવરનો ધર્મ પામીને પણ જો તું પ્રમાદ કરે છે તો ફરીથી ભવરૂપી અંધ કૂવામાં પડી ઘોર દુઃખ પામીશ. (માટે પ્રમાદનો ત્યાગ કર.)

३ २ ६ ५ ४

उवलद्धो जिणधम्मो, नयअणुचिण्णो पमायदोसेणं ।

७ १ ८ १० ९ ११

हा जीव! अप्पवेरिअ!, सुबहुंपर ओविसूरिहिसि ॥५३॥

उपलब्धो जिनधर्मो, न चाऽनुचीर्णः प्रमाददोषेण ।

हा जीव ! आत्मवैरिक!, सुबहु परतः खेत्स्यसे ॥५३॥

અર્થ : હે જીવ ! તું દૈવયોગથી જીવધર્મ પામ્યો, પરન્તુ પ્રમાદના દોષવડે તેં આચર્યો નહિં, તે ઘણી ખેદની વાત છે, માટે હે આત્માના વૈરી ? તું પરલોકમાં ઘણો જ ખેદ પામીશ.

૧૧ ૬ ૭ ૧૦ ૯ ૮

सोअंति ते वराया, पच्छा समुवट्टियंमि मरणंमि ।

२ ४ ५ १ ३

पावपमायवसेणं, न संचियो जेहि जिणधम्मो ॥५४॥

शोचन्ते ते वराका:, पश्चात् समुपस्थिते मरणे ।

पापप्रमादवशेन, न संचितो यैर्जिनधर्मः ॥५४॥

અર્થ : જેઓએ પાપરૂપ પ્રમાદને વશ થઈને જીન ધર્મ નથી કર્યો તેવા રાંક પુરૂષો મરણ આવ્યે છતે પાછળથી શોક કરે છે.

૧૧ ૧૦ २ ३ १ ४ ५

धीधीधी!!! संसारं, देवो मरिऊण जं तिरी होइ ।

૭ ૬ ૯ ૮

मरिऊण रायराया, परिपच्चइ नरयजालाए ॥५५॥

धिग् धिग् धिक् !!! संसारं, देवो मृत्वा यत्तिर्यग् भवति ।

मृत्वा राजराजः, परिपच्यते नरकज्वालया ॥५५॥

અર્થ : જે કારણ માટે દેવતા મરણ પામીને તિર્યંચ થાય છે, અને રાજાનો પણ રાજા ચક્રવર્તિ મરણ પામીને નરકની જવાલામાં (અગ્નિમાં) અતિશય પકાય છે, માટે તેવા સંસારને ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ !

૮ ૧ ૨ ૬ ૭ ૫

जाइ अणाहो जीवो, दुमस्स पुप्फंव कम्मवायहओ ।

૩ ૪

धणधन्नाहरणाइ, घरसयणकुडुंबमिल्लेवि ।।૫૬।।

यात्यनाथो जीवो, द्रुमस्य पुष्पमिव कर्मवातहतः ।

धनधान्याऽऽभरणानि, गृहस्वजनकुटुम्बं मुक्त्वाऽपि

અર્થ : અનાથ જીવ ધન, ધાન્ય અને આભરણોને તથા ઘર, સ્વજન અને કુટુંબને મૂકીને કર્મરૂપ વાયરાથી હણાયેલા વૃક્ષના પુષ્પની પેઠે દૂર જાય છે, અર્થાત્ નરકાદિ દુર્ગતિમાં જાય છે.

૪ ૩ ૬ ૫ ૮ ૭

वसियं गिरीसु वसियं दरीसु वसियं समुद्दमज्झंमि ।

૧૦ ૯ ૧૧ ૧ ૨

रुक्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ।।૫૭।।

उषितं गिरिषूषित, दरीषूषितं समुद्रमध्ये ।

वृक्षाग्रेषु चोषितं, संसारं संसरता ।।૫૭।।

અર્થ : હે આત્મા ! સંસારમાં ભ્રમણ કરતા તેં પર્વતોમાં, પર્વતની ગુફાઓમાં, સમુદ્રના મધ્યભાગમાં, અને વૃક્ષોની ટોચ ઉપર પણ નિવાસ કર્યો છે. (અર્થાત્ પર્વતાદિ સ્થાનોમાં તે અનંતીવાર નિવાસ કર્યો છે.)

१ २ ३ ४ ५ ६ ७
देवो नेरइओत्ति य, कीड पयंगुत्ति माणुसो एसो ।
८ ९ १० ११ १३ १२
रुवस्सी य विरुवो, सुहभागीदुःक्खभागी य ॥५८॥

देवो नैरयिक इति च, कीटः पतंग इति मानुष एषः ।
रुपी च विरुषः, सुखभागी दुःखभागी च ॥५८॥

અર્થ : આ જીવ કેટલીએક વખત દેવતા, નારકી અને કીડો થયો, કેટલીએક વખત પતંગ થયો અને મનુષ્ય થયો, વળી તેજ તું કેટલીક વખત રૂપવાન, કુરૂપવાન, સુખી અને દુઃખી પણ થયો છે.

३ ४ ५ १ २ ६ ७ ८
राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ ।
९ १० ११ १२ १३ १४
सामीदासोपुज्जो, खलोत्ति अधणो धणवइत्ति ।

राजेत्ति त द्रमक इति च, एष श्वपाक इति एष वेदवित् ।
स्वामी दासः पूज्यः, खल इत्य धनो धनपतिरिति ॥५९॥

અર્થ : વળી આજીવ કેટલીએક વખત રાજા, ભિખારી, ચંડાળ, અને તેજ જીવ વેદનો જાણનાર (બ્રાહ્મણ) થયો, વળી તેજ જીવ સ્વામી, દાસ, પૂજય, ખલ(દુર્જન,) નિર્ધન અને ધનપતિ (ધનવાન) પણ થયો છે.

४ १ २ ३

नवि इत्थ कोवि नियमो,

५

सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।

६

अन्नुनरुववेसो,

८ ९ ७

नडुव्व परिअत्तए जीवो ।।६०।।

नाऽप्यत्र कोऽपि नियमः, स्वकर्मविनिविष्टसदृशकृतचेष्टः ।

अन्योऽन्यरुपवेषो, नट इव परिवर्तते जीवः ।।६०।।

अर्थ : એમાં (જુદા જુદાં દેહ ધારણ કરવામાં) કોઈ પણ નિયમ નથી. કારણ કે સ્વકૃતકર્મના ઉદય સરખી ચેષ્ટા કરવાવાળો અને તેથી જુદા જુદા રૂપ અને વેષને ધારણ કરનારો આ જીવ નટની પેઠે પરાવર્તન પામે છે એટલે નવાં નવાં ધારણ કરે છે (અથવા પર્યટન ભ્રમણ કરે છે).

३ ७ ४ ५

नरएसु वेअणाओ, अणोवमाओ असायबहुलाओ ।

१ २ ९ १० ८ ६

रे जीव! तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ।।६१।।

नरकेषु वेदना, अनुपमा असातबहुलाः ।

रे जीव! त्वया प्राप्ता, अनन्तकृत्वो बहुविधाः ।।६१।।

અર્થ : હે જીવ ! તેં રત્નપ્રભાદિક સાતે નરકોમાં, ઉપમા રહિત, ઘણા દુઃખે કરીને ભરેલી, એટલે તીવ્ર અશાતા વેદનીય કર્મના ઉદયવાળી ઘણા પ્રકારની વેદનાઓ અનંતીવાર ભોગવી, તોપણ હજુ તારી બુદ્ધિ ઠેકાણે આવી નહિ ?

१ २ ३ ४

देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।

६ ५ ७ ८

भीसणदुहं बहुविहं, अणंतखुत्तो समणुभूअं ।।६२।।

देवत्वे मनुजत्वे, पराभियोगत्वमुपगतेन ।

भीषणदुःखं बहुविधं, अनंतकृत्वः समनुभूतम् ।।६२।।

અર્થ : હે જીવ ! દેવભવમાં અને મનુષ્યમાં પરતંત્રતાના પાશમાં સપડાઈ બહુ પ્રકારનું ભયાનક દુઃખ અનંતીમાર અનુભવ્યું.

१ २ ४ ३

तिरियगइं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा ।

५ ६ ७

जम्ममरणऽरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ।।६३।।

तिर्यग्गतिमनुप्राप्तो, भीममहावेदना अनेकविधाः।

जन्ममरणाऽरघट्टे, अनंतकृत्वः परिभ्रान्तः ।।६३।।

અર્થ : હે આત્મ ! તું તિર્યચગતિ પામ્યો, ત્યાં અનેક પ્રકારની ભયંકર મ્હોટી વેદનાઓ સહન કરી. આવી રીતે ચારે ગતિમાં જન્મ અને મરણરૂપ રેંટને વિષે અનંતીમાર ભમ્યો.

६ ७ ८ ३ ५ ४ २

जावंति केवि दुक्खा, सारीरा माणसा य संसारे ।

११ १० १ ९

पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥६४॥

यावन्ति कान्यति दुःखानि, शरीराणि मानसानि च संसारे ।

प्राप्तोऽनंतकृत्वो, जीवः संसारकान्तारे ॥६४॥

अर्थ : જીવે આ સંસારમાં શારીરિક અને મન સંબંધિ જેટલાં કોઈ દુઃખ છે, તે સર્વ દુઃખોને સંસાર રૂપ અટવીમાં ભ્રમણ કરતાં અનંતીવાર પ્રાપ્ત કર્યાં છે.

५ ३ २ ४ १ ६

तण्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।

७ ८ ९ १० ११ १२

जं पसमेउं सव्वो-दहीणमुदयं न तीरिज्जा ॥६५॥

तृष्णानन्तकृत्वः, संसारे ताद्दशी तवासीत् ।

यां प्रशमयितुं सर्वो-दधीनामुदकं न शक्नुयात् ॥६५॥

अर्थ : હે જીવ ! તને નરકરૂપે સંસારમાં અનંતીમાર એવી તૃષાનાં દુઃખ ભોગવવાં પડ્યાં છે કે જે તૃષાને છીપવા માટે સર્વ સમુદ્રોનું પાણી પણ સમર્થ ન થાય.

६ ५ १ २ ४ ३
आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसिया ।
७ ८ ९ १० ११ १२
जं पसमेउं सव्वो, पुग्गलकाओऽवि न तीरिज्जा ॥६६॥

आसीदनन्तकृत्वः, संसारे तव क्षुधाऽपि तादृशिका ।
यां प्रशमयितुं सर्वः, पुद्गलकायोऽपि न शक्नुयात् ॥६६॥

અર્થ : હે જીવ ! તને નરકરૂપ સંસારમાં અનંતીવાર એવી તીવ્ર ક્ષુધાની વેદનાઓ ભોગવતી પડી કે જે ક્ષુધાને શાન્ત કરવાને જગત્‌ના સર્વ પુદ્‌ગલો પણ સમર્થ ન થાય.

५ * ३ ४
काऊण मणेगाइं, जम्ममरणपरियट्टणसयाइं ।
६ ७ १ ९ ८ २
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो ॥६७॥

कृत्वानेकानि, जन्ममरणपरिवर्तनशतानि ।
दुःखेन मानुषत्वं, यदि लभते यथेच्छितं जीवः ॥६७॥

અર્થ : જ્યારે જીવ અનેક સેંકડો જન્મ મરણના પરાવર્તન કરીને ઘણા કષ્ટે મનુષ્યપણું પામે છે ત્યારે તેને ઈચ્છિત સુખની પ્રાપ્તિ થાય છે.

---

* अणंताइ એવો પણ પાઠ છે.

५ २ ४ ३ ६

तं तहदुल्लहंलभं, विजज्जुलयाचंचलं च मणुयत्तं ।

७ १ ८ ९ १० १२ ११

धम्मंमिजोविसीयइ, सोकाउरिसोनसप्पुरिसो ॥६८॥

तत्तथा दुर्लभलाभं, विद्युल्लाताचंचलं च मनुजत्वम् ।

धर्मे यो विषीदति, स कापुरुषो न सत्पुरुषः ॥६८॥

અર્થ : જે પુરુષ આવા દશ દૃષ્ટાંતે કરી દુઃખે પામવા યોગ્ય, અને વીજળીના ઝબકારા જેવું ચંચળ મનુષ્યપણું પામીને ધર્મમાં ખેદ પામે છે, એટલે ધર્મ કરવામાં પ્રમાદ કરે છે તેને કાયર પુરૂષ સમજવો. તે સત્પુરૂષોની પંક્તિમાં ગણાવા લાયક થતો નથી.

(उपजाति वृत्तम्)

३ २ ४

माणुस्सजम्मे तडि लद्धियंमि

५ ६ ७ ९ १

जिणिंदधम्मो न कओ य जेण

१३ १२ १० ११

तुट्टे गुणे जह धाणुक्कएणं,

१५ १६ १७ १४ ८

हत्था मलेव्वा य अवस्स तेणं ॥६९॥

मानुष्यजन्मनि तटे लब्धे,
जिनेन्द्रधर्मो न कृतश्च यने ।
त्रुटिते गुणे यथा धानुष्ककेण,
हस्तौ मेलयितव्यौ च अवश्यं तेन ॥६९॥

अर्थ : જેણે સંસાર સમુદ્રના કાઠારૂપ મનુષ્યજન્મ પ્રાપ્ત કરવા છતાં શ્રી જીનેન્દ્રનો ધર્મ નથી કર્યો, તેને દોરી તૂટી ગયેલા ધનુષ્યધારીની પેઠે પાછળથી અવશ્ય હાથ ઘસવા પડે છે-પશ્ચાત્તાપ કરવો પડે છે.

(पद्धरि वृत्तम्)

१ २ ३ ४
रे जीव ! निसुणि चंचलसहाव,
८ ५ ६
मिल्लेविणु सयलवि बज्झभाव ।
७
नवभेयपरिग्गहविविहजाल,
९ १२ १० ११
संसारि अत्थि सहु इंदयाल ॥७०॥

रे जीव ! निश्रृणु चंचलस्वभावान्,
मुक्त्वाऽपि सकलानपि बाह्यभावान् ।
नवभेदपरिग्रहविविधजालान्,
संसारेऽस्ति सर्वमिन्द्रजालम् ॥७०॥

અર્થ : હે જીવ ! સાંભળ - તું આ ચંચળ સ્વભાવવાળા સર્વ શરીરાદિ બ્રાહ્યભાવને તથા * **નવ પ્રકારના પરિગ્રહના** જુદા જુદા સમૂહને મૂકીને પરલોકમાં જઈશ. એ કારણ માટે સંસારમાં જે શરીરાદિક દેખાય છે, તે સર્વ ઈંદ્રજાળ સમાન છે.

* ધન-ધાન્ય-ક્ષેત્ર-ઘર-સોનું-રૂપું-ત્રાંબુ-પીતળ-દ્વિપદ અને ચતુષ્પદ એ ૯ પ્રકારનો પરિગ્રહ છે.

४
पियपुत्तमित्तघरघरणिजाय,

२ ३ ५
इहलोइय सव्व नियसुहसहाय ।

१२ १३ ९ १० ११ १
नवि अत्थि कोइ तुह सरणि मुक्ख !

७ ८ ६
इक्कल्लु सहसि तिरिनिरयदुक्ख ॥७१॥

पितृपुत्रमित्रगृहगृहणीजातम्,

ऐहलौकिकं सर्व निजसुखसहायम् ।

नाऽप्यस्ति कोपि तव शरणं मूर्ख !,

एकाकी सहिष्यसे तिर्यन्गरकदु:खानि ॥७१

અર્થ : હે મુર્ખ ! આ લોકમાં તને અતિશય વહાલો એવો પિતા-પુત્ર-મિત્ર-ઘર અને સ્ત્રી વિગેરેનો સમૂહ પોતે પોતાનું સુખ કરવાના સ્વભાવવાળો છે, અને નરક તથા તિર્યંચ સંબંધિ દુઃખને તું

એકલોજ સહન કરીશ, પરંતુ તે વખતે તેમાંનું કોઈ પણ ત્હારૂં રક્ષણ કરવા આવતું નથી.

(मागधिका वृत्तम्)

२ १ ४ ५ ६ ३

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।

७ ८ ९ ११ १० १२ १३

एवंमणुआणजीवियं, समयंगोयम ! मापमायए ।।७२।।

कुशाग्रे यथावश्यायाबिन्दुकः, स्तोकं तिष्ठति लंबमानकः ।

एवं मनुजानां जीवितं, समयं गौतम ! मा प्रमादीः ।।७२।।

અર્થ : શ્રી મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહે છે કે હે ગૌતમ ! જેમ ડાભના અગ્રભાગે લટકી રહેલું (ઝુલતું) ઝાકળનું બિંદુ જેમ થોડો કાળ ટકી રહે છે, તેમ મનુષ્યોનું જીવિત (આયુષ્ય) પણ અતિ અલ્પકાળનું છે માટે હે ગૌતમ ! એક સમયમાત્ર પણ પ્રમાદ કરીશ નહિ.

१ २ ३ ४

संबुज्झह किं न बुज्झह,

६ ७ ५ ८

संबोही खलु पेच्च दुल्लहा ।

१२ १० ११ ९

नो हु उवणमंति राइओ,

१६ १५ १४ १३

नो सुलहं पुणरवि जीवियं ॥७३॥

संबुध्यध्वं किं न बुध्यध्वं, संबोधिः खलु प्रेत्य दुर्लभा ।
नैवोपनमन्ति रात्रयो, नो सुलभं पुनरपि जीवितम् ॥७३॥

અર્થ : હે ભવ્ય જીવો ! તમો બોધ પામો, બોધ કેમ પામતા નથી ? કારણ કે જેમણે ધર્મ નથી કર્યો તેવા પુરૂષોને મરણ પામ્યા પછી પરભવમાં બોધિબીજ (સમ્યક્ત્વ) દુર્લભ જ છે, કારણ કે ગયેલા રાત્રિ દિવસો નિશ્ચે પાછા આવતા નથી. તેમજ જીવિત પણ ફરી ફરીને મળતું નથી. હવે સંસારી જીવોને આયુષ્યનું અનિત્યપણું દર્શાવે છે.

५ ६ २ १ २ ४ ३

डहरा बुड्ढा य पासह, गब्भत्थावि चयंति माणवा ।

९ ८ १० ११ १२ १३ १४

सेणे जह वट्टयं हरे, एव माउक्खयंमि तुट्टइ ॥७४॥

बालावृद्धाश्च पश्यत, गर्भस्था अपि च्यवन्ते मानवाः ।
श्येनो यथा वर्त हरति, एवमायुः क्षये त्रुटयति ॥७४॥

અર્થ : હે પ્રાણીઓ જુઓ ! કેટલાક મનુષ્યો ગર્ભમાં પણ મરણ પામે છે, અને કેટલાએક બાલ્યાવસ્થામાં અને કેટલાએક વૃદ્ધાવસ્થામાં મરણ પામે છે, જેમ બાજપક્ષી તેતરને ઓચિંતો ઝાલી

લેછે તેમ આયુષ્ય ક્ષય થતાં યમદેવ જીવિતને હરેછે, માટે જીવિતનો વિશ્વાસ રાખવો નહિ.

(आर्या वृत्तम्)

२ ३ ४ ७ १ ६ ५

तिहुयणजणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं ।

१० ९ ८ १३ ११ ११

विरमंति न पावाओ, धी! धी! धिट्ठत्तणं ताणं ॥७५॥

त्रिभुवनजनं भ्रियमाणं, दृष्ट्रा नयन्ति ये नात्मानम् ।
विरमन्ति न पापद्, धिग् धिग् धृष्टत्वं तेषाम् ॥७५॥

અર્થ : જે પુરૂષો ત્રણ ભુવનના મનુષ્યને મરણ પામતા દેખીને પોતાના આત્માને ધર્મમાં જોડતા નથી, અને પાપ થકી વિરામ પામતા નથી, એવા નિર્લજ્જ પુરૂષોની ધૃષ્ટતાને ધિક્કાર હો! ધિક્કાર હો!

६ ७ ५ १ ४ २ ३

मामा जंपय बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।

९ ८ १२ १० ११

सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥७६॥

मा मा जल्पत बहुकं, ये बद्धाश्चिक्कणैः कर्मभिः ।
सर्वेषां तेषां जायते, हितोपदेशो महाद्वेषः ॥७६॥

અર્થ : અયોગ્ય શિષ્યોને કૃપાથી ઉપદેશ કરતા જોઈ યોગ્ય શિષ્યો ગુરૂને કહે છે કે હે ગુરૂ ! જે પુરૂષો ચીકણાં કર્મોવડે બંધાયલા છે, તે પુરૂષોને ઘણો ઉપદેશ ન કરો, કારણ કે તે સર્વ અયોગ્ય

શિષ્યોને હિતોપદેશ કેવળ મહાદ્વેષની જ વૃદ્ધિ કરે છે.

४ ३ २ १

कुणसि ममत्तं, धणसयणविहवपमुहेसु अणंतदुक्खेसु ।

९ ८ ५ ६ ७

सिढिलेसिआयरंपुण, अणंतसुक्खमिमुक्खंमि ॥७७॥

करोषि ममत्वं, धनस्वजनविभवप्रमुखेष्वनंतदुःखेषु ।

शिथिलयस्यादरं, पुनरनन्तसौख्ये मोक्षे ॥७७॥

અર્થ : હે જીવ ! અનંત દુઃખના કારણરૂપ ધન, માતાપિતાદિ સ્વજન, અને હાથીઘોડા પ્રમુખ વૈભવમાં તો તું મમતાભાવ કરે છે, અને અનંત સુખવાળા મોક્ષના આદરને શિથિલ કરે છે. (તે ઉચિત નથી.)

१ २ ३ ५ ४

संसारो दुहहेउ, दुक्खफलो दुसहदुक्खरूवो य ।

१० ११ ९ ८ ७ ६

न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥७८॥

संसारो दुःखहेतु, र्दुःखफलो दुस्सहदुःरूपश्च ।

न त्यजन्ति तमपि जीवा, अतिबद्धा स्नेहनिगडैः ॥७८॥

અર્થ : હે જીવ ! આ સંસાર દુઃખનું કારણ અને દુઃખના ફળવાળો છે, અને તે દુઃસહ ઘોર દુઃખરૂપ છે, તેમાં સ્નેહરૂપ બેડીઓ વડે અતિશય બંધાયલા જીવો તે સંસારનો ત્યાગ કરતા નથી. (અર્થાત્ સંસારને દુઃખરૂપ જાણવા છતાં પણ તેનો ત્યાગ કરતા નથી.)

१ २ ४ ३

नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।

६ ७ ८ ९ १० ५

का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ! ॥७९॥

निजकर्मपवनचलितो, जीवः संसारकानने घोरे ।

काः का विडंबना, न प्राप्नोति दुस्सहदुःखाः ॥७९॥

અર્થ : પોતાના કરેલા કર્મરૂપ પવનવડે ચલાયમાન થયેલો જીવ આ ભયંકર સંસાર રૂપ અટવીમાં દુ:સહ (સહન ન થઈ શકે તેવી આકરી) દુ:ખવાળી કઈ કઈ વિટંબનાઓ પામતો નથી? અર્થાત્ સર્વ વિટંબનાઓ પામે છે.

३ ४

सिसिरंमि सियलानिल -

५

लहरिसहस्सेहि भिन्नघणादेहो ।

१ २

तिरियत्तणंमि ऽरण्णे,

६ ७ ८

अणंतसो निहण मणुपत्तो ॥८०॥

शिशिरे शीतलाऽनिल, लहरिसहस्त्रौर्भिन्नधनदेहः ।

तिर्यक्त्वेऽरण्ये, अनन्तशो निघनमनुप्राप्तः ॥८०॥

અર્થ : હે જીવ ! તિર્યંચના ભવમાં અરણ્યને વિષે શિશિર ઋતુના પોષ અને માઘ માસના શીતળ વાયુની હજારો લ્હેરોવડે પીડાયેલા શરીરવાળો તું અનંતીવાર મરણ-દુઃખ પામ્યો છે.

૩ ૨ ૫ ૬ ૪
गिम्हायवसंतत्तो, ऽरण्णेछुहिओ पुवासिओ बहुसो ।
१० १ ९ ७ ८
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरंतो ॥८१॥

ग्रीष्मातपसंतप्तो, ऽरण्ये क्षुधितः पिपासितो बहुशः ।
संप्राप्तस्तिर्यग्भवे, मरणदुःखं बहु खिद्यमानः ॥८१॥

અર્થ : હે જીવ ! તિર્યંચના ભવમાં ઘોર જંગલને વિષે ગ્રીષ્મ ઋતુના (વૈશાખ અને જેઠ માસના) તડકાવડે અત્યંત તપેલો, અને ઘણી ક્ષુધા તથા તૃષાવાળો તું ઘણો જ ખેદ પામતો અનેક વખત મરણને શરણ થયો છે.

३ २
वासासु ऽरण्णमज्झे,
४ ५
गिरिनिज्झरणोदगेहि वज्जंतो ।
६
सीयाऽनिलडज्जविओ,
८ १ ७
मओऽसि तिरियत्तणे बहुसो ॥८२॥

वर्षास्वरण्यमध्ये, गिरिनिर्झरणोद कैरुह्यमानः ।
शीताऽनिलदग्धो, मृतोऽसितिर्यक्त्वे बहुशः ॥८२॥

અર્થ : હે જીવ ! તિર્યંચના ભવમાં અટવીને વિષે વર્ષાઋતુમાં પર્વતોના ઝરણાના પાણીથી તણાતો અને શીતળ વાયુથી દાઝેલો તું ઘણીવાર મૃત્યુ પામ્યો છે.

१ २ ४ ३
एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।
८ ७ ५ ६
वसियो अणंतखुत्तो, जीवो भीसणभवारण्णे ॥८३॥

एवं तिर्यग्भवेषु, क्लिशयमानो दुःखशतसहस्रैः ।
उषितोऽनंतकृत्वो, जीवो भीषणभवाऽरण्ये ॥८३॥

અર્થ : એ પ્રમાણે તિર્યંચના ભવોમાં અસહ્ય લાખો દુઃખોવડે કલેશ પામેલો આ જીવ ભયંકર સંસારરૂપ અટવીમાં અનંતીવાર નિવાસ કરી આવ્યો છે.

२ ३ ४
दुट्ठट्ठकम्मपलया-निलपेरिओ भीसणंमि भवरण्णे ।
५ ६ ७ १ ८
हिंडंतो नरएसुवि, अणंतसो जीव! पत्तोऽसि ॥८४॥

दुष्टाऽष्टकर्मप्रलया, ऽनिलप्रेरितो भीषणे भवारण्ये ।
हिण्डमानो नरकेष्वपि, अनंतशो जीव! प्राप्तोऽसि ॥८४॥

અર્થ : હે જીવ ! પ્રલયકાળના પવન જેવા દુષ્ટ એવા આઠ કર્મોએ ભમાવ્યાથી ભયંકર સંસારરૂપ અટવીમાં ભટકતાં ભટકતાં તું નરકમાં પણ પૂર્વે કહેલાં દુઃખ અનંતીવાર પામ્યો છે.

૨ ૩ ૧

सत्तसु नरयमहीसु, वज्जानलदाहसीयवियणासु ।

૭ ૬ ૫ ૪

वसियो अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ॥૮૫॥

सप्तसु नरकमहीषु, वज्रानलदाहशीतवेदनासु ।

उषितोनन्तकृत्वो, विलपन् करुणशब्दैः ॥૮૫॥

અર્થ : હે આત્મન્ ! તું વજ્રના અગ્નિ સરખી દાહવાળી, અને ઘણી જ શીતની વેદનાવાળી સાતે નારકીઓમાં કરૂણાજનક શબ્દોવડે વિલાપ કરતો અનંતીવાર વસ્યો છે.

૩

पियमायसयणरहिओ,

૪ ૬ ૫

दुरंतवाहिहिं पीडिओ बहुसो ।

૨ ૧

मणुअभवे निस्सारे,

૭ ૯ ૧૦ ૮ ૧૧

विलाविओ किं न तं सरसि ॥૮૬॥

पितृ मातृ स्वजनरहितो, दुरन्तव्याधिभिः पीडितो बहुशः ।
मनुजभवे निस्सारे, विलापितः किं न तं स्मरसि? ॥८६॥

અર્થ : હે ચેતન ! આ સાર રહિત એવા મનુષ્યભવમાં પિતા માતા અને સ્વજન રહિત, તથા દુઃખે કરીને અંત આવી શકે એવા વ્યાધિયોવડે અનેકવાર પીડા પામી તેં બહુ વિલાપ કર્યો, તે મનુષ્યભવ શું તને સ્મરણમાં નથી આવતો?

७ ६
पवणुव्व गयणमग्गे,
८ ९ २ १
अलक्खिओ भमइ भववणे जीवो ।
३ ५
ठाणट्ठाणंमि समु, -
४
ज्झिऊण घणसयणसंघाए ॥८७॥

पवनइन गगनमार्गे, अलक्षितो भ्रमति भववने जीवः ।
स्थानस्थाने समुज्झय, धनस्वजनसंघातान् ॥८७॥

અર્થ : હે આત્મન્ ! આ જીવ સંસારરૂપ અટવીમાં ઠેકાણે ઠેકાણે ધન તથા સ્વજનના સમૂહને ત્યાગ કરી આકાશ માર્ગમાં પવનની પેઠે અદૃશ્યરૂપે ભ્રમણ કરે છે.

६ ५ ४

विद्धिज्जंता असयं, जम्मजरामरणतिक्खकुंतेहिं ।

८ ९ ७ १ २ ३

दुह मणुभवंति घोरं, संसारे संसरंत जिआ ।।८८।।

विध्यमाना असकृ, ज्जन्मजरामरणतीक्ष्णकुन्तैः ।

दुःखमनुभवंति घोरं, संसारे संसरन्त जीवाः ।।८८।।

અર્થ : ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતા જીવો જન્મ જરા અને મરણરૂપ તીક્ષ્ણ ભાલાઓવડે વારંવાર વિંધાઈ નિરંતર ઘોર દુઃખ અનુભવે છે.

१ ८ ५ ६ ३ ४

तहवि खणंपिकयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा ।

७ १० ९ २

संसारचारगाओ, नयउव्विज्जंतिमूढमणा ।।८९।।

तथापि क्षणमपि कदापि खलु, अज्ञानभुजंगदष्टा जीवाः ।

संसारचारका - न्नचोद्विजन्ते मूढमनसः ।।८९।।

અર્થ : તોપણ મૂઢ મનના અને અજ્ઞાન રૂપ સર્પે ડસેલા જીવો કોઈ વખત પણ સંસારરૂપ બંદિખાનાથી ક્ષણ પણ ઉદ્વેગ પામતા નથી.

८ ७ १ ६ २

कीलसि! कियंतवेलं, सरीरवावीइ जत्थ पइसमयं ।

३ ५ ४

कालरहट्टघडीहिं, सोसिज्जइ जीवियंभोहं ॥९०॥

क्रीडिष्यसि ! कियद्वेलां, शरीरवाप्यां यत्र प्रतिसमयम् ।

कालाऽरघट्टघटीभिः शोष्यते जीविताऽम्मओघः ॥९०॥

અર્થ : હે જીવ ! જે શરીર રૂપી વાવમાં સમયે સમયે કાળ રૂપ રેંટની ઘડીઓ વડે જીવિત રૂપી જળનો પ્રવાહ શોષાઈ જાય છે તે શરીર રૂપી વાવમાં તું કેટલા કાળ સુધી ક્રીડા કરીશ?

१ २ ३ ४ ५ ९ ८ १० ६ ७

रे जीव! बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव ! ।

१४ १२ १३ १५ ११

किं परलोए गुरुदुक्खभायणं, होहिसि अयाण! ॥९१॥

रे जीव ! बुध्यस्व मा मुह्य, मा प्रमादं कुरु रे पाप !।

यत्परलोके गुरुदुःख, भाजनं भविष्यसि अज्ञान ! ॥९१॥

અર્થ : હે જીવ ! બોધ પામ, મોહ ન પામ. વળી રે પાપી ! પ્રમાદ ન કર. હે અજ્ઞાની, પ્રમાદ કરીશ તો પરલોકમાં ઘોર અસહ્ય દુઃખો તારે જ ભોગવવાં પડશે.

૪ ૧ ૨ ૩ ૭ ૮ ૫ ૬
बुज्झसु रे जीव ! तुमं मा मुज्झसु जिणमयंमि नाऊणं ।
૯ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૦
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ! ॥९२॥

बुध्यस्व रे जीव ! त्वं, मा मुह्य जिनमते ज्ञात्वा ।
यस्मात् पुनरप्येषा, सामग्री दुर्लभा जीव ! ॥९२॥

અર્થ : હે જીવ ! તું બોધ પામ અને જૈન ધર્મનો જાણકાર થયા છતાં સંસારમાં મોહ ન પામ, (પણ ધર્મમાં બોધ પામ એટલે સમ્યક્ પ્રકારે જીનધર્મ અંગીકાર કર.) કારણ કે હે જીવ ! ફરીને આ ધર્મસામગ્રી મળવી મહા દુર્લભ છે, માટે આવેલો અવસર ન જવા દે.

૩ ૨ ૧ ૪ ૫ ૭ ૬
दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ।
૧૦ ૮ ૯ ૧૪ ૧૫ ૧૧ ૧૨ ૧૩
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥९३॥

दुर्लभः पुर्जिनधर्मः, त्वं प्रमादाकरः सुखैषी च ।
दुस्सहं च नरकदुःखं, कथं भविष्यसि तन्न जानीमः ॥९३॥

અર્થ : હે જીવ ! આ પ્રાપ્ત થયેલો જૈન ધર્મ ફરીથી પામવો મહા દુર્લભ છે, તું પ્રમાદની ખાણ છે છતાં સુખની ઈચ્છા કરે છે. વળી નરકનાં દુઃખ અતિ દુઃસહ (આકરાં) છે, માટે અમે નથી જાણતા કે ત્હારૂં શું થશે.

१ ५ २ ६ ३ ७

अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।

४ ८ १० ९ ११ १२ १३ १४

देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ? ॥९४॥

अस्थिरेण स्थिरः समलेन, निर्मलः परवशेन स्वाधीनः ।

देहेन पद्यर्ज्यते; धर्मस्तदा किं न पर्याप्तम् ॥९४॥

અર્થ : હે પ્રાણી ! અસ્થિર મળ સહિત અને પરાધિન એવા આ અસાર દેહવડે સ્થિર નિર્મળ અને સ્વાધીન એવો જે ધર્મ ઉપાર્જન થઈ શકે છે તો તને શું પ્રાપ્ત નથી થયું ? અર્થાત્ સર્વકાંઈ પ્રાપ્ત થયું છે.

२ ३ ४ ५ ६ १

जह चिंतामणिरयणं, सुलहं नहु होइ तुच्छविहवाणं ।

८ ९ ७ १०

गुणविहववज्जियाणं, जियाण तह धम्मरयणंपि ॥९५॥

यथा चिंतामणिरत्नं, सुलभं न खलु भवति तुच्छविभवानाम् ॥

गुणविभववार्जितानां, जीवानां तथा धर्मरत्नमपि ॥९५॥

અર્થ : હે જીવ ! અલ્પ વૈભવ વાળા મનુષ્યોને જેમ ચિંતામણિ રત્ન સુલભ ન જ હોય તેમ ગુણ રૂપ વૈભવ વડે રહિત એવા જીવોને ધર્મરત્ન પણ સુલભ ન જ હોય,

૧ ૪ ૫ ૬ ૨ ૩

जह दिट्ठीसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।

૭ ૯ ૧૦ ૧૧ ૮

तहजिणमयसंजोगो, नहोइमिच्छंधजीवाणं ॥૯૬॥

यथा दृष्टिसंयोगो, न भवति जात्यंधानां जीवानाम् ।

तथा जिनमतसंयोगो, न भवति मिथ्याऽन्धजीवानाम् ॥૯૬॥

અર્થ : જેમ જન્મથી જ આંધળા જીવોને દષ્ટિનો સંયોગ (એટલે આંખવડે દેખવું) ન હોય તેમ મિથ્યાત્વે કરીને અંધ થયેલા જીવોને જીનમતનો સંયોગ પણ ન હોય.

૨ ૩ ૧ ૫ ૪

पच्चक्ख मणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसोवि ।

૬ ૭ ૧૧ ૧૨ ૧૦ ૯ ૮

तहविहुअन्नाणंधा, नरमंतिकयावितंमिजिया ॥૯૭॥

प्रत्यक्षमनंतगुणे, जिनेन्द्रधर्मे न दोषलेशोपि ।

तथापि खल्वज्ञानान्धा, न रमन्ते कदापि तस्मिन् जीवाः ॥૯૭॥

અર્થ : શ્રી જીનેંદ્રભાષિત ધર્મને વિષે પ્રત્યક્ષ અનંત ગુણો રહેલા છે, અને દોષ તો લેશમાત્ર પણ નથી. તેમ છતાં પણ અજ્ઞાને કરીને આંધળા થયેલા જીવો તે જીનેન્દ્રપ્રરૂપિત ધર્મમાં કદી પણ રમણ કરતા નથી અર્થાત્ જોડાતા નથી.

१ ३ २ ४ ७ ५ ६

मिच्छे अणंतदोसा, पयडा दीसंति नवि य गुणलेसो ।

८ ११ १२ १० १४ ९ १३

तहविय तं चेव जिया, ही मोहंधा निसेवंति ।।९८।।

मिथ्यात्वेनन्तदोषाः, प्रकटा दृश्यन्ते नापि च गुणलेशः ।

तथापि च तदेव जीवा, ही ! मोहान्धा निषेवन्ते ।।९८।।

અર્થ : મિથ્યાત્વમાં પ્રગટ રીતે અનંત દોષ દેખાય છે, અને તેમાં ગુણનો લવલેશ પણ નથી, તેમ છતાં પણ મોહ વડે અંધ થયેલા જીવો તે મિથ્યાત્વને જ સેવે છે, એ ઘણું ખેદજનક લાગે છે !

१२ ६ ७ ८ ९ १० ११

धिद्धी ताण नराणं, विन्नाणे तह गुणेसु कुसलत्तं ।

२ ३ १ ४ ५

सुहसच्चधम्मरयणे, सुपरिक्खं जे न जाणंति ।।९९।।

धिग् धिक् तेषां नराणां, विज्ञाने तथा गुणेषु कुशलत्वम् ।

शुभसत्यधर्मरत्ने, सुपरीक्षां ये न जानन्ति ।।९९।।

અર્થ : જે પુરૂષો સુખકારી અને સત્ય એવા ધર્મરૂપ રત્નની પરીક્ષા સારી રીતે જાણતા નથી તે પુરૂષોના વિજ્ઞાન અને ગુણના કૌશલ્યને ધિક્કાર હો ! ધિક્કાર હો !

(अनुटुप् वृत्तम्)

२ १ ३ ४ ५

जिणधम्मो ऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।

७ ८ ९ ६

सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥१००॥

जिनधर्मोऽयं जीवानामपूर्वः कल्पपादपः ।

स्वर्गाऽपवर्गसौख्यानां, फलानां दायकोऽयम् ॥१००॥

अर्थ : આ જૈનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ છે. કેમકે એ જૈનધર્મ રૂપી કલ્પવૃક્ષ સ્વર્ગ અને અપવર્ગના (મોક્ષના) સુખરૂપ ફળને આપનારૂં છે.

१ २ ४ ३ ६ ५ ७ ८

धम्मो बंधु सुमित्तो य, धम्मो य परमो गुरु ।

१० ९ ११

मुक्खमग्गपयट्टाणं, धम्मो परमसंदणो ॥१०१॥

धर्मो बन्धुः सुमित्रं च, धर्मश्च परमो गुरुः ।

मोक्षमार्गे प्रवृत्तानां, धर्मः परमस्यंदनः ॥१०१॥

अर्थ : હે જીવ ! આ દુનિયામાં ધર્મ, બંધુ, ઉત્તમ મિત્ર અને શ્રેષ્ટ ગુરૂ સમાન છે. વળી ધર્મ તે મોક્ષ માર્ગમાં પ્રવર્તતા પુરૂષોને ઉત્તમ રથ સમાન છે.

(आर्या वृत्तम्)

२ १

चउगइणंतदुहानल-पलित्तभवकाणणे महाभीमे ।

८ ३ ४ ५ ७ ६

सेवसुरेजीव! तुमं, जिणवयणंअमियकुंडसमं ॥१०२॥

चतुर्गत्यनन्तदुःखानल-प्रदीप्तभवकानने महाभीमे ।

सेवस्य रे जीव ! त्वं, जिनवचनममृतकुण्डसमम् ॥१०२॥

अर्थ : ચાર ગતિમાં રહેલા અનંત દુઃખરૂપ મ્હોટા અગ્નિથી સળગેલા એવા સંસારરૂપ મહાભયંકર વનમાં હે જીવ ! તું અમૃતના કુંડ સમાન જીનરાજના વચનનું સેવન કર.

२ ४

विसमे भवमरुदेसे,

३

अणंतदुहगिम्हतावसंतत्ते ।

६

जिणधम्मकप्परुक्खं

८ ७ १ ५

सरसु तुमं जीव ! सिवसुहदं ॥१०३॥

विषमे भवमरुदेशे, अनन्तदुःखग्रीष्मतापसंतप्ते ।

जिनधर्मकल्पवृक्षं, सर त्वं जीव ! शिवसुखदम् ॥१०३॥

અર્થ : હે જીવ ! વિષમ અને અનંત દુઃખરૂપ ગ્રીષ્મ ઋતુના તાપથી ઘણા જ તપેલા સંસારરૂપી મારવાડ દેશમાં મોક્ષસુખને આપનારા જૈનધર્મરૂપ કલ્પવૃક્ષનો તું આશ્રય કર.

૧ ૨ ૩ ૪ ૫ ૮ ૭

किं बहुणा ? जिणधम्मे, जइयव्वं जह भवोदहिं घोरं ।

૯ ૧૦ ૧૧ ૧૪ ૬ ૧૨ ૧૩

लहुतरियमणंतसुहं, लहइजिओसासयंठाणं ॥१०४॥

किं बहुना ? जिनधर्मे, यतितव्यं यथा भवोदधिं घोरम् ।

लघु तीर्त्वानन्तसुखं, लभते जीवः शाश्वतं स्थानम् ॥१०४॥

અર્થ : હે ભવ્ય પ્રાણી ! ઘણું કહેવાથી શું ? જૈનધર્મમાં તેવા પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ જેથી ભયાનક એવા સંસારરૂપ સમુદ્રને શીઘ્ર તરીને આ જીવ અનંત સુખવાળા શાશ્વત સ્થાને (મોક્ષને) પામે.

॥ मूळान्वयं, संस्कृतच्छाया अने भाषान्तरयुक्त

वैराग्यशतक समाप्त ॥

ॐ

॥ इन्द्रियपराजयशतकम् ॥

(મૂળાન્વય, સંસ્કૃત છાયા અને ભાષાન્તરયુક્ત)

卐 卐 卐 卐 卐

१ २ ३ ४ ५ ६ ७ ८ ९

सु च्चिय सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं

१२ १३ १४ १५ १० ११

इंदियचोरेहिं सया, न लुंटिअं जस्स चरणधणं ॥१॥

स एव शूरः स चैव, पंडित स्तं प्रशंसामो नित्यम् ।
इन्द्रियचौरैः सदा, न लुंटितं यस्य चरणधनम् ॥१॥

અર્થ : તે જ નિશ્ચય શૂરવીર છે, તે જ નિશ્ચય પંડિત છે, અને તેની જ અમે નિત્ય પ્રશંસા કરીએ છીએ કે જેનું ચારિત્ર રૂપી ધન ઈન્દ્રિય રૂપી ચોરોએ નિરંતર લૂંટયું નથી.

१ ३ २

इंदियचवलतुरंगो, दुग्गइमग्गाणुधावि रे निच्चं ।

४ ६ ५

भावीअभवस्सरुवो, रुंभइ जिणवयणरस्सीहिं ॥२॥

इन्द्रियचपलतुरंगो, दुर्गतिमार्गानुधावी रे नित्यम् ।
भावितभवस्वरुपो, रुध्यते जिनवचनरश्मिभिः ॥२॥

અર્થ : ઈન્દ્રિયો રૂપી ચપળ ઘોડો નિત્ય દુર્ગતિના માર્ગમાં દોડી રહ્યો છે, તેને, સંસારનું સ્વરૂપ જેણે જાણેલું છે એવો જીવ જીનેશ્વરના વચનરૂપી રાશોથી રોકી શકે છે.

२ १ ३ ६ ५ ४
इंदियधुत्ताणमहो, तिलतुसमित्तंपि देसु मा पसरं ।
७ ८ ९ १३ १० ११ १२
जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरसकोडिसमो ॥३॥

इन्द्रियधूर्तेभ्य अहो, तिलतुषमात्रमपि दत्स्व मा प्रसरम् ।
यदि दत्तस्ततो नीतो, यत्र क्षणो वर्षकोटिसमः ॥३॥

અર્થ : હે જીવ! ઈન્દ્રિયો રૂપી ધુતારાઓને તલના ફોતરા જેટલી જગ્યામાં પણ ફેલાવા દઈશ નહિ, અને જો તે ધુતારાઓને ફેલાવા દીધા તો નિશ્ચય જ્યાં એક ક્ષણ (ઘડીનો છઠ્ઠો ભાગ) તે પણ કરોડો વર્ષ સમાન થાય તેવાં દુઃખને પમાડશે.

३ ४ २ १ ६ ५
अजिइंदिएहिं चरणं कट्ठंव घुणेहि किरइ असारं ।
७ ८ १० ११ ९
तो धम्मत्थीहि दढं, जइयव्वं इंदियजयंमि ॥४॥

अजितेन्द्रियैश्चरणं, काष्ठवत्घुणैः क्रियतेऽसारम् ।
तद्धर्मार्थिभिर्दढं, यतितव्यमिन्द्रियजये ॥४॥

અર્થ : ઘુણ (લાકડામાં ઉત્પન્ન થયેલા કીડા)જેમ કાષ્ટને અંદરથી કોતરીને અસાર (નકામું) કરી દે છે તેમ ઈન્દ્રિયોને ન જીતનારા

મનુષ્યો ચારિત્રને અસાર (નિષ્ફળ) કરે છે. માટે ધર્માર્થી જીવોએ ઈન્દ્રિયોને જીતવામાં દૃઢ ઉદ્યમ કરવો.

१ ३ ५ ४ ६ २

जह कागिणीइहेउं, कोडिं रयणाण हारए कोइ ।

७ ८ ९ ११ १०

तह तुच्छविषयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥५॥

यथा काकिणीहेतुः कोटिं रत्नानां हारयेत् कश्चित् ।

तथा तुच्छविषयगृद्धा, जीवा हारयन्ति सिद्धिसुखम् ॥५॥

અર્થ : જેમ કોઈ મૂર્ખ પુરૂષ એક કાકિણી (રૂપિયાનો ૮૦ મો ભાગ કાકિણી કહેવાય છે.) માટે કરોડો રત્નો હારી જાય છે, તેમ અતિતુચ્છ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત થયેલા જીવો મોક્ષ સુખને હારી જાય છે.

२ १ ४ ३ ५

तिलमित्तं विषयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं ।

६ ७ ८ ९ १० ११ १२

भवकोडीहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥६॥

तिलमात्रं विषयसुखं, दुःखं च गिरिराजश्रृंगतुंगतरम् ।

भवकोटिभिर्न निष्ठति, यज्जानीहि तत्कुर्याः ॥६॥

અર્થ : ઈન્દ્રિયોના વિષયનું સુખ તો એક તલ માત્ર (અતિ અલ્પ) છે, અને દુઃખ તો મેરૂ પર્વતના શિખરથી પણ મ્હોટું છે, વળી તે દુઃખ કરોડો ભવે પણ ખાલી થતું નથી. માટે હે જીવ ! ઈન્દ્રિયોના

વિષયનું આવું મહા દુઃખ જાણીને તું જેમ જાણે તેમ કર, અર્થાત્ તને ઉચિત લાગે તે કર.

१ २ ३ ४ ५
भुंजंता महुरा विवागविरसा, किंपागतुल्ला इमे,
६ ७ १० ९ ८
कच्छूकंडुअणंव दुक्खजणया, दाविंति बुद्धिं सुहे ।
११ १२ १३ १४
मज्झन्हेमयतिन्हिअव्वसययं, मिच्छाभिसंधिप्पया,
१५ १७ १६ १८ १९
भुत्तादिंतिकुजम्मजोणिगहणं, भोगामहावेरिणो ॥७॥

भुज्यमाना मधुरा विपाकविरसाः, किंपाकतुल्या इमे,
कच्छूकंडूयनं च दुःखजनका, दापयन्ति बुद्धिं सुखे ।
मध्यान्हे मृगतृष्णिकेव सततं, मिथ्याऽभिसंधिप्रदाः ।
भुक्ता ददन्ति कुजन्मयोनि गहनं, भोगा महावैरिणः ॥७॥

અર્થ : ભોગવતી વખતે મધુર અને પરિણામે દુઃખદાયી એવા કિંપાકફળ સરખા આ વિષયો ખરજની માફક અનંત દુઃખ ઉત્પન્ન કરનાર છે, એટલે જે ખરજને ખંજવાળતાં તો ઘણું સુખ ઉપજે છે પણ જ્યારે નખના ઝેરથી તે ખરજમાંથી મોટાં ચાંદા અને ગુંમડાં વગેરે થાય છે ત્યારે મહાવેદના થાય છે. છતાં પણ સુખમાં બુદ્ધિ ઉપજાવે છે એટલે ખરજ ખણતો જીવ મનમાં સુખ માને છે. વળી ઉન્હાળાના તાપથી મધ્યાન્હ સમયે મૃગતૃષ્ણા (ઝાંઝવાં-મૃગજળ)

ની પેઠે મિથ્યા અભિપ્રાયને આપનારા એટલે ખોટી બુદ્ધિ ધારણ કરાવનારા એ વિષયભોગો ભોગવ્યા છતા દુર્ગતિરૂપ અટવીમાં ભમાડે છે, માટે વિષય ભોગો તે મહા શત્રુ સમાન છે.

(अनुष्टुप् वृत्तम्)

६ ३ ५ ४ २ १

सक्को अग्गि निवारेउं, वारिणा जलिओवि हु ।

८ ७ ९

सव्वोदहिजलेणावि, कामग्गि दुनिवारओ ॥८॥

शक्योऽग्नि र्निवारयितुं, वारिणा ज्वलितोऽपि हु ।

सर्वोदधिजलेनाऽपि, कामाग्निर्दुर्निवायः ॥८॥

अर्थ : ખરેખર ! બળતો એવો અગ્નિ પાણીવડે નિવારણ કરવા યોગ્ય છે એટલે થોડા જળવડે પણ બુઝાવી શકાય છે, પરન્તુ કામરૂપી અગ્નિતો સર્વ સમુદ્રોના જળવડે કરીને પણ બુઝાવી શકાતો નથી.

(आर्यावृत्तम्)

१ २ ३ ४ ५

विसमिवमुहंमिमहुरा, परिणामनिकामदारुणाविसया ।

७ ६ ८ १० ११ १३ ९ १२

काल मणंतं भुत्ता, अज्जवि मुत्तं न किं जुत्ता ॥९॥

विषमिव मुखे मधुराः, परिणामनिकामदारुणा विषयाः ।

कालमनन्तं भुक्ता, अद्याऽपि मोक्तुं न किं युक्ताः ? ॥९॥

અર્થ : વિષની પેઠે પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત ભયંકર એવા વિષયો અનંતકાળ સુધી ભોગવ્યા તો પણ હવે શું તે વિષયો છોડવા યોગ્ય નથી? અર્થાત્ શીઘ્ર ત્યાગ કરવા યોગ્ય છે.

१ ३ ४ ५ २

विसयरसासवमत्तो, जुत्ताजुत्तं न याणई जीवो ।

११ १० ६ ९ ८ ७

झूरइ कलुणं पच्छा, पत्तो नरयं महाघोरं ।।१०।।

विषयरसासवमत्तो, युक्ताऽयुक्तं न जानाति जीवः ।

झुरति करुणं पश्चात्, प्राप्तो नरकं महाघोरम् ।।१०।।

અર્થ : વિષયરસરૂપ મદિરાવડે મદોન્મત્ત થયેલો જીવ યુક્ત કે અયુક્ત (ઉચિત કે અનુચિત) કંઈપણ જાણતો નથી અને પાછળથી જ્યારે મહાઘોર નરકમાં જાય છે ત્યારે દીનપણે ઝુરે છે.

१ २ ३ ४ ६ ५

जह निंबदुमुप्पन्नो, कीडो कडुअंपि मन्नए महुरं ।

७ ८ ९ १० ११

तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ।।११।।

यथा निम्बद्रुमोत्पन्न-कीटः कटुक मपि मन्यते मधुरम् ।

तथा सिद्धिसुखपरोक्षाः संसारदुःखं सुखं विदन्ति ।।११।।

અર્થ : જેમ લીંબડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલો કીડો લીંબડાની કડવાશને પણ મીઠી માને છે, તેમ મોક્ષસુખથી પરોક્ષ એટલે વિમુખ રહેલા જીવો સંસારના દુઃખને સુખરૂપ જાણે છે.

१ ३ २ ४ ५

अथिराण चंचलाण य, खणमित्तसुहंकराण पावाणं ।

६ ९ ७ ८

दुग्गइनिबंधणाणं, विरमसु एआण भोगाणं ॥१२॥

अस्थिरेभ्यश्चश्चलेभ्यश्च, क्षणमात्रसुखकरेभ्यः पापेभ्यः

दुर्गतिनिबन्धनेभ्यो, विरमस्वैतेभ्यो भोगेभ्यः ॥१२॥

અર્થ : હે આત્મા ! અસ્થિર અને ચંચલ, તેમજ ક્ષણમાત્ર સુખ કરનારા પાપિષ્ટ અને દુર્ગતિના કારણરૂપ એવા આ વિષયભોગોથી તું વિરામ પામ. અર્થાત્ ત્યાગ કર.

७ १ ६ २ ३ ४ ५

पत्ता य कामभोगा, सुरेसु असुरेसु तहय मणुएसु ।

१३ ११ ८ १२ १० ९

नय तुज्झ जीव तित्ती, जलणस्सव कट्ठनियरेण ॥१३॥

प्राप्ताश्च कामभोगाः सुरेष्वसुरेषु तथा च मनुजेषु ।

न च तव जीव ! तृप्ति, र्ज्वलनस्ये व काष्ठनिकरेण ॥१३॥

અર્થ : વળી હે જીવ ! દેવલોકમાં, દાનવલોકમાં, તેમજ મનુષ્યલોકમાં પણ તને અનેક વિષયભોગ પ્રાપ્ત થાય છતાં પણ કાષ્ટના સમૂહવડે જેમ અગ્નિ તૃપ્તિ ન પામે તેમ તને પણ તૃપ્તિ ન થઈ.

१ ७ ५
जहाय किंपागफला मणोरमा,
२ ४ ३ ६
रसेण वन्नेण य भुंजमाणा ।
८ ११ १० ९
ते खुट्टए जीविय पच्चमाणा,
१४ १३ १२
एउवमा कामगुणा विवागे ॥१४॥

यथा च किंपाकफलानि मनोरमाणि,
रसेन वर्णेन च भुज्यमानानि ।
तानि क्षयन्ति जीवितं पच्यमानानि,
एतदुपमाः कामगुणा विपाके ॥१४॥

અર્થ : વળી હે જીવ ! જેમ રસવડે અને રંગવડે મનોહર એવા ખાધેલાં કિંપાકનાં ફળ જ્યારે ઉદરમાં પચે (પરિણમે) ત્યારે આયુષ્યને ખુટાડે છે, અર્થાત્ મરણ પમાડે છે, તેમ ઉદયમાં આવેલા કામગુણો પણ તેવાજ એટલે કિંપાકફળ સરખા છે.

(अनुष्टुप् वृत्तम्)

१ ३ २ ४ ५ ६
सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडंबणा ।
७ ८ ९ १० ११ १२
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥१५॥

सवं विलपितं गीतं, सर्वं नृत्यं बिडंबना ।

सर्वाऽऽभरणानि भारतुल्यानि, सर्वे कामा दुःखावहाः ॥१५॥

અર્થ : હે જીવ ! સર્વ ગીતગાન તે વિલાપતુલ્ય છે, સર્વ નાટકો તે વિટંબનારૂપ છે, સર્વ આભરણો (ઘરેણાં) તે ભાર જેવાં છે, તેમજ સર્વે વિષયો તે દુઃખ આપનારા છે.

(आर्यावृत्तम्)

१ २ ३ ४

देविंद चक्कवट्टित्तणाइ, रज्जाइ उत्तमा भोगा ।

६ ५ १० ८ ९ ११ ७

तत्ता अणंतखुत्तो, नय हं तत्तिं गओ तेहिं ॥१६॥

देवेन्द्रचक्रवर्त्तित्वादि, राज्यान्युत्तमा भोगाः ।

प्राप्ता अनन्तकृत्वो, न चाऽहं तृप्तिं गतस्तैं ॥१६॥

અર્થ : દેવેન્દ્રપણું, ચક્રવર્તિપણું, રાજ્ય, ઉત્તમ ભોગો, એ સર્વ અનંતીવાર પામ્યો, તોપણ તે દેવેન્દ્રપણાદિવડે હું લેશમાત્ર પણ સંતોષ ન પામ્યો.

१ २ ३ ४ ५

संसारचक्कवाले, सव्वेविअ पुग्गला मए बहुसो ।

६ ७ ११ ९ १० ८

आहरियाय परिणामिआयनयतेसु तित्तो ऽहं ॥१७॥

संसारचक्रवाले, सर्वेऽपि च पुद्गला मया बहुशः ।
आहृताश्च परिणामिताश्च न च तेषु तृप्तोऽहम् ॥१७॥

અર્થ : સંસારરૂપી ચકવાલમાં (ચક્રભ્રમણમાં) સર્વ પુદ્ગલોને મેં ઘણીવાર આહારરૂપે ગ્રહણ કર્યા, અને પરિણમાવ્યા (એટલે શરીરાદિપણે પરિણમાવ્યા) તોપણ હું તે પુદ્ગલોને વિષે તૃપ્તિ ન પામ્યો.

(अनुष्टुप्वृत्तम्)

२ ३ १ ४ ५ * ६
उवलेवा होइ भोगेसु, अभोगी नो विलिप्पइ ।
७ ९ ८ १० ११
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥१८॥

उपलेपो भवति भोगे - ष्वभोगी न विलिप्यते ।
भोगी भ्रमति संसारे, ऽभोगी विप्रमुच्यते ॥१८॥

અર્થ : વિષયભોગી પુરૂષોને વિષયભોગને વિષે ઉપલેપ (કર્મનોલેપ) હોય છે, પરન્તુ અભોગી જીવો રાગાદિક કર્મથી લેપાતા નથી, માટે જ ભોગી પુરૂષો સંસારમાં પરિભ્રમણ કરે છે, અને અભોગી પુરૂષો કર્મથી મુકાય છે એટલે કર્મરહિત થાય છે.

---

* नोऽवलिप्पइ એવો પણ પાઠ છે.

१ ३ २ ४ ५ ७ ६

अल्लो सुक्को य दो छूढा गोलया मट्टियामया ।

८ १० ९ ११ १२ १३ १४

दोविआवडिआकूडे, जोअल्लोसोतत्थलग्गइ ॥१९॥

आर्द्रः शुष्कश्च द्वौ त्यक्तौ, गोलकौ मृत्तिकामयौ ।

द्वावप्यापतिनौ कूटे, य आर्द्रः स तत्र लगति ॥१९॥

અર્થ : લીલો અને સૂકો એવા છુટા માટીના બે ગોળા હોય, તે બન્ને ગોળાઓને ભીંત સાથે અફાળ્યા છતાં જે આર્દ્ર એટલે લીલો ગોળો હોય તેજ ભીંત સાથે અફળાઈ નીચે ખરી પડે છે.) આ દ્રષ્ટાંતનો તાત્પર્ય આગળની ગાથામાં કહેવામાં આવે છે.

१ ६ ४ २ ३ ५

एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।

१० ११ १२ ७ ८ ९

विरत्ताओ न लग्गंति, जहा सुक्कुेअ गोलए ॥२०॥

एवं लगन्ति दुर्मेधाविनो, ये नराः कामलालसाः ।

विरक्ता न लगन्ति, यथा शुष्कश्च गोलकः ॥२०॥

અર્થ : એ પ્રમાણે જે મનુષ્યો દુર્બુદ્ધિવાળા અને વિષયોની લાલસાવાળા હોય છે, તે જીવો લીલા ગોળાની પેઠે રાગનાં અને સ્નેહનાં સાધનરૂપ સ્ત્રી પુત્ર પરિવારાદિમાં લપટાઈ જાય છે, પરન્તુ જેમ સૂકો ગોળો ભીંતમાં લાગતો નથી તેમ વિરક્ત મનુષ્યો સ્ત્રી પરિવારાદિમાં લિપ્ત થતા નથી.

(आर्यावृत्तम्)

१ २ ४ ३

तणकट्ठेहिव अग्गी, लवणसमुद्दो नईसहस्सेहिं ।

८ ५ ६ ९ ८ ७

न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥२१॥

तृणकाष्टौरिवाग्नि, र्लवणसमुद्रो नदीसहस्त्रैः ।

नाऽयं जीवो शक्त, स्त्रपुम् कामभोगैः ॥२१॥

અર્થ : જેમ તૃણ અને કાષ્ટવડે અગ્નિ તૃપ્ત ન થઈ શકે, અને હજારો નદીઓવડે લવણસમુદ્ર તૃપ્ત ન થાય, તેમ આ જીવને પણ ઘણાં કામભોગરૂપ વિષયોવડે તૃપ્ત ન કરી શકાય.

३ २ १ ४ ५

भुत्तूणवि भोगसुहं,सुरनरखयरेसु पुण पमाएणं ।

९ ६ ७ ८

पिज्जइ नरएसु भेरव, कलकलतउतंबपाणाइं ॥२२॥

भुक्त्वाऽपि भोगसुखं, सुरनरखेचरेषु पुनः प्रमादेन ।

पिबति नरकेषु भैरव,-कलकलत्रपुताम्रपानीयम् ॥२२॥

અર્થ : દેવલોકમાં, મનુષ્યલોકમાં, અને વિદ્યાધરોમાં અનેક પ્રકારનું ભોગસુખ ભોગવીને પણ ફરીથી પ્રમાદ કરવા વડે નરકમાં ઉત્પન્ન થઈ મહાભયંકર અને ઉકળતા સીસાનું અને ત્રાંબાના રસનું પાન કરે છે.

२ १ ३ ४

को लोभेण न निहओ,

६ ८ ५ ९ ७

कस्स न रमणीहिं भोलिअं हिअयं

११ १० १२ १३

को मच्चुणा न गहिओ,

१५ १७ १६ १४

को गिद्धो नेव विसएहिं ॥२३॥

को लोभेन न निहतः? कस्य न रमणिभिर्भ्रंशितं हृदयम् ? ।

को मृत्युना न गृहीतः? को गृद्धो नैव विषयैः ? ॥२३॥

અર્થ : આ જગતમાં લોભવડે કોણ નથી હણાયો ? સ્ત્રીઓએ કોનું હૃદય નથી ભોળવ્યું ? (અર્થાત્ સ્ત્રીઓથી કોનું મન નથી ઠગાયું ?) મૃત્યુએ કોને ગ્રહણ નથી કર્યો ? અને વિષયોવડે કોણ આશક્ત નથી થયો ? અર્થાત્ સર્વે જીવોને લોભે હણ્યા છે, સ્ત્રીઓએ ભોળવ્યા છે, મૃત્યુએ ગ્રહણ કર્યા છે, અને વિષયોએ આશકત બનાવ્યા છે. માટે એ સર્વથી વિરામ પામવું એજ ઉપદેશ છે.

१ २

खणमित्तसुक्खा बहुकालदुक्खा,

३ ४

पगामदुक्खा अनिकामसुक्खा ।

५ ६
संसारमोक्खस्स विपक्खभूआ,
९ ८ ७
खाणी अणत्थाणउ कामभोगा ॥२४॥

क्षणमात्रसुखा बहुकालदुःखाः,
प्रकामदुःखा अनिकामसुखाः ।
संसारमोक्षस्य विपक्षभूताः,
खनिरनर्थानां तु कामभोगाः ॥२४॥

અર્થ : ક્ષણમાત્ર સુખ આપનારા, બહુકાળ સુધી અને અત્યંત દુઃખ આપનારા, અનિકામ એટલે અલ્પ સુખ આપનારા, અને વળી સંસારની મુક્તિના શત્રુ સરખા એટલે સંસારમાં રઝળાવનારા એવા કામભોગો (વિષયો) તે ખરેખર અનર્થની મોટી ખાણ છે.

१ २ ४ ३
सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायट्टी ।
५ ६ ७ १० ९ ८
कामग्गहो दुरप्पा, जेण ऽभिभूअं जगं सव्वं ॥२५॥

सर्वग्रहाणां प्रभवो, महाग्रहः सर्वदोषप्राकटयिता ।
कामग्रहो दुरात्मा, येना ऽभिभूतं जगत् सर्वम् ॥२५॥

અર્થ : સર્વ ગ્રહોને ઉત્પન્ન કરનાર, અને સર્વ દોષોને પ્રગટ કરનાર એવો મહાગ્રહ સરખો કામરૂપી ગ્રહ દુરાત્મા છે કે જેણે સર્વ જગતને પરાભવ પમાડયું છે. (અર્થાત્ આ કામરૂપી

ગ્રહ સર્વ જગતને નડયો છે.

१ २ ३ ४ ५ ७ ६
जह कच्छुल्लो कच्छुं, कंडुअमाणो दुहं मुणइ सुक्खं ।
९ १० ८ ११ १२ १३
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥२६॥

यथा कच्छुरः कच्छुं, कंडुयमानो दुःखं मन्यते सौख्यम् ।
मोहातुरा मनुष्या, स्तथा कामदुःखं सुखं विदन्ति ॥२६॥

અર્થ : જેમ ખરજવાળો મનુષ્ય ખરજને ખણતો છતો તેથી ઉત્પન્ન થયેલા દુ:ખને સુખ માને છે, તેમ મોહરૂપી ખરજથી વ્યાકુળ થયેલા મનુષ્યો મોહથી ઉત્પન્ન થયેલા કામરૂપી દુ:ખને સુખરૂપી માને છે.

(अनुष्टुप्वृत्तम्)

२ १ ४ ३ ५ ६
सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
८ ७ ९ १० १२ ११
कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥२७॥

शल्यं कामा विषं कामाः, कामा आशीविषोपमाः ।
कामांश्च प्रार्थयमाना, अकामा यान्ति दुर्गतिम् ॥२७॥

અર્થ : કામભોગ એ શલ્ય સમાન છે, કામભોગો વિષ સમાન છે, કામભોગો સર્પ સમાન છે, અને કોમભોગોને ઈચ્છતા જીવો કામભોગોને ભોગવ્યાવિના પણ દુર્ગતિમાં જાય છે.

(आर्यावृत्तम्)

१ २ ५ ४ ३

विसए अवइक्खंता, पडंति संसारसायरे घोरे ।

६ ७ ९ ८

विसएसु निराविक्खा, तरंति संसारकंतारे ॥२८॥

विषयानपेक्षमाणाः पतन्ति संसारसागरे घोरे ।

विषयेषु निरपेक्षा, स्तरन्ति संसारकान्तारम् ॥२८॥

અર્થ : વિષયની ઈચ્છા રાખતા જીવો ઘોર એટલે ભયંકર સંસાર સમુદ્રમાં પડે છે, અને વિષયોને વિષે અપેક્ષા વિનાના (ઈચ્છા વિનાના) જીવો સંસારરૂપી અટવીનો પાર પામે છે.

२ १ ३ ५ ४

छलिआ अवइक्खंता, निरावइक्खा गया अविग्घेणं ।

६ ७ ८ ९

तम्हा पवयणसारे, निरावइक्खेण होअव्वं ॥२९॥

छलिता अपेक्षमाणाः, निरपेक्षा गता अविघ्नेन ।

तस्मात् प्रवचनसारे, निरपेक्षेण भवितव्यम् ॥२९॥

અર્થ : વિષયની અપેક્ષા રાખતા જીવો ઠગાયા છે, અને વિષયોની અપેક્ષા નહિ રાખનારા જીવો નિર્વિઘ્નપણે પરમપદને પામ્યા છે. અર્થાત્ મોક્ષ પામ્યા છે. તે કારણથી સિદ્ધાંતનો સાર એજ છે કે વિષયોની અપેક્ષા રાખવી નહિં.

१ २ ३ ५ ४

विसयाविक्खोनिवडइ, निरविक्खोतरइदुत्तरभवोघं ।

६ ७

देवीदीवसमागय-भाउअजुअलेण दिट्ठंतो ॥३०॥

विषयापेक्षो निपतति, निरपेक्षस्तरति दुस्तरभवौघम् ।

देवीद्वीपसमागत, -भ्रातृकयुगलेन द्रष्टान्तः ॥३०॥

અર્થ : વિષયની ઈચ્છાવાળો જીવ ભવભ્રમણમાં પડે છે, અને વિષયની ઈચ્છારહિત થયેલો જીવ દુઃખે કરીને તરવા યોગ્ય એવા-ભવસમુદ્રને તરી જાય છે. આ ઠેકાણે રત્નાદેવીના દ્વીપમાં ગયેલા જીનરક્ષિત તથા જીનપાલ એ બે ભાઈઓનું દ્રષ્ટાંત જાણવું.

२ ३ ४ ६ ५ ८ ७ १

जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तमं तिलोयंमि ।

९ १३ ११ १२ १०

तं जाणसु विसयाणं, वुड्ढिक्खयहेउअं सव्वं ॥३१॥

यदतितीक्ष्णंदुःखं, यच्च सुखमुत्तमं त्रिलोके ।

तज्जानिहि विषयाणां, वृद्धिक्षयहेतुकं सर्वम् ॥३१॥

અર્થ : હે આત્મા! આ ત્રણે જગતમાં જીવોને જે અતિ તીક્ષ્ણ (અતિ આકરૂં) દુઃખ પ્રાપ્ત થાય છે, અને જે અતિ ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે, તે સર્વ અનુક્રમે વિષયોની વૃદ્ધિ અને ક્ષયના હેતુથી થાય છે એમ તું જાણજે.

१ ७ ६ ३

इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ।

५ ४ २

पक्खिव्व छिन्नपंखा, सुसीलगुणपेहुणविहूणा ।।३२।।

इन्द्रियविषयप्रसक्ताः, पतन्ति संसारसागरे जीवाः ।

पक्षिण इव छिन्नपक्षाः, सुशीलगुणपक्षविहीनाः ।।३२।।

अर्थ : હે આત્મા! ઈન્દ્રિયોના વિષયમાં આશક્ત થયેલા અને શીલગુણ (એટલે ઉત્તમ સદાચાર) રૂપી પાંખોવિનાના જીવો છેદાયેલી પાંખવાળા પંખીની માફક સંસારરૂપી સમુદ્રમાં પડે છે. (માટે ઈન્દ્રિયોના વિષયમાં આશક્ત ન થવું એજ ઉપદેશ છે.)

६ ७ ५ ३ ४ १ २

न लहइ जहालिहंतो, मुहल्लिअं अट्ठिअं जहा सुणओ ।

९ ८ १० १२ ११

सोसइ तालुअरसिअं, विलिहंतो मन्नए सुक्खं ।।३३।।

न लभते यथा लिहन्, मुखार्द्रितमस्थिकं यथा शुनकः ।

शोषयति तालुरसितं, विलिहन् मन्यते सौख्यम् ।।३३।।

अर्थ : જેમ કૂતરો પોતાનાજ મુખવડે આર્દ્ર (ભીનુંરસવાળું) થયેલા હાડકાને ચાટતો થકો એમ નથી જાણતો કે તે પોતાના તાળવાના રસને શોષે છે. તેતો પોતાના તાળવાના રસને ચાટતાં છતાં હું હાડકાનોજ રસ ચાટું છું એમ સુખ માને છે. (આ દ્રષ્ટાંતનો ઉપનય આગળની ગાથામાં રહે છે.)

२ ३
महिलाण कायसेवी,
७ ८ ५ ६ १ ४
न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
९ १३ १०
सो मन्नए वराओ,
११ १२
सयकायपरिस्समं सुक्खं ॥३४॥

महिलानां कायसेवी, न लभते किंचिदपि सुखं तथा पुरुषः।
स मन्यते वराकः, स्वकायपरिश्रमं सौख्यम् ॥३४॥

અર્થ : તેમ સ્ત્રીઓની કાયાનું સેવન કરનાર પુરૂષ કંઈપણ સુખ નથી પામતો, તોપણ તે રાંક(પામર) જીવ પોતાની કાયાના પરિશ્રમનેજ સુખ માને છે.

२ ३ ५ ४ ७ १ ६
सुट्ठुवि मग्गिज्जंतो, कत्थवि कयलिइ नत्थि जह सारो ।
९ ८ १३ १२ १० ११
इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठुवि गविट्ठं ॥३५॥

सुष्ठवपि मार्ग्यमाणः, कुत्राऽपि कदल्यां नास्ति यथा सारः ॥
इन्द्रियविषयेषु तथा, नास्ति सुखं सुष्ठवपि गवेषितम् ॥३५॥

અર્થ : જેમ સારી રીતે જોતાં પણ કેલીમાં એટલે કેળમાં

(અથવા ક્રીડામાં) કયાંય પણ સાર દેખાતો નથી, તેમ ઈન્દ્રિયના વિષયોમાં પણ સારીરીતે તપાસતાં લેશ પણ સુખ દેખાતું નથી.

१ २ ३

सिंगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ।

६ ७ ५ ८ ४ ९ १०

के के जयंमि पुरिसा, नारीनईए न बुड्डंति ॥३६॥

श्रृंगारतरंगायां, विलासवेलायां यौवनजलायाम् ॥

के के जगति पुरुषा, नारीनद्यां न बुडन्ति ? ॥३६॥

અર્થ : શ્રૃંગારરૂપી તરંગો (કલ્લોલ)વાળી, વિલાસરૂપી પ્રવાહવાળી (અથવા પૂરવાળી), અને જુવાનીરૂપી જળવાળી નારીરૂપી નદીમાં જગતની અંદર કયા કયા પુરૂષો નથી ડુબતા ? અર્થાત્ નારીરૂપી નદીમાં સર્વ પુરૂષો ડુબ્યા છે.

२ ३ ४ १ ५

सोअसरीदुरिअदरी, कवडकुडीमहिलिआकिलेसकरी ।

६ ७ ८

वइरविरोयणअरणी, दुक्खखाणीसुक्खपडिवक्खा ॥३७॥

शोकसरिद्दुरितदरी, कपटकुटी महिला क्लेशकरी ।

वैरविरोचनारणि, र्दुःखखनी सुखप्रतिपक्षा ॥३७॥

અર્થ : આ જગતમાં સ્ત્રી તે શોકની નદી છે, પાપની ગુફા છે, કપટની કુંડી છે, કલેશની કરનારી છે, વૈરરૂપી અગ્નિને ઉત્પન્ન કરવામાં અરણીના કાષ્ટ સરખી છે, દુ:ખની ખાણ

છે, અને સુખને રોકનારી છે.

१ ६ २ ७ ८

अमुणिअमणपरिकम्मो, सम्मंकोनामनासिउंतरइ ।

४ ५ ३

वम्महसरपसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥३८॥

अविदितमनः परिक्रमः, सम्यक् को नाम नाशयितुम् तरति ? ।

मन्मथशरप्रसरौघान्, दृष्टिक्षोभान् मृगाक्षीणाम् ॥३८॥

અર્થ : નથી જાણ્યું મનનું પરાક્રમ જેણે એવો કયો પુરૂષ સ્ત્રીઓના ફેંકલા કામરૂપ બાણના ફેલાતા સમૂહને અને દ્રષ્ટિના ક્ષોભને (કટાક્ષોને) સમ્યક્ પ્રકારે નાશ કરવાને (જીતવાને) કોણ સમર્થ થાય છે ? (અર્થાત્ સ્ત્રીયોના કામબાણ અને કટાક્ષમાં સર્વે પુરૂષો ફસાઈ જાય છે.)

६ १ ४ ५ ३ २

परिहरसु तओ तासिं, दिट्ठिं दिट्ठिविसस्सव अहिस्स ।

७ ८ ९ १०

जं रमणिनयणबाणा, चरित्तपाणे विणासंति ॥३९॥

परिहर ततस्तासां, दृष्टिं दृष्टिविषस्याहेरिव ।

यद्रमणिनयनबाणा, श्चारित्रप्राणान् विनाशयन्ति ॥३९॥

અર્થ : માટે હે સુજ્ઞ ! સર્પની દ્રષ્ટિજેવી વિષસરખી તે સ્ત્રીઓની દ્રષ્ટિની ત્યાગ કર. જે કારણમાટે સ્ત્રીનાં નયનરૂપી બાણો જીવના ચારિત્રરૂપી અભ્યંતરપ્રાણોનો વિનાશ કરે છે.

१ २ ३ ४

सिद्धंतजलहपारं, गओवि विजिइंदिओवि सूरोवि ।

५ ८ ७ ६

दढचित्तोवि छलिज्जइ, जुवइपिसाईहिं खुड्डाहि ॥४०॥

सिद्धान्तजलधिपारं, गतोऽपि विजितेन्द्रियोऽपि शूरोऽपि ।

दृढचित्तोऽपि छलयते, युवतिपिशाचीभिः क्षुद्राभिः ॥४०॥

અર્થ : સર્વ સિદ્ધાંતરૂપી સમુદ્રનો પાર પામેલો (એટલે સર્વ આગમોને જાણનારો), વળી વિશેષે કરીને જીતેલી છે ઈન્દ્રિયો જેણે એવો અને અતિ દઢ ચિત્તવાળો પુરૂષ પણ ક્ષુદ્ર સ્ત્રીરૂપ પિશાચણીથી છેતરાઈ જાય છે. અર્થાત્ એવા સમર્થ આત્માઓને પણ સ્ત્રીઓ પોતાને આધીન બનાવે છે માટે જેમ બને તેમ સ્ત્રીનો સંસર્ગ તજવો એ ઉપદેશ છે.

३

मणयनवणीयविलओ,

१ ४ २

जह जायइ जलणसंनिहाणंमि ।

५ ६

तह रमणिसंनिहाणे,

९ ८ ७

विद्दवइ मणो मुणिणंपि ॥४१॥

मदनकनवनीतविलयो, यथा जायते ज्वलनसन्निधाने ।

तथा रमणीसन्निधाने, विद्रवति मनो मुनो मुनीनामपि ॥४१॥

અર્થ : જેમ અગ્નિની પાસે રહેવાથી મીણ અને માખણ પીગળી જાય છે, તેમ સ્ત્રીની પાસે રહેથી મુનિઓનું મન પણ પીગળી જાય છે. અર્થાત્ વિકારવાળું થાય છે.

१ २
नीअंगमाहिं सुपयोहराहिं,

३
उप्पित्थमंथरगईहिं ।

४ ५
महिलाहिं निमग्गाहिव,

६ ७ ८
गिरिवर गुरुआवि भिज्जंति ॥४२॥

नीचंगमाभिः सुपयोधराभि, रुत्प्रक्ष्यमन्थरगतिभिः ।

महिलाभिर्निम्नगाभिरिव, गिरिवरगुरुका अपि भिद्यन्ते ॥४२॥

અર્થ : નીચી માર્ગમાં ગમન કરનારી (સ્ત્રીના પક્ષમાં નીચ માર્ગમાં એટલે ખોટે રસ્તે ચાલનારી), ઉત્તમ પાણીને ધારણ કરનારી (સ્ત્રીના પક્ષમાં -ઉત્તમ પયોધર એટલે સ્તનવાળી), જોવા યોગ્ય મંદગતીવાળી (એ અર્થ નદી અને સ્ત્રી બન્નેમાં સરખો છે.) એવી નદી અથવા સ્ત્રી પર્વત જેવા મોટાઓને (મોટા પુરૂષોને) પણ ભેદી નાખે છે. અર્થાત્ નદી જેમ મોટા પર્વતને ભેદે છે તેમ સ્ત્રી મોટા પુરૂષોનાં મનને ભેદી નાખે છે.

१ २ ३

विसयजलं मोहकलं, विलासविब्बोअजलयराइन्नं ।

४ ७ ५ ६

मयमयरं उत्तिन्ना, तारुणमहन्नवं धीरा ॥४३॥

विषयजलं मोहकलं, विलासबिब्बोकजलतराकीर्णम् ।

मदमकरमुत्तीर्णा, स्तारुण्यमहार्णवं धीराः ॥४३॥

अर्थ : વિષયરૂપી જળવડે ભરેલા, મોહરૂપી કાદવવાળા, વિલાસ અને હાવભાવરૂપી જળચર જીવોવડે કરીને આ કીર્ણ અને મદ-અભિમાનરૂપી મગરમચ્છવાળા તારૂણ્યરૂપી સમુદ્રને ધીર પુરૂષોજ તર્યા છે.

१ २ ३ ४ ७

जइवि परिचत्तसंगो, तवतणुअंगो तहावि परिवडइ ।

५ ६

महिलासंसग्गीए, कोसाभवणूसियमुणिव्व ॥४४॥

यद्यपि परित्यक्तसंग, स्तपस्तन्वंगस्तथापि परिपतति ।

महिलासंसर्गतः, कोशाभवनोषितमुनिवत् ॥४४॥

अर्थ : જોકે સર્વસંગનો ત્યાગ કરનાર, અને તપાદિવડે કૃશ (પાતળા) થયેલા શરીરવાળો પ્રાણી પણ સ્ત્રીયોના સંસર્ગથી, કોશાવેશ્યાના ભવનમાં વસેલા સિંહગુફાવાસી મુનિનીપેઠે તપથી અને સંયમથી પતિત થાય છે.

१ २ ४ ३

सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ।

५ ७ ६ १० ९ ८ ११

जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टीवि तं लहइ ॥४५॥

सर्वग्रन्थिविमुक्तः, शीतीभूतः प्रसान्तचित्तश्च ।

यत्प्राप्नोति मुक्तिसुखं, न चक्रवर्त्यपि तल्लभते ॥४५॥

અર્થ : સર્વ ગ્રંથી (એટલે રાગદ્વેષરૂપ અભ્યંતર ગાંઠ અને ધન ધાન્યાદિ બાહ્ય ઉપાધિરૂપ બાહ્યગાંઠ) રહિત થયેલો, અને ક્રોધાદિનો ત્યાગ કરવાથી શાન્ત થયેલો, તથા અનેક સાંસારિક ઉપાધિઓનો ત્યાગ કરવાથી પ્રશાન્ત ચિત્તવાળો થયેલો જીવ જે નિર્લોભતાનું સુખ પામે છે, તે સુખ છ ખંડનો ધણી ચક્રવર્તિ પણ પામતો નથી

३ ४ ५

खेलंमि पडिअ मप्पं,

१ ७ ८ २ ६

जह न तरइ मच्छिआवि मोएऊ ।

९ ११

तह विसयखेलपडिअं,

१३ १४ १२ १०

न तरइ अप्पंपि कामंधो ॥४६॥

श्लेष्मणि पतितमात्मानं, यथा न तरति मक्षिकाऽपि मोचयितुम् ।
तथा विषयश्लेष्मपतितं, न तरत्यात्मानमति कामान्धः ॥४६॥

અર્થ : જેમ ગળફામાં પડેલી માખી પોતાની દેહને તેમાંથી બહાર કાઢવા સમર્થ નથી થતી, તેમ કામભોગમાં અંધ થએલો જીવ વિષયરૂપી ગળફામાં પડેલા પોતાના પ્રાણનો ઉદ્ધાર કરી શકતો નથી. અર્થાત્ કામાંધ પુરૂષ વિષયમાં જ લપટાઈ રહે છે.

૨ ૪ ૧ ૩ ૫ ૭ ૬ ૯ ૮
जं लहइ वीयराओ, सुक्खं तं मुणइ सुच्चिय न अन्नो ।
१३ १० १४ ११ १२
नहि गत्तासूअरओ, जाणइ सुरलोइअं सुक्खं ॥४७॥

यल्लभते वीतरागः, सुखं तज्जानाति स एव नाऽन्यः
नहि गर्त्तासूकरो, जानाति सुरलौकिकं सौख्यम् ॥४७॥

અર્થ : શ્રી વીતરાગ ભગવાન નિર્મોહીપણાનું જે સુખ અનુભવે છે, તે સુખ તે શ્રી વીતરાગજ જાણે છે, પણ બીજે જાણતો નથી. ઉદાહરણ તરીકે ગર્ત્તાશૂકર (વિષ્ટાનો આહાર કરી ઉકરડામાં રહેનારો ભુંડ) તે દેવલોક સંબંધિ સુખને તે કેવી રીતે જાણી શકે ? અર્થાત્ નજ જાણી શકે.

૧ ૫ ૪ ૩ ૨ ૬
जं अज्जवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंघो ।
७ ८ १० ११ ९
तं नज्जइ गुरूआणवि, अलंघणिज्जो महामोहो ॥४८॥

यदद्यापि जीवानां, विषयेषु दुःखाश्रयेषु प्रतिबंधः ।
तज्ज्ञायते गुरुणा-मप्यलंघनीयो महामोहः ॥४८॥

અર્થ : જે કારણ માટે દુઃખ આપનારા એવા વિષયોમાં જીવોને હજી સુધી પ્રતિબંધ (રાગ) છે. તે કારણથી જાણીએ છીએ કે મહામોહ તે મોટા પુરૂષોને પણ અલંઘનીય છે (ઉલ્લંઘન કરવો અશકય છે.)

१ २ ३ ७ ६ ४ ५
जे कामंधा जीवा, रमंति विसएसु ते विगयसंका ।
९ ८ १० ११ १२ १३ १४
जे पुण जिणवयणरया, ते भीरू तेसु विरमंति ॥४९॥

ये कामान्धा जीवा, रमन्ते विषयेषु ते विगतशंकाः ।
ये पुनर्जिनवचनरता, स्ते भीरवस्तेभ्यो विरमन्ति ॥४९॥

અર્થ : કામ ભોગમાં અંધ થએલા જીવો શંકારહિત થઈને વિષયોમાં રમણ કરે છે, અર્થાત્ વિષયોને સેવે છે. અને જે પુરૂષો જીનેશ્વરના વચનમાં રક્ત થએલા છે, તેઓ સંસારથી ભય પામીને વિષયોથી વિરામ પામે છે. અર્થાત્ વિષયોનો ત્યાગ કરે છે.

१
असुइमुत्तमलपवाहरू वयं,
२
वंतपित्तवसमज्जफोफसं- ।

३
मेयमंसबहुहड्डकरंडयं,
४
चम्ममित्तपच्छाइयजुवइअंगयं ॥५०॥

अशुचिमूत्रमलप्रवाहरुपकं, वान्तपित्तवसामज्जाफोफसम् ।
मेदमांसबह्स्थिकरंडकं, चर्म्ममात्रप्रच्छादितयुवत्ययंगकम् ॥५०॥

अर्थ : અશુચી, મૂત્ર અને વિષ્ટાના પ્રવાહ રૂપ, વમન, પિત્ત, નસો, ચરબી, મજ્જા, ફોફસાંવાળુ, મેદ, માંસ, અને ઘણા હાડકાંના કરંડીયા રૂપ, તથા ચામડી માત્ર વડે ઢાંકેલું એવું સ્ત્રીનું અંગ છે. (માટે એવા અશુચીમય દેહમાં મોહ ન પામવો એ સાર છે.)

१ ७ २
मंसं इमं मुत्तपुरीसमीसं,
३
सिंघाणखेलाइअनिज्झरंतं ।
८ ४ ५ ६
एअं अणिच्चं किमिआण वासं,
११ १० ९
पासं नराणं मइबाहिराणं ॥५१॥

मांसलभिदं मूत्रपुरीषमिश्रं, सिंघानकश्लेष्मादिकनिर्झरत् ।
एतदनित्यं कृमिकानां वासः, पाशो नराणां मतिहीनानाम् ॥५१॥

અર્થ : માંસવાળુ તથા મૂત્ર અને વિષ્ટા વડે યુક્ત, તથા લીંટ અને શ્લેષ્માદિકે (ગળફાદીકે) ઝરતું, અનિત્ય, અને કૃમિ જીવોના નિવાસરૂપ આ શરીર તે મતિથી વિમુખ થયેલા પુરૂષોને પાશરૂપ છે.

(आर्यावृत्तम्)

१ ४ ३ ६ २ ५

पासेण पंजरेण य, बज्झंति चउप्पयाय पक्खीई ।

७ ८ ९ १० ११

इय जुवइपंजरेण य, बद्धा पुरिसा किलिस्संति ।।५२।।

पाशेन पंजरेण च, बध्यन्ते चतुष्पदाः पक्षिणश्च ।

इत्थं युवतिपंजरेण च, बद्धाः पुरुषाः क्लिशयन्ते ।।५२।।

અર્થ : જેમ રજ્જુ વગેરેના પાશ વડે ચતુષ્પદ જીવો (ગાય-ભેંસ વગેરે ચાર પગવાળાં પ્રાણી) બંધાય છે, અને પાંજરા વડે પક્ષીઓ બંધાય છે, તેમ સ્ત્રી રૂપી પાંજરા વડે બંધાયલા પુરૂષો અનેક પ્રકારના કલેશને પામે છે. માટે સ્ત્રી રૂપી પીંજરાનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો.

(अनुष्टुप्वृत्तम्)

१ २ ३ ४ ५

अहो मोहो महामल्लो, जेणं अम्मारिसा वि हु ।

७ ६ १० ११ ९ ८

जाणंतावि अणिच्चत्तं, विरमंति न खणंपि हु ।।५३।।

अहो ! मोहो महामल्लो, येनास्मादृशा अपि हु ।

जानन्तोऽप्यनित्यत्वं, विरमन्ति न क्षणमपि हि ।।५३।।

અર્થ : અહો ! મોહરૂપી મલ્લ બહુજ મોટો છે. જે કારણ માટે અમારા સરખા પદાર્થોનું અનિત્યપણું જાણતા છતાંપણ નિશ્ચે એક ક્ષણમાત્ર પણ મોહથી વિરામ પામતા નથી.

१ २ ४ ३ ६ ५

जुवईहिं सह कुणंतो, संसग्गिं कुणइ सयलदुक्खेहिं ।

१२ ७ १० १३ ११ ९ ८

नहि मुसगाणं संगो, होइ सुहो सह बिलाडेहिं ॥५४॥

युवतिभिः सह कुर्वन्, संसर्ग करोति सकलदुःखैः ।

न हि मूषकानां संगो, भवति सुखः सह बिडालैः ॥५४॥

અર્થ : જેમ ઉંદર બિલાડીની સાથે સંસર્ગ કરવાથી સુખ પામતો નથી, તેમ સ્ત્રીની સાથે સંસર્ગ કરવાથી પુરૂષ પણ કોઈ જાતનું સુખ પામતો નથી, પણ સર્વ દુઃખોને ઉત્પન્ન કરે છે. અર્થાત્ સ્ત્રીસંસર્ગ કોઈ રીતે સુખકારી નથી.

१ २ ३

हरिहरचउराणणचंद-सूरखंदाइणोवि जे देवा ।

४ ५ ६ ८ ७

नारीण किंकरत्तं, कुणंति धिद्धी विसयतिन्हा ॥५५॥

हरिहरचतुराननचन्द्र,-सूर्यस्कंदादयोऽपि ये देवाः ।

नारीणां किंकरत्वं, कुर्वन्ति घिग् घिग् ! विषयतृष्णाम् ॥५५॥

અર્થ : વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિક સ્વામિ વગેરે જે દુનિયામાં મોટા દેવરૂપે મનાય છે, તેઓ પણ વિષયના પ્રભાવ વડે સ્ત્રીઓનું દાસપણું કરે છે, માટે એ વિષયની તૃષ્ણાને

ધિક્કાર હો ! ધિક્કાર હો !

५ ६ ७ ४

सियं च उन्हं च सहंति मूढा

१ २ ३

इत्थीसु सत्ता अविवेअवंता ।

८ X १० ९

इलाइपुत्तंव चयंति जाइं

१२ १४ ११ १२

जिअं च नासंति अ रावणुव्व ।।५६।।

शीतं चोष्णं च सहन्ते मूढा, स्त्रीषु सक्ता अविवेकवन्तः ।

इलाचिपुत्र इव त्यजन्ति जातिं, जीवितं च नाशयन्ति राचवण इव ।।

અર્થ : સ્ત્રીયોને વિષે આશક્ત થયેલા અવિવેકી અને મૂઢ પુરૂષો ટાઢ અને તડકો સહન કરે છે, વળી ઈલાચી પુત્રની પેઠે પોતાની ઉત્તમ જાતિ અને કુલ છોડે છે, અને સીતાનું હરણ કરનાર રાવણની પેઠે જીવિતનો નાશ કરે છે.

X इलइपुत्तव्व એવો પણ પાઠ છે.

(आर्यावृत्तम्)

३ १ ४
वुत्तुणवि जीवाणं, सुदुक्करायंति पावचरियाइं ।
५ ६ १० ७ ८ ९
भयवं जासासासा, पच्चाएसो हु इणमो ते ॥५७॥

वक्तुमपि जीवानां, सुदुष्करायन्ते पापचरितानि ।
भगवन् ! या सा ? सा सा, प्रत्यादेशो ह्येष ते ॥५७॥

અર્થ : આ જગતમાં જીવોને પોતાનાં પાપાચરણો કહેવાં-પ્રકાશવાં તે અતિ દુષ્કર થાય છે. તેથી અત્યંત પાપચરણ કરનાર એક ભીલ્લે ભગવંતને પ્રશ્ન કર્યો કે હે ભગવંત ! જેની સાથે હું પાપચરણ સેવું છું, તે મારી બેન છે ? ભગવંતે કહ્યું, તે સ્ત્રી ત્હારી બેન જ છે. નિશ્ચે એજ તારો પ્રત્યાદેશ (જવાબ) છે. એ કથાનો વિસ્તાર શ્રીઉપદેશ માળાથી જાણવો.

२ १ ४ ३ ६ ५
जललवतरलं जीअं, अथिरा लच्छीवि भंगुरो देहो ।
९ ७ ८ ११ १०
तुच्छा य कामभोगा, निबधणं दुक्खलक्खाणं ॥५८॥

जललवतरलं जीवित-मस्थिरा लक्ष्मीरपि भंगुरो देहः ।
तुच्छाश्च कामभोगा, निबन्धनं दुःखलक्षाणाम् ॥५८॥

અર્થ : હે આત્મા ! આ જીવતર દર્ભના અગ્ર ભાગપર રહેલા પાણીના બિંદુ સરખું ચપળ છે, વળી આ લક્ષ્મી પણ અસ્થિર છે, દેહ

પણ ક્ષણભંગુર છે, તથા સ્ત્રીયાદિકના જે વિષય ભોગો તે તુચ્છ (સાર વિનાના) અને લાખો દુઃખનું કારણ છે. માટે એ સર્વ ત્યાગ કરવાને પ્રયત્ન કરવો એજ સાર છે.

३ १ २
नागो जहा पंकजलावसन्नो,
५ ४ ७ ६
दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
८ ११ ९ १०
एवं जिआ कामगुणेसु गिद्धा,
१२ १४ १३ १५
सुधम्ममग्गे न रया हवंति ।।५९।।

नागो यथा पंकजलावसन्नो, दृष्ट्वा स्थलं नाभिसमेति तीरम् ।
एवं जीवाः कामगुणेषु गृद्धाः, सुधर्ममार्गे न रता भवन्ति ।।५९।।

અર્થ : જેમ કાદવવાળા જળમાં ખુંચી રહેલો હાથી કિનારાની ભૂમિને દેખે છે છતાં પણ કાંઠે આવી શકતો નથી, તેમ કામવિષયને વિષે આસકત થયેલા જીવો શુદ્ધ ધર્મરૂપી માર્ગમાં રક્ત-લીન થતા નથી.

१ २ ३ ५ ६ ४
जह विट्ठपुंजखुत्तो, किमी सुहं मन्नए सयाकालं ।
७ ८ १० १२ ११ ९
तह विसयासुइरत्तो, जीवो विमुणइ सुहं मूढो ।।६०।।

यथा विष्ठापुंजक्षुण्ण:, कृमिः सुखं मन्यते सदाकालम् ।
तथा विषयाशुचिरक्तो, जीवोऽपि मन्यते सुखं मूढः ॥६०॥

અર્થ : જેમ વિષ્ટાના સમૂહમાં ખુંચી રહેલો (આસકત બનેલો) કીડો સદાકાળ તેમાંજ સુખ જ માને છે, તેમ વિષયરૂપી અશુચિમાં આશકત થયેલો મૂર્ખ જીવ પણ સુખ જ માને છે.

२ १ ३ ४ ७ ५ ६
मयरहरोव जलेहिं, तहवि हु दुप्पूरओ इमे आया।
१० ११ ८ ९ १४ १३ १२
विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चइ न तत्तिं ॥६१॥

मकराकर इव जलै, स्थापि हि दुष्पूरकोऽयमात्मा ।
विषयामिषे गृद्धो, भवे भवे व्रजति न तृप्तिम् ॥६१॥

અર્થ : જેમ જળવડે કરીને સમુદ્ર પૂરવો દુષ્કર છે, તેમ વિષયરૂપ માંસમાં આસકત થયેલો આ આત્મા પણ દુઃખે કરીને પૂરવા યોગ્ય છે, અને તેને લીધે કોઈ જાતની તૃપ્તિ પામતો નથી.

१ २ ३
विसयविसट्टा जीवा, उब्भडरुवाइएसु विविहेसु ।
५ ८ ९ ७ ६
भवसयसहस्सदुलहं, न मुणंति गयंपि निअजम्मं ॥६२॥

विषयविषार्ता जीवा, उभ्द्रटरुपादिकेषु विविधेषु ।
भवशतसहस्त्रदुर्लभं, न जानन्ति गतमपि निजजन्म ॥६२॥

અર્થ : વિષયરૂપી વિષથી પીડાયેલા જીવો વિવિધ પ્રકારના ઉત્કૃષ્ટ રૂપાદિકમાં એટલે વર્ણ ગંધ રસ સ્પર્શ રૂપ વિષયોમાં આસકત થઈને લાખો ભવમાં પણ દુર્લભ એવા પોતાના મનુષ્યજન્મ વ્યતીત થાય છે. તે પણ નથી જાણતા. પરન્તુ હજી ઘણુ જીવવું છે એમજ જાણે છે.

६ १ ४ ३ २ ५
चिट्ठंति विसयविवसा, मूत्तूण लज्जंपि केवि गयसंका ।
११ १२ ८ १० ७ ९
न गणंति केवि मरणं, विसयंकुससल्लिया जीवा ॥६३॥
चेष्टन्ते विषयविवशा, मुक्त्वा लज्जामपि केऽपि गतंसंकाः ।
न गणयन्ति केऽपि मरणं, विषयां कुशशल्यिताजीवाः ॥६३॥

અર્થ : વિષયમાં પરવશ થયેલા એવા કેટલાએક જીવો લજ્જા પણ છોડી દઈને શંકારહિત થયા છતાં અનેક પ્રકારની વિષય ચેષ્ટાઓ કરે છે, અને વિષયરૂપી અંકુશ વડે શલ્યશાળા થયેલા એટલે જેઓને વિષયરૂપી અંકુશનો ઘા લાગેલો છે તેવા જીવો મરણને પણ નથી ગણતા.

३ २ ४ ५ १ ९
विसयविसेणं जीवा, जिणधम्मं हारिऊण हा नरयं ।
१० ६ ७ ८
वच्चंति जहा चित्तय-निवारिओ बंभदत्तनिवो ॥६४॥

विषयविषेण जीवा, जिनधर्मं हारयित्वा हा ! नरकम् ।
व्रजन्ति यथा चित्रक-निवारितो ब्रह्मदत्तनृपः ॥६४॥

અર્થ : ઘણી ખેદની વાત છે કે જગતના જીવો વિષય રૂપી વિષના પ્રભાવ વડે ચિંતામણિ સરખો જૈનધર્મ હારી જઈને, જેમ ચિત્રક મુનિએ નિવારણ કર્યા છતાં પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિ નરકે ગયો તેમ નરકમાં જાય છે.

१० ८ ९ १ २ ३
धिद्धी ताण नराणं, जे जिणवयणामयंपि मुत्तूणं ।
४ ७ ६ ५
चउगइविडंबणकरं, पियंति विसयासवं घोरं ॥६५॥

धिग् धिक् तान् नरान्, ये जिनवचनामृतमपि मुक्त्वा ।
चतुर्गतिविडंबनकरं, पिबन्ति विषयासवं घोरम् ॥६५॥

અર્થ : જે મનુષ્યો જીનેશ્વરના વચન રૂપી અમૃતને પણ છોડી ચાર ગતિમાં પરિભ્રમણ રૂપી વિટંબના આપનાર અને ભયંકર એવી વિષય રૂપ મદિરા પીએ છે તે મનુષ્યને ધિક્કાર હો ! ધિક્કાર હો !

४ ५ १ २ ३ ६ ७
मरणेवि दीणवयणं, माणधरा जे नरा न जंपंति ।
८ १२ ११ १० ९
तेविहु कुणंति लल्लिं, बालाणं नेहगहगहिला ॥६६॥

मरणेऽपि दीनवचनं, मानधरा ये नरा न जल्पन्ति ।
तेऽपि हि कुर्वन्ति लालनं, बालानां स्नेहग्रहग्रथिलाः ॥६६॥

અર્થ : મોટા માનને ધારણ કરનારા જે મહા અભિમાની પુરૂષો મરણ સુધી પણ દીન વચન નથી બોલતા, તેવા પુરૂષો પણ સ્ત્રીઓના સ્નેહ રૂપી ગ્રહ વડે પાગલ થઈને સ્ત્રઓની આગળ દીન વચન બોલે છે.

५ ६ ७ ३ ४ १ २

सक्कोवि नेव खंडइ, माहप्प मडुप्फुरं जए जेसिं ।

७ ८ ९ ११ १०

तेवि नरा नारीहिं, कराविआ निअय दासत्तं ।।६७।।

शक्रोऽपि नैव खण्डयेत्, माहात्म्याडंबर जगति येषाम् ।

तेऽपि नरा नारीभिः कारिता निजक दासत्वम् ।।६७।।

અર્થ : જગમાં જે મનુષ્યોનું મહાત્મ્ય અને આડંબર શક્રેન્દ્ર સરખા પણ ન ખંડી શકે તેવા પુરૂષોની પાસે પણ સ્ત્રીઓએ પોતાનું દાસપણું કરાવ્યું ! એ સ્ત્રીનો મોહ કોઈ વિચિત્રજ છે.

१ २ ३ ४ ५

जउ नंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।

६ ७ ८ ९ १० ११

रहनेमी रायमइ, रायमइका ऽऽसि ही विसया ।।६८।।

यदुनन्दनो महात्मा, जिनभ्राता व्रतघरश्चरमदेहः ।

रथनेमी राजिमत्या, रागमतिक आसीद्धिग् ? विषयान् ।।६८।।

અર્થ : જાદવનો પુત્ર, મહાત્મા, શ્રીનેમિનાથ જીનેશ્વરનો ભાઈ, ચારિત્રવ્રતને ધારણ કરનાર, અને ચરમશરીરી એવા ગુફામાં

કાઉસ્સગ્ગ કરનાર રથનેમી મુનિ પણ રાજીમતિ સાધ્વી સાથે (પોતાની ભોજાઈ સાથે) રાગમતિવાળા એટલે વિષયબુદ્ધિવાળા થયા. માટે વિષયોને ધિક્કાર છે !

२ १ ३ ४ ५

मयणपवणेण जइ ता-रिसावि सुरसेलनिच्चलाचलिया ।

६ ७ ८ ९ १०

ता पक्कपत्तसत्ताण, इयरसत्ताण का वत्ता ॥६९॥

मदनपवनेन यदि, तादृशा अपि सुरशैल निश्चलाश्चलिताः ।

तस्मात् पक्वपत्रसत्त्वाना-मितरसत्त्वानां का वार्ता ! ॥६९॥

અર્થ : જ્યારે કામદેવરૂપી પવનના ઝપાટાવડે તેવા પ્રકારના મેરૂપર્વત સરખા નિશ્ચલ મહાત્માઓ પણ ચળાયમાન થઈ ગયા, તો પાકા પાંદડા સરખા બીજા પામર જીવોની તો વાત શી ! અર્થાત્ બીજા હીન સત્વવંત પ્રાણીઓ તો સહજમાં ચળાયમાન થઈ જાય.

५ ४ ३ १ २

जिप्पंति सुहेणंच्चिय, हरिकरिसप्पाइणो महाकूरा ।

७ ९ ८ ६

इक्कुच्चिय दुज्जेओ, कामो कयसिवसुहविरामो ॥७०॥

जीयन्ते सुखेनैव, हरिकरिसर्पादयो महाक्रूराः ।

एक एव दुर्ज्जेयः, कामः कृतशिवसुखविरामः ॥७०॥

અર્થ : સિંહ, હાથી અને સર્પ વિગેરે મહાક્રૂર પ્રાણીઓ સુખે કરીને જીતાય છે, પરન્તુ કરેલો છે શિવસુખનો અંત જેણે એટલે

મોક્ષસુખનો રોધ કરનાર એક કામ દેવજ મહા દુર્જન (દુઃખે કરીને જીતવાયોગ્ય) છે.

३ २ ५ ४ १

विसमा विसयपिवासा, अणाइभवभावणाइ जीवाणं ।

७ ६ ८ १० ९

अइदुज्जेयाणि इं-दिआणि तह चंचल चित्तं ॥७१॥

विषमा विषयपिपासा, अनादिभवभावना जीवानाम् ।

अति दुर्जेयानिन्द्रियाणि, तथा चंचलं चित्तम ॥७१॥

અર્થ : જીવોનેવિષય વાસના રૂપ તરસ અતિ તીવ્ર છે, સંસાર ભાવના અનાદિ કાળની છે, ઈન્દ્રિયો પણ દુઃખે કરીને જીતવા યોગ્ય છે, અને ચિત્ત પણ ચંચળ છે. માટે ધર્મ વિના આ જીવનો મોક્ષ નથી.

२ ३ ५ ६

कलमलअरइ असुक्खं, वाहीदाहाइ विविहदुक्खाइं ।

८ ७ ९ १

मरणंपि हु विरहाइसु, संपज्जइ कामतविआणं ॥७२॥

कलमलारती चासौख्यं, व्याधिदाहादि विविघदुःखानि ।

मरणमपि विरहादिषु, संपद्यते कामतप्तानाम् ॥७२॥

અર્થ : કામદેવરૂપી તાપ વડે અતિ તપ્ત થયેલા (તપી ગયેલા) પુરૂષોને કલમલ, (વિશેષ ગભરાટ) અરતિ વગેરે દુઃખ, વળી વ્યાધિ, અને દાહ (કામ વડે થતી બળતરા) વગેરે વિવિધ પ્રકારનાં દુઃખો

તેમજ સ્ત્રીનો વિરહાદિ થયે છતે મરણ પણ પ્રાપ્ત થાય છે.

१

पंचिंदिअविसयपसंगरेसि,

२ ३ ४

मणवयणकाय नवि संवरेसि ।

९ १२ ११ १०

तं वाहिसि कत्तिअ गलपएसि,

५ ६ ७ ८

जं अट्ठकम्म नवि निज्जरेसि ॥७३॥

पंचेन्द्रियविषयप्रसंगयसि, मनोवचनकायान्नाऽपि संवृणोषि ।
तद्वाहयसि कर्त्रिकां गलप्रदेशे, यदष्टकर्म नाऽपि निर्ज्जरयसि ॥

અર્થ : હે જીવ ! જો તું પાંચ ઈન્દ્રિયોના વિષયનો પ્રસંગ કરે છે, વળી મન, વચન અને કાયાને સંવરતો (આડે માર્ગે જતા અટકાવતો) નથી, તેમજ વળી આઠ કર્મને નિર્જરતો નથી, એટલે આઠ કર્મનો ક્ષય કરવામાં ઉદ્યમ નથી કરતો, તો હે જીવ ! ખરેખર તું તારા ગળા ઉપર જ કાતર ચલાવે છે, અર્થાત્ તું પોતે જ તારો વિનાશ કરે છે.

१ २ ३ ४ ६ ५

किं तुमंधो सि किंवा सि धत्तूरिओ,

७ ८ ९ १०

अहव किं सन्निवाएण आऊरिओ ।

१२ ११ १३ १४

अमयसमधम्म जं विसव अवन्नसे,

१६ १५ १७ १८ १९

विसयविस विसम अमियं व बहु मन्नसे ॥७४॥

किं त्वमन्धोऽसि ? किं वाऽसि धत्तूरितो ?

अथवा किं सन्निपातेन आतुरितः ।

अमृतसमधर्मं यद्विषभिवावमन्यसे !

विषयविषं विषमममृतमिव बहुमन्यसे ! ॥७४॥

અર્થ : હે આત્મા ! તું શું અંધ બની ગયો છે ? કે શું ધંતૂરો પીધો છે ? અથવા શું સન્નિપાત રોગ વડે રોગી બની ગયો છે? કે જેથી અમૃત સરખા ધર્મને તું વિષની પેઠે અવગણે છે ! અને આકરા વિષયરૂપી વિષને તું અમૃતની પેઠે બહુમાન કરે છે ! (માટે ખરેખર તું અંધ જ બનેલો છે.)

२ ३ ४

तुज्ज तह नाणविन्नाणगुणडंबरो,

६ ७ १ ५

जलणजालासु निवडंतु जिय निब्भरो ।

१३ १४ ८ १५

पयइवामेसु कामेसु जं रज्जसे,

९ १० ११ १२

जेहि पुणपुणवि नरयानले पच्चसे ॥७५॥

तव तथा ज्ञानविज्ञानगुणाडंबरो,
ज्वलनज्वालासु निपततु जीव ! निर्भरः ।
प्रकृतिवामेषु कामेषु यद्रज्यसे
यैः पुनः पुनरपि नरकानले पच्यसे ॥७५॥

અર્થ : હે જીવ ! તેવા પ્રકારના મોટા જ્ઞાન વિજ્ઞાન અને ગુણનો તે તારો આડંબર અતિશય પણે અગ્નિની જવાળામાં પડો ! કારણકે જે કામવિષયો વડે તું વારંવાર નરકની અગ્નિમાં પકાય છે, તેવા જ સ્વભાવે કરીને પ્રતિકૂળ એવા કામભોગમાં રાજી થાય છે ! માટે તારો ગુણનો આડંબર ફોકટ છે.

७ ६ ५
दहइ गोसीससिरिखंड छारकए,
८ ९ १०
छगलगहणट्ठ-मेरावणं विक्कए ।
११ १२ १३ ४ १४
कप्पतरु तोडि एरंड सो वावए,
१ २ ३
जुजिविसएहिं मणुअत्तणं हारए ॥७६॥

दहति गोशीर्षश्रीखंडं भस्मकृते, छगलग्रहणार्थमैरावतं विक्रीणिते ।
कल्पतरुं त्रोटित्वैरंडं स वपति, तुच्छविषयैमनुजत्वं हारयति ॥७६॥

અર્થ : આ જગતમાં જે મનુષ્ય અલ્પ વિષયસુખને માટે આખું મનુષ્યપણું હારી જાય છે, તે મનુષ્ય ખરેખર રાખ મેળવવાને માટે

ઉત્તમ ગોશીર્ષ ચંદન બાળે છે, બકરી લેવાને માટે ઐરાવત હાથી વેચી દે છે, અને કલ્પવૃક્ષને ઉખેડી એરંડાનું ઝાડ વાવે છે. એ ખરેખર મૂર્ખતા જ છે.

२ १ ३ ४ ५
अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ ।
७ ६ ९ १० ८
विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥७७॥

अध्रुवं जीवितं ज्ञात्वा, सिद्धिमार्गं विजानीयात् ।
विनिवर्त्तयेद्, भोगेभ्य, आयुः परिमितमात्मनः ॥७७॥

અર્થ : પ્રાણીનું આયુષ્ય અસ્થિર છે, માટે મોક્ષ માર્ગને જાણીને વિષયભોગથી વિરામ પામવું. કારણ કે આપણું આયુષ્ય પ્રમાણ વિનાનું છે.

१
सिवमग्गसंठिआणवि,
४ ५ २ ३
जह दुज्जेआ जिआण पणविषया ।
६ ९ १० ८
तह अन्नं किंपि जए,
११ १२ ७
दुज्जेअं नत्थि सयलेवि ॥७८॥

शिवमार्गसंस्थितानामपि, यथा दुर्ज्जेया जीवानां पंचविषयाः ।
तथाऽन्यत् किमपि जगति, दुर्ज्जेयं नास्ति सकलेऽपि ॥७८॥

अर्थ : મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તતા જીવોને પણ પાંચ ઈન્દ્રિયના વિષયો જેવા દુઃખે કરીને જીતવા યોગ્ય છે, તેવું સઘળા જગતમાં બીજું કાંઈ પણ દુર્જેય નથી. અર્થાત્ સઘળા જગતમાં પાંચ ઈન્દ્રિયોના વિષયો જીતવા તેજ અતિ દુષ્કર છે. બાકી સર્વ તો સુલભ છે.

१ २ ३ ७ ४ ६ ५
सविडं उप्भडरू वा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
८ ९ १० ११
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥७९॥

सव्रीडमुद्भटरू पा, दृष्टा मोहयति या मनः स्त्री ।
आत्महिंत चिन्तयन्तो, दूरतरेण परिहरन्ति ॥७९॥

अर्थ : વિકારવાળી અને ઉત્કૃષ્ટ રૂપવાળી એવી જે સ્ત્રી દૃષ્ટિમાં આવેથી મનને મોહ પમાડે છે, તેવી સ્ત્રીને આત્માનું (પોતાનું) કલ્યાણ ઈચ્છનારા પુરૂષો દૂરથીજ તજે છે.

३ ४ ५ ६ ७ ८ ९
सच्चं सुअंपि सीलं, विन्नाणं तह तवंपि वेरग्गं ।
१२ ११ १० १ २
वच्चइ खणेण सव्वं, विसयविसेणं जईणंपि ॥८०॥

सत्यं श्रुतमपि शीलं, विज्ञानं तथा तपोऽपि वैराग्यम् ।
नश्यति क्षणेन सर्वं, विषयविषेण यतीनामापि ॥८०॥

અર્થ : વિષય રૂપી વિષના વિકાર વડે મુનિમહાત્માનું પણ સત્યવાદીપણું, સિદ્ધાંતનુ જ્ઞાન, સદાચાર, વિજ્ઞાન, તેમજ તપ અને વૈરાગ્ય એ એક ક્ષણમાત્રમાં વિનાશ પામે છે. વિષયવિકારને શાન્ત કરવાનો જ ઉદ્યમ કરવો એ ઉપદેશ છે.

१ ३ ४ १० २

रे जीव मइविगप्पिय-निमेससुहलालसो कहं मूढ ।

६ ५ ११ ८ ७ ९

सासयसुह मसमतमं, हारिसिससिसोअरंचजसं ॥८१॥

रे जीव ! मतिविकल्पित, निमेष सुखलालसः कथं मूढ ! ।

शाश्वतसुखमसमतमं, हारयसि शशिसोदरं च यशः ॥८१॥

અર્થ : રે મૂઢ જીવ ! પોતાની મતિકલ્પના વડે કલ્પેલા અને નિમેષ માત્રના (આંખના પલકારા જેટલા અલ્પકાળના) સુખમાં લોલુપી થઈને જેના સમાન બીજું કોઈ સુખ નથી એવા મોક્ષસુખને અને ચંદ્ર સરખા ઉજ્જવળ એવા ઉપાર્જન કરેલા યશને શા માટે હારી જાય છે ?

१ २ ४ ५ ३

पज्जलिओ विसयअग्गी, चरित्तसारं डहिज्ज कसिणंपि ।

६ ७ ८ ९

सम्मत्तंपि विराहिअ, अणंतसंसारिअं कुज्जा ॥८२॥

प्रज्वलितो विषयाग्नि, श्चारित्रसारं दग्ध्वा कृत्स्नमपि ।

सम्यत्त्क्वमपि विराध्य, अनंत संसार कं कुर्यात् ॥८२॥

અર્થ : જાજ્વલ્યમાન થયેલો (બળતો) એવો કામ રૂપ અગ્નિ સઘળા ચારિત્રોના સારને બાળી દે છે, (અર્થાત્ ચારિત્રનો વિનાશ કરે છે.) અને સમ્યકત્વની વિરાધના કરીને અનંત સંસારમાં રખડાવે છે.

१ ४ २ ३

भीसणभवकंतारे, विसमा जीवाण विसयतिन्हाओ ।

५ ६ ७ १० ८ ९

जाए नडिया चउदस-पूव्वीवि रुलंति हु निगोए ॥८३॥

भीषणभवकान्तारे, विषमाजीवानां विषयतृष्णा ।

यया नटिताश्चतुर्दश, पूर्विणोऽपि रुलन्ति हि निगोदे ॥८३॥

અર્થ : ભયંકર ભવરૂપી અટવીમાં સર્વ જીવોને વિષય તૃષ્ણા જ વિષય (દુઃખ આપનારી) છે, કે જે વિષયતૃષ્ણાથી પીડા પામીને ચૌદપૂર્વી સરખા મહાત્માઓ પણ નિશ્ચે નિગોદમાં રડવડે છે. અર્થાત્ વિષયના ઉછાળાથી ચૌદપૂર્વધર સરખા શ્રુતકેવલિ મુનિ મહાત્માઓ પણ મુનિપણાનો ત્યાગ કરીને સિદ્ધપુત્ર બને છે, અને પરિણામે * નિગોદમાં ઉત્પન્ન થાય છે. માટે હે જીવ ! વિષયવિકારનું પ્રબલપણું કેટલું છે તે વિચાર !

* સંબોધસત્તરીમાં કહ્યું છે કે जइउदसपुव्वघरो, मसइ-

१ ४ ५ ६ ३ २ ७ ८

हा विसमा हा विसमा, विसया जीवाण जेहिं पडिबद्धा ।

१३ १२ ९ १० ११

हिंडंति भवसमुद्दे, अणंत दुक्खाइं पावंता ॥८४॥

हा विषमा ! हा विषमा ! विषया जीवानां यैः प्रतिबद्धाः ।

हिन्डन्ति भवसमुद्रे, ऽनंत दुःखानि प्राप्नुवन्तः ॥८४॥

અર્થ : અહો ! જીવોને પાંચ ઈન્દ્રિયોના વિષયો અતિ વિષમ છે, કે જે વિષયો વડે બંધાયેલા જીવો અનંત દુ:ખોને પામતા છતા-ભવરૂપી સમુદ્રમાં રખડે છે.

२ १ ४ ३ ५

मा इंदजालचवला, विसया जीवाण विज्जुतेअसमा ।

६ ७ ८ ९ १० ११

खणदिट्ठा खणनट्ठा, ता तेसिं को हु पडिबंधो ॥८५॥

मायेन्द्रजाल चपला, विषया जीवानां विद्युत्तेजस्समाः ।

क्षणदृष्टाः क्षणनष्टा, स्तस्मात्तेषां को हि प्रतिबन्धः ? ॥८५॥

અર્થ : માયાવી ઈન્દ્રજાળ જેવા, ચપળ અને વિજળીના ઝબકાર સમાન એવા વિષયો જીવોને ક્ષણમાં દેખાય છે અને ક્ષણમાં નાશ પામે છે, તો તેવા વિષયોમાં પ્રતિબંધ (આસક્ત) શું કરવો ?

निगोएसु एणंतयं कालं ॥ निद्दापमायवसओ, तो होहिसि कह तुमं जीव ! ॥७४॥
અર્થ : જો ચૌદપૂર્વધર પણ નિદ્રાદિ પ્રમાદના વશથી અનંતકાળ સુધી નિગોદમાં વસે છે તો હે જીવ ? તારૂં શું થશે.

१ २ ३ ४ ७ ५ ६
सत्तू विसं पिसाओ, वेआलो हुअवहो व पज्जलिओ ।
८ ९ १० ११ १३ १५ १४ १२
तं न कुणइ जं कुविआ, कुणंति रागाइणो देहे ॥८६॥

शत्रुर्विषंपिशाचो, वेतालो हुतवहो वा प्रज्वलितः ।
तन्न करोति यत् कुपिताः, कुर्वन्ति रागादयो देहे ॥८६॥

અર્થ : હે આત્મા ! શત્રુ, વિષ, પિશાચ (ભૂત-ડાકણ-શાકણ વગેરે), વેતાલ, અને જાજ્વલ્યમાન થયેલા અગ્નિ એ સર્વેપણ કોપ્યા થકી તેવો અપકાર (અવગુણ) નથી કરતા કે જેવો અપકાર શરીરાદિ પર રહેલા અને કોપ પામેલા રાગદ્વેષાદિ કરે છે. (અર્થાત્ શત્રુ વગેરેથી પણ રાગદ્વેષાદિ ઘણો અવગુણ કરે છે.)

१ २ ३ ६ ४ ५
जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।
७ ८ ९ १० ११ १२
जस्स वसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥८७॥

यो रागादीनां वशे, वशे सकलदुःखलक्षाणाम् ।
यस्य वशे रागादय, स्तस्य वशे सकलसुखानि ॥८७॥

અર્થ : જે જીવો રાગ દ્વેષાદિના વશમાં પડેલા છે, તે સર્વ જીવો લાખો દુઃખના જ વશમાં પડેલા છે. અને જે જીવોના વશમાં રાગાદિક પડેલા છે, તેના વશમાં સર્વ સુખો પડેલાં છે, એમ ઉલટપાલટ જાણવું. (અર્થાત્ રાગાદિકના વશમાં પડેલા જીવોને સર્વ પ્રકારનું

દુઃખ જ હોય છે, માટે રાગાદિકની આધીનતામાં નહિ રહેતાં રાગાદિકને જ પોતાને આધીન બનાવવા, જેથી સર્વ સુખ પ્રાપ્ત થાય એ ઉપદેશ છે.)

१ ३ २ ४

केवलदुहनिम्मविए, पडिओ संसारसायरे जीवो ।

५ ७ ६ ८ १० ९

जं अणुहवइ किलेसं, तं आस्सवहेउअं सव्वं ॥८८॥

केवलदुःखनिर्मापिते, पतितः संसारसागरे जीवो ।

यदनुभवति क्लेशं, तदाश्रवहेतुकं सर्वम् ॥८८॥

અર્થ : કેવળ દુઃખ જ નિર્માણ કરેલું છે જેમાં, એવા સંસાર રૂપી સમુદ્રમાં પડેલો જીવ જે દુઃખને અનુભવે છે, તે સર્વ દુઃખનું આશ્રવ (કર્મબંધનનાં કારણો) એજ કારણ છે. આશ્રવનો (કર્મબંધનનાં ૪૨ કારણોનો) ત્યાગ કરવો એજ સર્વ સુખનું પરમ કારણ છે.

१ २ ३ ४ ६ ५

ही संसारे विहिणा, महिलारूवेण मंडिअं जालं ।

१३ ७ ८ ९ १० ११ १२

बज्झंति जत्थ मूढा, मणुआ तिरिआ सुरा असुरा ॥८९॥

हा ! संसारे विधिना, महिलारूपेण मंडितं जालम् ।

बध्यन्ते यत्र मूढा, मनुजास्तिर्यञ्चः सुरा असुराः ॥८९॥

અર્થ : અહો ! આ સંસારમાં વિધાતાએ સ્ત્રીરૂપી જાળ માંડેલી છે (રચેલી છે), કે જે જાળમાં મૂઢ (વિવેકશૂન્ય થયેલા) એવા મનુષ્યો,

તિર્યંચો, દેવો અને દાનવો સર્વ ફસાય છે. *

१ २ ३ ४ ५ ६

विसमा विसयभुयंगा, जेहिं डसिया जिआ भववणंमि ।

९ ८ ७

कीसंति दुहग्गीहिं, चुलसीईजोणिलक्खेसु ॥९०॥

विषमा विषयभुजंगा, यैर्दष्टा जीवा भववने ।

क्लिश्यन्ते दुःखाग्निभि, श्चतुरशीतियोनिलक्षेषु ॥९०॥

અર્થ : અતિ આકરા વિષવાળા એવા વિષયરૂપી સર્પો જેઓને ડસેલા છે, તેવા સંસારી જીવો ભવરૂપી અટવીમાં ૮૪ લાખ જીવયોનિને વિષે ભ્રમણ કરતા દુઃખરૂપ દાવાનળ અગ્નિ વડે કલેશ પામે છે.

१ २ ३ ४

संसारचारगिम्हे, विसयकुवाएण लुक्किया जीवा ।

५ ६ ७ ९ ८

हिय महिअं अमुणंता, अणुहवंति अणंतदुक्खाइं ॥९१॥

संसारचारग्रीष्मे, विषयकुवातेन लुकिता जीवाः ।

हितमहितमजानन्तो, ऽनुभवन्त्यनन्तदुःखानि ॥९१॥

---

* નરકગતિમાં રહેલા નારકી જીવોને સ્ત્રી હોતી નથી. માટે તેઓને સ્ત્રીરૂપી જાળમાં ફસાયલા કહ્યા નથી. અને ગાથામાં કહેલા મનુષ્યાદિ સર્વ સ્ત્રીરૂપી જાળમાં ફસાયેલા છે.

અર્થ : આ સંસારમાર્ગરૂપી ગ્રીષ્મ ઋતુમાં વિષયરૂપી કુપવનવડે (ઉષ્ણ વાયરા વડે) લુક પામેલા (તપેલા-જ્વર ચઢેલા) જીવો હિત અને અહિતને (પથ્ય અને અપથ્યને) નહિ જાણતા છતાં અનંત દુઃખોને અનુભવે છે.

१ २ ४ ३ ५

हा हा दुरंतदुट्ठा, विसयतुरंगा कुसिक्खिआ लोए ।

८ ९ ७ ६

भीसणभवाडवीए, पाडंति जीआण मुद्धाणं ।।९२।।

हा ! हा ! दुरन्तदुष्टा, विषयतुरंगाः कुशिक्षिता लोके ।

भीषणभवाटव्यां, पातयन्ति जीवान् मुग्धान् ।।९२।।

અર્થ : અહો ઘણા ખેદની વાત છે કે અત્યંત દુષ્ટ, અને દુઃશિક્ષિત (ખોટી શિક્ષા પામેલ) એવા વિષયરૂપી ઘોડાઓ આ સંસારમાં ભોળા જીવોને ભયંકર ભવરૂપી અટવીમાં પાડે છે, (રખડાવે છે) અર્થાત્ વિષયો સંસારમાં રઝળાવે છે.

१ ३ २

विसयपिवासातत्ता, रत्ता नारीसुपंकिलसरंमि ।

४ ५ ६ ९ ७ ८

दुहिया दीणा खीणा, रुलंति जीवा भववणंमि ।।९३।।

विषयपिपासातप्ता, रक्ता नारीसुपंकिलसरसि ।

दुःखिता दीनाः क्षीणा, रुलन्ति जीवा भववने ।।९३।।

અર્થ : વિષયરૂપી તૃષા વડે વ્યાકુળ થયેલા જે જીવો સ્ત્રીરૂપી ઘણા કાદવવાળા સરોવરમાં આસકત થયા, તે દુઃખી, દીન (ગરીબ) અને ક્ષીણ (અશક્ત-દુર્બળ) જીવો ખરેખર આ સંસારરૂપ અટવીમાં રઝળે છે. (માટે વિષયાભિલાષાનો ત્યાગ કરવો એ જ શ્રેયસ્કર છે.)

૯ ૮ ૪ ૭ ૧

गुणकारिआइं धणियं, धिइरज्जुनियंतिआइं तुह जीव ।

૫ ૬ ૨ ૩

निययाइं इंदियाइं, वल्लिनिअत्ता तुरंगुव्व ॥९४॥

गुणकारकाणि निचितं, घृतिरज्जुनियन्त्रितानि तव जीव ।

निजकानीन्द्रियाणि, खलिननियन्त्रिततुरंग इव ॥९४॥

અર્થ : હે જીવ ! બળવાન પણ વશ કરેલા ઘોડાની વેઠે (વશ કરેલો ઘોડો જેમ ઘણા ગુણ કરનારો હોય છે તેમ) સંતોષરૂપી રજ્જુ વડે (દોર વડે) વશ કરેલી પોતાની ઈન્દ્રિયો તને ઘણોજ ગુણ કરનારી થશે. માટે ઈન્દ્રિયોને વશ કરવી એજ ઉપદેશ છે.

૨ ૧ ૩ ૪

मणवयणकायजोगा, सुनियत्तावि गुणकरा हुंति ।

૬ ૫ ૯ ૭ ૮

अनियत्ता पुण भंजंति, मत्तकरिणुव्व सीलवणं ॥९५॥

मनोवचनकाययोगाः, सुनियन्त्रिताअपि गुणकरा भवन्ति ।

अनिन्त्रिताः पुनर्भञ्चन्ति, मत्तकरीव शीलवनम् ॥९५॥

અર્થ : સારી રીતે વશ કરેલા મન વચન અને કાયાના યોગ ઘણા ગુણ કરનારાજ હોય છે, અને નહિ વશ કરેલા એવા તે મન વચન કાયાના યોગ મદોન્મત્ત હાથીની પેઠે શીલરૂપી વનને (ચારિત્રરૂપી વનને) ભાગી વિનાશ કરે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯ ૮

जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ।

૧૦ ૧૧ ૧૫ ૧૪ ૧૨ ૧૩

तह तह विन्नायव्वं, आसन्नं सेअ परमपयं ॥९६॥

यथा यथा दोषाद्विरमति, यथा यथा विषयैर्भवति वैराग्यम् ।

तथा तथा विज्ञातव्य, मासन्नं तस्य च परमपदम् ॥९६॥

અર્થ : જેમ જેમ જીવ દોષથી વિરામ પામે છે (અટકે છે,) અને જેમ જેમ વિષયોથી વૈરાગ્યભાવ પ્રગટ થાય છે, તેમ તેમ તે જીવને મોક્ષસુખ નજીકમાં આવતું જાય છે એમ જાણવું. માટે વિષયાદિકથી વિરામ પામવું એજ સાર છે.

૨ ૧ ૪ ૩ ૫ ૬

दुक्कर मेएहिं कयं, जेहिं समत्थेहिं जुव्वणत्थेहिं ।

૧૦ ૯ ૭ ૮

भग्गं इंदिअसिन्नं, धिइपायारं विलग्गेहिं ॥९७॥

दुष्करमेतैः कृतं, यैः समर्थै यौवनार्थिभिः ।

भग्नमिन्द्रियसैन्यं, धृतिप्राकारं विलग्नैः ॥९७॥

અર્થ : ખરેખર દુષ્કર કાર્ય તો તેઓએ જ કર્યું કહેવાય કે જે

પુરૂષોએ ધૈર્ય વા સંતોષરૂપી કિલ્લાને વળગીને (આશ્રય કરીને) પોતાના સમર્થપણાથી યુવાવસ્થામાં ઈન્દ્રિયોરૂપ સૈન્યને નાશ પમાડયું. (અર્થાત્ જેઓએ જુવાનીમાં ઈન્દ્રિયોને જીતી છે તેઓને ધન્ય છે.)

१ २ ३ ४ ८ ७ ५ ६

ते धन्ना ताण नमो, दासो ऽहं ताण संजमधराणं ।

११ ९ १२ १० १३

अद्धच्छीपिच्छरिओ, जाण न हिअए खडुक्कंति ॥९८॥

ते धन्यास्तेभ्योनमो, दासोऽहं तेषां संयमधराणाम् ।

अर्घाक्षिप्रेक्षिकिा,येषां न हृदये खटकन्ति ॥९८॥

અર્થ : આ જગતમાં તે પુરૂષોને જ ધન્ય છે, અને તે પુરૂષોને જ નમસ્કાર થાઓ, અને તેજ સંયમધર મુનિ મહારાજનો હું દાસ છું કે જેઓના હૃદયમાં અર્ધચક્ષુએ (કટાક્ષથી) જોનારી સ્ત્રીઓ લેશમાત્ર પણ ખટકતી નથી.

३ २ ४ ९ १ ५ ७ ८ ६

किं बहुणा जइ वंछसि, जीव तुमं सासयं सुहं अरुअं ।

१० १४ ११ १३ १२

ता पिअसु विसयविमुहो, संवेगरसायणं निच्चं ॥९९॥

किं बहुना यदि वाञ्छसि, जीव ! त्वं शाश्वतंसुखमरुजम् ।

तस्मा त् पिब विषयविमुखः, संवेगरसायनं नित्यम् ॥९९॥

અર્થ : હે સંસારી જીવ ઘણું કહેવાથી શુ ? જો તું રોગરહિત એટલે નિરાબાધ એવું શાશ્વતસુખની (મોક્ષની) ઈચ્છા રાખતો હોય

તો વિષયોથી વિમુખ થઈને (વિષયોનો ત્યાગ કરીને) હંમેશા સંવેગ (વૈરાગ્ય) રૂપી રસાયણનું પાન કર.

॥ मूळान्वय, संस्कृत छाया अने भाषान्तरयुक्त इन्द्रियपराजयशतक समाप्त ॥

દીપ : આ શતકની ગાથા ૯૯ છે, અને સો ગાથાનું શતક કહેવાય છે પરંતુ ૧ ગાથા ઓછી છે તે ઉપલબ્ધ નથી.

ॐ

श्री रत्नशेखरसूरि विरचित

श्री

संबोधसत्तरि

(મૂળ અને ભાષાન્તર સહિત.)

卐 卐 卐 卐 卐

(आर्यावृत्तम्)

४ १ २ ३

नमिऊण तिलोअगुरुं, लोआलोअप्पयासयं वीरं ।

७ ६ ८ ५

संबोहसत्तरि-महं, रएमि उद्धारगाहाहिं ॥१॥

नत्वा त्रिलोकगुरुं, लोकाऽलोकप्रकाशकं वीरम् ।

संबोधसप्ततिकामहं, रचयाम्युध्धृत गाथाभिः ॥१॥

અર્થ : સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ રૂપ ત્રણ લોકના ગુરૂ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને સૂત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને હું સંબોધસત્તરિ ગ્રંથ રચું છું.

२ १ ४ ३ ६ ५ ७ ८

सेयंबरो य आसंबरो य, बुद्धो अ अहव अन्नो वा ।

९ ११ १० १३ १२

समभावभाविअप्पा, लहेइ मुक्खं न संदेहो ॥२॥

श्वेताम्बरश्चाशाम्वरश्च, बुद्धश्चाथवाऽन्यो वा ।

समभावभावितात्मा, लभते मोक्षं न सन्देहः ॥ २॥

अर्थ : ચ્હાય શ્વેતાંબર હોય, અથવા દિગંબર હોય, વા બૌદ્ધ હોય અથવા અન્ય હોય, પરન્તુ જેનો આત્મા સમભાવથી ભાવિત હોય, તે મોક્ષ પામે, તેમાં સંદેહ નથી.

देव, धर्म अने गुरुनुं स्वरुप

१ २ ४ ५ ३

अट्ठदसदोसरहिओ, देवो धम्मोवि निउणदयसहिओ ।

८ ९ ६ ७

सुगुरू वि बंभयारी, आरंभपरिग्गहा विरओ ॥३॥

अष्टादशदोषरहितो, देवो धर्मोऽपि निपुणदयासहितः ।

सगुरुरपि ब्रह्मचारी, आरंभपरिग्रहाद्विरतः ॥३॥

अर्थ : અઢાર દૂષણે રહિત દેવ, નિપુણ દયાયે યુક્ત ધર્મ, તેમજ બ્રહ્મચારી અને આરંભ પરિગ્રહથી વિરકત હોય તે સુગુરૂ જાણવા.

હવે પ્રથમ દેવના અઢાર દૂષણો બતાવે છે, જે નાશ પામવાથી જ દેવપણું પ્રાપ્ત થાય છે.

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०

अन्नाण कोह मय माण, लोह माया रई य अरई य ।

११ १२ १३ १४ १५ १७ १६

निद्दा सोअ अलियवयण, चोरिआ मच्छर भया य ॥४॥

अज्ञान क्रोध मद मान, लोभ माया रति चारतिश्च ।

निद्रा शोकालिकवचन, चौरिकामत्सर भयानिच ॥४॥

१८ १९ २० २१ २५ २७ २२ २३

पाणिवह पेम कीलापसंग हासा य जस्स ए दोसा ।

२४ २६ २७ ३० २९ २०

अट्ठारसवि पणट्ठा, नमामि देवाहिदेवं तं ॥५॥

प्राणिवघ प्रेम क्रीडाप्रसंग, हासाश्च यस्यैते दोषाः ।

अष्टादशापि प्रणष्टा, नमामि देवाधिदेवं तम् ॥५॥

अर्थ : અજ્ઞાન, ક્રોધ, મદ, મન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય વચન, ચોરી, મત્સર, ભય, પ્રાણિવધ (જીવહિંસા) પ્રેમ, ક્રીડાપ્રસંગ અને હાસ્ય; એ અઢાર દૂષણો પણ જેનામાંથી નાશ પામ્યાં છે; તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું.

धर्म स्वरूप

२ ३ ४ ५ १ ६ ७

सव्वाओवि नईओ, कमेण जह सायरंमि निवडंति ।

८ ९ १० ११ १२ १३

तह भगवई अहिंसं, सव्वे घम्मा समिल्लंति ॥६॥

सर्वा अपि नद्यः क्रमेण यथा सागरे निपतन्ति ।
तथा भगवत्यामहिंसायां, सर्वे धर्माः सम्मिलन्ति ॥६॥

અર્થ : જેમ સર્વ નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવીને મળે છે, તેમ ભગવતિ અહિંસા (દયા)માંપણ સર્વ ધર્મ આવીને મળે છે.

गुरुनुं स्वरूप

१ २ ३ ४
ससरीरेवि निरीहा, बज्झब्भितरपरिग्गहविमुक्का ।
६ ७ ५
धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्टा

स्वशरीरेऽपि निरिहा, बाह्याभ्यन्तर परिग्रहविमुक्ताः ।
धर्मोपरणमात्रं, धारयन्ति चारित्ररक्षार्थम् ॥७॥

१ २
पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धंतगहियपरमत्था ।
३ ४ ८ ७ ५ ६
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥८॥

पंचेन्द्रियदमनपरा, जिनोक्तसिद्धान्तगृहीतपरमार्थाः ।
पंचसमिता स्त्रिगुप्ताः, शरणं ममैतादृशा गुरवः ॥८॥

અર્થ : પોતાના શરીરને વિષે પણ મમતા વિનાના, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી વિમુક્ત થએલા, ચારિત્રની રક્ષાને અર્થેજ માત્ર ધર્મોપકરણને ધારણ કરનારા, પાંચ ઈન્દ્રિયોને દમન કરવામાં

તત્પર, જીનોકત સિદ્ધાંતથી ગ્રહણ કર્યો છે પરમાર્થે જેણે, પાંચ સમિતિએ કરી યુક્ત અને ત્રણ ગુપ્તિએ કરી યુક્ત એવા ગુરૂ મહારાજનું મને શરણ થાઓ.

कुगुरुनुं स्वरूप

१ २ ४ ३ ५ ६

पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।

८ ९ ७ १० १२ ११

अहछंदोवि य ए ए, अवंदणिज्जा जिणमयंमि ।।९।।

पार्श्वस्थोऽवसन्नो, भवति कुशीलस्तथैव संसक्तः ।

यथा छंदोऽपि चैते - ऽवंदनीया जिनमते ।।९।।

अर्थ : પાસત્થો, ઓસન્નો, કુશીલિયો તેમજ સંસક્તો અને યથાછંદો; એઓ જીનમતને વિષે અવંદનીક છે.

कुगुरुने वंदन करवानुं फल

१ २ ४ ३ ६ ५ ७

पासत्थाइ वंदमाणस्स, नेव कित्ती न निज्जरा होई ।

९ ८ ११ १० १२

जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाइ ।।१०।।

पार्श्वस्थादीन् वन्दमानस्य, नैव कीर्ति र्न निर्ज्जरा भवति ।

जायते कायक्लेशो, बन्धः कर्मण आज्ञायाः (भङ्गः) ।।१०।।

अर्थ : પૂર્વે જેમનાં નામ બતાવ્યાં છે એવા પાસત્થાદિકને

વંદન કરનાર જનની કીર્તિ થતી નથી, નિર્જ્જરા (કર્મક્ષય) તે પણ થતી નથી, પરંતુ કાયાને કલેશ થાય છે. વંદન કરવાના પ્રયાસથી (મહેનતથી) આઠે પ્રકારના કર્મોનો બંધ થાય છે અને જીનાજ્ઞાનો ભંગ થાય છે.

હવે પાસત્થા વિગેરેમાં જેઓ બ્રહ્મચર્યથી રહિત, સ્ત્રીવિલાસને ઈચ્છનારા અને લંપટ હોય છે, તેમને નમસ્કાર કરનારને પૂર્વોક્ત ગેરલાભ થાય છે; પરંતુ નમસ્કાર કરાવનારને શું ગેરલાભ થાય છે? તે કહે છે.

१ २ ४ ५ ३

जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।

६ ८ ७ ९ ११ १०

ते हुंति टुंटमुंटा, बोहिवि सुदुल्लहा तेसिं ॥११॥

ये ब्रह्मचर्यभ्रष्टाः, पादे पातयन्ति ब्रह्मचारिणः ।

ते भवन्ति टुंटमुटा, बोधिरपि सुदुर्लभा तेषाम् ॥११॥

અર્થ : જે બ્રહ્મચર્યભ્રષ્ટપુરૂષો, બ્રહ્મચારી પુરૂષોને પોતાને પગે પાડે છે, તેઓ આવતા ભવમાં લૂલા પાંગળા થાય છે અને સમ્યકત્વ પણ તેઓને અત્યંત દુર્લભ થઈ પડે છે.

१ २ ३ ५ ४

दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।

७ ६ ८ ९ १०

सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ॥१२॥

दर्शनभ्रष्टो, भ्रष्टो, दर्शनभ्रष्टस्य नास्ति निर्वाणम् ।

सिध्यन्ति चरणरहिता, दर्शनरहिता न सिध्यन्ति ॥१२॥

અર્થ : દર્શન એટલે સમ્યકત્વ, તેથી જે ભ્રષ્ટ થાય છે, તે ભ્રષ્ટ કહેવાય છે. દર્શનભ્રષ્ટને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. (દ્રવ્ય) ચારિત્ર રહિત સિદ્ધપદને પામે છે, પણ સમ્યકત્વ રહિત સિદ્ધપદને પામતા નથી.

हवे जिनाज्ञानो अतिक्रम न करवा संबंघो कहे छे.

१ २ ४ ३ ५ ६
तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेई ।
७ ८ ९ १० १२ ११
आणाइ अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ॥१३॥
तीर्थंकरसमः सूरिः सम्यग् यो जिनमतं प्रकाशयत्ति ।
आज्ञामतिक्रामन् स, कापुरुषो न सत्पुरुषः ॥१३॥

અર્થ : તે તીર્થંકરના જેવા આચાર્ય છે, કે જે સમ્યક્ પ્રકારે જીનમતને પ્રકાશે છે, પરંતુ આણા જીનાજ્ઞાનો અતિક્રમ કરે છે, તેને કુત્સિદ પુરૂષ જાણવો, પણ સત્પુરૂષ ન જાણવો.

१ २ ३ ४ ५ ६ ७ ८
जह लोहसिला अप्पंपि, बोलए तह विलग्गपुरिसंपि ।
९ ११ १० १२ १३ १५ १४ १६
इय सारंभो य गुरु , परमप्पाणं च बोलेई ॥१४॥
यथा लोहशिलाऽऽत्मानमपि, बूडयति तथा विलग्नपुरुषमपि ।
एवं सारंभश्च गुरुः, परमात्मानं च बूडयति ॥१४॥

અર્થ : જેમ લોહમય શિલા પોતે બુડે છે અને તેને વળગેલા-તેની ઉપર રહેલા મનુષ્યને પણ્ બુડાડે છે, તેમ સારંભી (આરંભે સહિત) ગુરૂ, બીજા જેઓ તેના ઉપાસક હોય છે તેને અને પોતાના આત્માને બન્નેને બૂડાડે છે.

२ ३ ४ १ ५
किइकम्मं च पसंसा, सुहसीलजणंमि कम्मबंधाय ।
६ ७ ८ ९ १० ११ १२
जे जे पमायठाणा, ते ते उववूहिया हुंति ।।१५।।

कृतिकर्म च प्रशंसा, सुखशीलजने कर्मबन्धाय ।
यानि यानि प्रमादस्थानानि, तानि तान्युपबृंहितानि भवन्ति ।।१५।।

(अनुष्टुप् वृत्तम्)

१ २ ३
एवं णाऊण संसग्गिं, दंसणालावसंथवं ।
५ ४ ६ ७ ८
संवासं च हियाकंखी, सव्वो वाएहिं वज्जए ।।१६।।

एवं ज्ञात्वा संसर्ग - दर्शनाऽऽलापसंस्तवम् ।
संवासं च हिताकाङ्क्षी, सर्वोपायैर्वर्जयेत् ।।१६।।

અર્થ : સુખશીલિયા-ભ્રષ્ટાચારી ગુરૂનું કૃતિકર્મ-દ્વાદશાવર્ત્ત વંદન અને પ્રશંસા કર્મબંધનને અર્થે થાય છે, અને એ પ્રમાણે કરવાથી પ્રમાદનાં જે જે સ્થાનકોનું વધારે સેવન થાય છે, તેનો વૃદ્ધિ કરનાર તે વંદનાનો પ્રશંસા કરવાવાળો થાય છે. એ પ્રમાણે જાણીને

પાસત્થાદિક કુગુરૂનો તથા સારંભી અને સુખશીલ ગુરૂનો સંસર્ગ, તેમનું દર્શન તેમની સાથે આલાપસંલાપ, તેમની સ્તુતિ અને તેમનો સહવાસ પોતાનું હિત ઈચ્છનાર મનુષ્ય સર્વ ઉપાયે કરીને વર્જે છે.

હવે ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેમના ભગ્ન પરિણામ થયા હોય છે, તેને માટે કહે છે.

(आर्यावृत्तम्)

१ ३ २ ४ ५ ६
अहिगिलइ गलइ उअरं, अहवा पच्चुग्गलंति नयणाइं ।
७ ८ ९ १० ११ १२
हा विसमा कज्जगई, अहिणा छच्छुंदरि गहिज्जा ॥१७॥

अघिगिलति गिलत्युदर-मथवा प्रत्युन्दिलन्ति नयनानि ।
हा ! विषमा कार्यगति-रहिना छच्छुदरी गृहीता ॥१७॥

અર્થ : (ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેના શિથિલ પરિણામ થયા હોય છે, તેને સર્પે છછુંદર ગ્રહનણ કર્યા બરાબરનો ન્યાય થાય છે, તે દૃષ્ટાંત બતાવવા માટે કહે છે.) સર્પ જો છછુંદરને મુખમાં ગ્ગરહણ કર્યા પછી ગળી જાય તો તેનું ઉદર ગળી જાય છે, અને જો પાછું કાઢી નાંખે છે, તો નેત્ર નાશ પામે છે ! કાર્યની ગતિ વિષમ થઈ છે કે, સર્પે છછુંદર ગ્રહણ કર્યું !

હવે એવા પરિણામવાળાને સ્થિર કરવાને ચારિત્રધર્મનું વિશેષ પ્રકારે સર્વોત્કૃષ્ટપણું બતાવવા કહે છે.

४ १ २ ३ ५

को चक्कवट्टिरिद्धिं, चइउं दासत्तणं समभिलसई ।

१० ६ ७ ८ ११ ९

को व रयणाइं मुत्तुं, परिगिन्हइ उवलखंडाई ।।१८।।

कश्चक्रवर्तिऋद्धिं त्यक्त्वा दासत्वं समभिलषति ।

को वा रत्नानि मुक्त्वा, परिगृह्णात्युपलखंडानि ।।१८।।

અર્થ : ચક્રવર્તિપણાની ઋદ્ધિને ત્યજી દઈને દાસપણાનો અભિલાષ કોણ કરે ? વળી રત્નને મૂકી દઈને પ્રત્થરનો કકડો કોણ ગ્રહણ કરે ? (જે મૂર્ખ હોય અને લાભાલાભના વિચારથી અજાણ હોય તે તેમ કરે.)

હવે પ્રાપ્ત થયેલું દુઃખ નાશ થશે એમ દૃષ્ટાંતવડે સિદ્ધ કરવા માટે કહે છે.

१ २ ३ ५ ४ ८ ६ ७

नेरइयाणवि दुक्खं, जिज्झइ कालेण किं पुण नराणं ।

९ १४ १३ १० १५ १२ ११ १६ १७

ता न चिरं तुह होई, दुक्खमिणं मा समुव्विियसु ।।१९।।

नैरयिकानामपि दुःखं जीर्यतिकालेन किं पुनर्नराणाम् ।

तस्मान्न चिरं तव भवति, दुःखमिदं मा खिद्यस्व ।।१९।।

અર્થ : નારકીનાં દુઃખ પણ કાળે કરીને નાશ પામે છે. તો મનુષ્યના દુઃખો માટે શુ કહેવું ? તે માટે તને આ દુઃખ ઘણા કાળ સુધી નહિ રહે, એમ સમજી તું ખેદ ન કર.

ચારિત્ર ગ્રહણ કરીને છોડી દેવું તે બહુજ અનિષ્ટ છે એમ બતાવવા માટે કહે છે.

૩ ૧ ૨ ૭ ૪ ૫ ૬

वरं अग्गिम्मि पवेसो, वरं विसुद्धेणकम्मणा मरणं ।

૯ ૮ ૧૨ ૧૧ ૧૦

मा गहियव्वयभंगो, मा जीअं खलिअसीलस्स ॥२०॥

वरमग्नौ प्रवेशो, वरं विशुद्धेन कर्मणा मरणम् ।

मा गृहीतव्रतभंगो, मा जीवितं स्खलितशीलस्य ॥२०॥

અર્થ : અગ્નિમાં પ્રવેશ કરવો તે શ્રેષ્ઠ છે, વિશુદ્ધકર્મ જે અણસણ કરીને મરણ પામવું તે પણ શ્રેષ્ઠ છે, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો તે શ્રેષ્ઠ નથી, તેમજ શીલથી સ્ખલના પામનારનું જીવવું પણ શ્રેષ્ઠ નથી.

પ્રસંગે શ્રદ્ધાની દૃઢતા કરવા માટે સમકિતનું સ્વરૂપ, સમકિતની દુર્લભતા અને સમકિતનું ફળ બતાવે છે.

૧ ૨ ૪ ૩ ૫ ૬ ૭

अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं मह पमाणं ।

૮ ૯ ૧૦ ૧૨ ૧૩ ૧૧

इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥२१॥

अर्हन् देवो गुरवः, सुसाधवो जिनमतं मम प्रमाणम् ।

इत्यादि शुभो भावः, सम्यक्त्वं ब्रुवते जगद् गुरवः ॥२१॥

અર્થ : અરિહંત દેવ, સુસાધુ ગુરૂ અને જૈનશાસન, તે મ્હારે

પ્રમાણ છે - ઈત્યાદિ જ્યાં શુભ ભાવ હોય છે, ત્યાં જગત્‌ગુરૂ તીર્થંકર મહારાજ સમ્યકત્વ કહે છે.

सम्यक्त्वनी दुर्लभता

२ १ ४ ३ ६ ५

लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।

८ ७ १२ १३ ९ १० ११

एगं नवरि न लब्भइ, दुल्लहरयणं च सम्मत्तं ॥२२॥

लभ्यते सुरस्वामित्वं, लभ्यते प्रभुत्वं न सन्देहः ।

एकं नवरं न लभ्यते, दुर्ल्लभरत्नवत् सम्यक्त्वम् ॥२२॥

અર્થ : દેવોનું સ્વામીપણું (ઈન્દ્રપણુ) પામીએ અને પ્રભુતા (ઐશ્વર્યતા-ઠકુરાઈપણું) પણ મેળવીએ એમાં કંઈ સંદેહ જેવું નથી, પરન્તુ વિશેષ પ્રકારે વિચારતાં એક દુર્લભ રત્ન (ચિંતામણી રત્ન) સદશ જે સમ્યકત્વ તે મેળવવું દુષ્કર છે.

सम्यक्त्वनुं फल

१ ३ २ ४ ६ ७ ५

सम्मत्तंमि उ लद्धे विमाणवज्जं न बंधए आउं ।

८ १० ९ ११ १४ १३ १२

जइति न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥२३॥

सम्यत्त्क्वे तु लब्धे, विमानवर्ज्जं न बध्यत आयुः ।

यद्यपि न सम्यत्त्क्वजडो, ऽथवा न बद्धायुष्कः पूर्वम् ॥२३॥

અર્થ : સમ્યકત્વ પ્રાપ્ત કર્યા છતાં પ્રાણી વૈમાનિક દેવતાના આયુષ્ય સિવાય બીજું આયુષ્ય બાંધતો નથી; પણ જો તેણે સમ્યકત્વ પ્રાપ્ત કરીને પાછું વમી નાંખ્યું નહોયતો, અથવા સમ્યકત્વ પ્રાપ્તિની પૂર્વે કોઈ અન્ય ગતિનું નિકાચિત આયુષ્ય ન બાંધ્યું હોય તો એ પ્રમાણે સમજવું.

सामायिकनुं फल

२ ३ ५ ६ ४ १

दिवसे दिवसे लक्खं, देइ सुवन्नस्स खंडियं एगो ।

८ ७ ९ १० १२ १३ ११

एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥२४॥

दिवसे दिवसे लक्षं, ददाति सुवर्णस्य खाण्डिकमेक: ।

एक: पुन: सामायिकं, करोति न प्रभुत्वे तस्ये ॥२४॥

અર્થ : કોઈ પુરૂષ દિન દિન પ્રત્યે લાખ ખાંડી સુવર્ણ આપે છે અને કોઈ પુરૂષ સામાયિક કરે છે; તો તે સામાયિક કરનાર પુરૂષની તુલ્યતા (બરોબરી) કરવાને સુવર્ણની ખાંડી આપનાર પુરૂષ થતો નથી. અર્થાત્ સામાયિકનું ફળ વિશેષ છે.

३ ४ ७ ५ ६

निंदपसंसासु समो, समो अ माणावमाणकारीसु ।

* ८ १ २

समसयणपरयणमणो, सामाइयसंगओ जीवो ॥२५॥

* વાચનનાચાર્ય શ્રી ગુણવિનય વિરચિત વૃત્તિમાં **परियण** એવો પણ પાઠ છે

निन्दाप्रशंसासु समः, समश्च मानापमानकारिषु ।
समस्वजनपरजनमनाः, सामयिक संगतो जीवः ॥२५॥

अर्थ : નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં તથા સ્વજન અને પરજનમાં જેનું મન સમાન છે, તેને સામાયિકસંગત જીવ કહીએ. (સામાયિકમાં સ્થિત પુરૂષ એવો હોય.)

निरर्थक सामायिकनुं फल

४ ५ ६ ७ १ २ ८ ३
सामाइयं तु काउं, गिहिकज्जं जोवि चिंतए सड्ढो ।
९ १२ १० ११
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामाइयं ॥२६॥

सामायिकं तु कृत्वा, गृहकार्यं योपि चिन्तयति श्राद्धः ।
आर्तरौद्रमुपगतो, निरर्थकं तस्य सामायिकम् ॥२६॥

अर्थ : પણ જો શ્રાવક સામાયિક કરતો છતો ગૃહ કાર્યને ચિંતવે અને આર્ત્ત રૌદ્ર ધ્યાનને વશ થાય, તો તેનું સામાયિક નિરર્થક છે.

आचार्यना छत्रीश फल

१ २ ४ ३ ५ ६
पडिरूवाइं चउद्दस, खंतीमाई य दसविहो धम्मो ।
८ ७ ९ ११ १२ १०
बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥२७॥

प्रतिरूपादय श्चतुर्दश, क्षान्त्यादि श्च दशविघो धर्मः ।
द्वादश च भावनाः सूरिगुणा भवन्ति षट्त्रिंशत् ॥૨૭॥

અર્થ : (પ્રતિરૂપ ૧, તેજસ્વી ૨, જુગ પ્રધાન (ઉત્કૃષ્ટ આગમનના પારગામી અર્થાત્ સર્વ શાસ્ત્રના જાણ) ૩, મધુર વચનમાળા ૪, ગંભીર ૫, ધૈર્યવાન્ ૬, ઉપદેશમાં તત્પર અને રૂડા આચારવાળા ૭, સાંભળેલું નહિ ભૂલી જનારા ૮, સૌમ્ય ૯, સંગ્રહશીલ ૧૦, અભિગ્રહ મતિવાલા ૧૧, વિકથા નહિ કરનાર ૧૨, અચપલ ૧૩, અને પ્રશાંત હૃદયવાલા ૧૪, એ પ્રતિરૂપાદિક ચૌદ ગુણ; (ક્ષમા ૧, આર્જવ ૨, માર્દવ ૩, મુક્તિ ૪, તપ ૫, સંયમ ૬, સત્ય ૭, શૌત ૮, અકિંચન ૯, બ્રહ્મચર્ય ૧૦) એ ક્ષમાદિક દશ પ્રકારનો યતિધર્મ (અનિત્ય ૧, અશરણ ૨, સંસાર ૩, એકત્વ ૪, અન્યત્વ ૫, અશુચિ ૬, આશ્રવ ૭, સંવર ૮, નિર્જ્જરા ૯, લોક સ્વરૂપ ૧૦, બોધિદુર્લભ ૧૧, અને ધર્મ ૧૨,) એ બાર ભાવના - એ પ્રમાણે સુરિ-આચાર્યના છત્રીશ ગુણ છે.

साघुमुनिराजना सत्तावीश गुण

૧ ૨ ૩ ૪
छव्वय छकायरक्खो, पंचिंदियलोहनिग्गहो खंती ।
૫ ૭ ૬ ૯ ૧૦ ૮
भावविसुद्धि पडिलेहणा, य करणे विसुद्धी य ॥૨૮॥

षड्व्रतानि षट्कायरक्षा, पंचेन्द्रिय लोभनिग्रहः क्षान्तिः ।
भावविशुद्धिः प्रतिलेखना, च करणे विशुद्धि श्च ॥૨૮॥

૧૧ ૧૨ ૧૩

संजमजोए जुत्तो, अकुसलमणवयणकायसंरोहो ।

૧૪ ૧૫ ૧૭ ૧૬

सीयाइपीडसहणं, मरणं उवसग्गसहणं च ॥२९॥

संयमयोगेयुक्तो, ऽकुशलमनोवचनकायसंरोधः ।

शीतादिपीडासहनं, मरणमुपसर्गसहनं च ॥२९॥

અર્થ : (પ્રાણાતિપાત ૧, મૃષાવાદ ૨, અદત્તાદન ૩, મૈથુન ૪, પરિગ્રહ ૫, અને રાત્રિભોજન ૬) એ છને ત્યાગ કરવા રૂપ છ વ્રત; (પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, વનસ્પતિ ૫ અને ત્રસકાય ૬) રૂપ છકાયની રક્ષા (સ્પર્શેદ્રિય ૧, રસેદ્રિય ૨, ઘ્રાણેંદ્રિય ૩, ચક્ષુરેદ્રિય ૪, અને શ્રોત્રેંદ્રિય ૫) એ પાંચ ઈન્દ્રિયો; અને લોભનો નિગ્રહ ૧૮, ક્ષમા ૧૯, ભાવની વિશુદ્ધિ ૨૦, પડિલેહણ કરવામાં વિશુદ્ધિ ૨૧, સંયમ યોગ યુક્ત રહેવું ૨૨, અકુશલ મન ૨૩, અકુશળ વચન ૨૪, અકુશળ કાયાનો સંરોધ ૨૫, શીતાદિ પીડાનું સહન ૨૬ અને મરણનો ઉપસર્ગ સહન કરવો તે ૨૭, આ પ્રમાણે સતાવીશ ગુણ સાધુના થાય છે.

૨ ૧ ૩ ૫ ૪

सत्तावीसगुणेहिं, एएहिं जो विभूसिओ साहू ।

૬ ૧૧ ૯ ૧૦ ૭ ૮

तं पणमिज्जइ भत्तिब्भरेणहियएण रे जीव ॥३०॥

सप्तविंशतिगुणैरेतै, र्यो विभूषितः साधुः ।
तं प्रणमय भक्तिमरेण हृदयेन रे जीव ! ॥३०॥

અર્થ : પૂર્વોક્ત સત્તાવીશ ગુણે કરીને જે સાધુ વિભૂષિત હોય, તેને રે જીવ ! તું બહુ ભક્તિવાળા હૃદયે કરીને નમસ્કાર કર.

श्रावकना एकवीश गुण

१ २ ४ ५ ६
धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रूववं पगइसोमो ।
७ ८ ९ १० ११
लोगप्पिओ अकूरो, भीरू असढो सुदक्खिन्नो ॥३१॥

धर्मरत्नस्य योग्यो, ऽक्षुद्रो रूपवान् प्रकृतिसौम्यः ।
लोकप्रियोऽक्रूरो, भीरुरशठः सुदाक्षिण्यः ॥३१॥

१२ १३ १४ १५ १६ १७
लज्जालू अ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।
१८ १९ २० २१
सक्कह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥३२॥

लज्जालुश्च दयालु, मध्यस्थः सौम्यदृष्टिर्गुणरागी ।
सत्कथकः सुपक्षयुक्तः, सुदीर्घदर्शी विशेषज्ञः ॥३२॥

२२ २३ २४ २६ २५

वुड्ढाणूगो विणिओ, कयन्नुओ परहिअत्थकारी अ ।

२७ २८ २९ ३० ३१ ३

तह चेव लद्धलक्खो, इगवीसगुणो हवइ सड्ढो ॥३३॥

वृद्धानुगो विनीतः, कृतज्ञः परहितार्थकारी च ।

तथाचैव लब्धलक्ष्य-एकविंशतिगुणो भवति श्राद्धः ॥३३॥

अर्थ : ધર્મરત્નને યોગ્ય એવો શ્રાવક એકવીશ ગુણે કરીને યુક્ત હોય. તે એકવીશ ગુણ આ પ્રમાણે -અક્ષુદ્ર ૧, રૂપવંત ૨, પ્રકૃતિએ સૌમ્ય ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, ભીરૂ ૬, અશઠ ૭, સુદાક્ષિણ્યવાન્ ૮, લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ ૧૧, ગુણરાગી ૧૨, સત્કથક ૧૩, સુપક્ષયુક્ત ૧૪, સુદીર્ઘદર્શી ૧૫, વિશેષજ્ઞ ૧૬, વૃદ્ધાનુગ ૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ ૧૯, પરહિતાર્થકારી ૨૦, તેમજ લબ્ધ લક્ષ ૨૧,

जिनागमनु उत्कर्षपणुं

(अनुष्टुप्वृत्तम्)

४ २ ३ १

कत्थ अम्हारिसा पाणी, दूसमा दोसदूसिआ ।

५ १० ११ १२ ८ ९ ६ ७

हा अणाहा कहं हुंता, न हुंतो जइ जिणागमो ॥३४॥

कुत्रासमादृशः प्राणिनो, दुःषमदोषदूषिताः ? ।

हा ! अनाथा : कथमभविष्य-न्नाभविष्यद्यदि जिनागमः ॥३४॥

અર્થ : દૂષમ કાલના દોષે કરી દૂષિત એવા અમારા જેવા પ્રાણીઓ ક્યાં ? અર્થાત્ શું ગણત્રીમાં ? ઘણી ખેદજનક વાત છે કે, જો જિનાગમ ન હોત તો અનાથ એવા જે અમે તેનું શું થાત ? અર્થાત્ સ્વામી રહિત અમોને જિનાગમ જ પંચમકાળમાં આધાર છે.

आगमन आदर करवामां रहेल तात्पर्य

१ २ ३ ४
आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणो ।

५ ६ ७ ९ ८ १०
तित्थनाहो गुरु धम्मो, सव्वे ते बहुमन्निया ॥३५॥

आगममाचरता, आत्मनोहितकाङ्क्षिणा ।
तीर्थनाथो गुरुर्धर्मः, सर्वे ते बहुमान्याः ॥३५॥

અર્થ : આગમને અર્થાત્ આગમોક્ત રહસ્યને આચરતા છતા આત્માના હિતેચ્છુ પુરુષે તીર્થનાથ અરિહંત ભગવંત, સદ્ગુરૂ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ સર્વ બહુ માનનીય છે (સત્યપણે અંગીકાર કરવા યોગ્ય થાય છે.)

क्या संघने संघ न कहेवो ?

(आर्यावृत्तम्)

१ २ ४ ३
सुहसीलाओ सच्छंदचारिणो, वेरिणो सिवपहस्स ।

५ ६ ९ १० ७ ८
आणाभट्ठाओ बहुजणाओ, मा भणह संघुत्ति ॥३६॥

सुखशीलाः स्वच्छन्दचारिणो, वैरिणः शिवपथस्य ।
आज्ञाभ्रष्टान् बहुजनान्, मा भणतु संघ इति ॥३६॥

अर्थ : ગૌતમસ્વામી પ્રત્યે શ્રી વીર ભગવંત કહે છે, સુખશીલિયા અર્થાત્ સુખને વિષે સ્થાપન કર્યો છે આત્મા જેણે એવા અને સ્વેચ્છા મુજબ વર્ત્તવાવાળા, તથા મોક્ષમાર્ગના વૈરી, તેમજ જિનાજ્ઞા થકી ભ્રષ્ટ એવા ઘણા લોકો હોય, તો પણ તેને સંઘ એમ ન કહેવો.

केवा संघने संघ कहेवो ?

१ २ ४ ३ ५ ६ ७ ९ ८
एगो साहू एगा, य साहुणी सावओवि सड्ढी वा ।
१० ११ १३ १२ १४
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठीसंघाओ ॥३७॥

एकः साधुरेका च साध्वी, श्रावकोऽपि श्राद्धी वा ।
आज्ञायुक्तः संघः शेषः पुनरस्थिसंघातः ॥३७॥

अर्थ : એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા (આ ચાર ભેદ કરીને સંઘ કહેવાય છે,) તેમાં જે જિનાજ્ઞાએ કરીને યુક્ત હોય, તેને સંઘ કહેવો. બાકીનાને હાડકાનો સંઘ સમૂહ કહેવો.

संघनुं लक्षण

१ २ ३

निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।

५ ४ ६ ९ ७ ८

तित्थयराण य पुज्जो, वुच्चइ एयारिसो संघो ।।३८।।

निर्मलज्ञानप्रधानो, दर्शनयुक्तश्चारित्रगुणवान् ।

तीर्थकराणां च पूज्य, उच्यत एतादृशः संघः ।।३८।।

अर्थ : નિર્મલ જ્ઞાનની છે પ્રધાનતા જેને વિષે, (નિર્મલ જ્ઞાનવાન) દર્શન જે સમ્યકત્વ તેણે કરીને યુક્ત અને ચારિત્રના ગુણે કરીને અલંકૃત એવો જે સંઘ છે, તે તીર્થકર ભગવંતને પણ પૂજ્ય છે; તેથી એવા ગુણવાનને સંઘ કહીએ.

जिनाज्ञानुं मुख्यपणुं

१ २ ३ ५ ४

जह तुसखंडण, मयमंडणाइ रुण्णाइ सुन्नरन्नंमि ।

६ ७ १० ८ ९

विहलाई तह जाणसु, आणारहियं अणुट्ठाणं ।।३९।।

यथा *तुषखंडन, मृचमंडनानि X रुदितानि शून्यारण्ये ।

विफलानि तथा जानीहि, आज्ञारहितमनुष्ठान्म ।।३९।।

---

* तुषकण्डनानि इति टीकायाम्

X रोदनानीत्यपि.

અર્થ : જેમ ફોતરાને ખાંડવું, મડદાને શણગારવું અને શૂન્ય અરણ્યમાં રોવું નિષ્ફલ છે, તેમ આજ્ઞા રહિત અનુષ્ઠાન પણ નિષ્ફળ જાણવું.

१ २ ३ ४ ५ ६ ८ ७

आणाइ तवो आणाइ, संजमो तह य दाणमाणाए ।

९ १० ११ १२ १३

आणारहिओ धम्मो, पलाल पुल्लूव पडिहाई ॥४०॥

आज्ञया तपः आज्ञया, संयम स्तथा च दानमाज्ञया ।

आज्ञारहितो धर्मः, पलालपूलकवत् प्रतिभाति ॥४०॥

અર્થ : આજ્ઞાએ જ તપ, આજ્ઞએ જ ચારિત્ર અને આજ્ઞાએ જ દાન કરવું; કેમકે આજ્ઞા રહિત જે ધર્મ છે, તે તૃણ સમૂહની પેઠે શોભે છે. અર્થાત્ આજ્ઞા રહિત ધર્મ શોભતો નથી.

आज्ञा रहितपणे करेली धर्मक्रिया निरर्थक छे.

१ २ ३ ५ ४

आणाखंडणकारी जइति तिकालं महाविभूईए ।

७ ६ ८ १० ९

पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥४१॥

आज्ञाखंडनकारी, यद्यपि त्रिकालं महाविभूत्या ।

पूजयति वीतरागं, सर्वमपि निरर्थकं तस्य ॥४१॥

અર્થ : શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાળો પુરૂષ જો

કે, મ્હોટી સંપદાવડે કરીને ત્રણે કાલ વીતરાગ દેવની પૂજા કરે, તોપણ તે સર્વે ક્રિયા જેની પૂજા કરવી છે, તેની આજ્ઞાથી બહાર હોવાથી નિરર્થક છે.

૨ ૩ ૪ ૫ ૭ ૬ ૧

रन्नो आणाभंगे, इक्कुच्चि य होइ निग्गहो लोए ।

૮ ૯ ૧૦ ૧૧

सव्वन्नुआणभंगे, अणंतसो निग्गहो होई ॥४२॥

राज्ञ आज्ञाभंगे, एकश्चैव भवति निग्रहो लोके ।

सर्वज्ञाज्ञाभंगे, अनन्तशो निग्रहो भवति ॥४२॥

अर्थ : આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એક જ વાર નિગ્રહ-દંડ થાય છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરવાથી અનંતીવાર નિગ્ગરહ-બહુ જન્મોને વિષે છેદન, ભેદન, જન્મ, જરા, મરણ શોક અને રોગાદિ રૂપ દંડને પામે છે.

अविधिए अने विधिए करेला धर्ममां अंतरपणुं.

१ ३ २ ४ ५ ६

जह भोयणमविहिकयं, विणासए विहिकयं जियावेई ।

७ ८ ९ ११ १० १२ १३

तह अविहिकओ धम्मो, देइ भवं विहिकओमुक्खं ॥४३॥

यथा भोजनमविधिकृतं, विनाशयेद्विधिकृतं जीवयति ।

तथाऽविधिकृतधर्मो, ददाति भवं विधिकृतो मोक्षम् ॥४३॥

અર્થ : જેમ અવિધિયે કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિયે કરેલું ભોજન પુષ્ટિ આપે છે, તેમ અવિધિયે કરેલો ધર્મ સંસારને વધારે છે અને વિધિએ કરેલો ધર્મ મોક્ષને આપે છે.

द्रव्यस्तव अने भावस्तवनुं अंतरपणुं

१ ३ २ ४ ५ ६ ७

मेरुस्स सरिसवस्स य, जित्तियमित्तं तु अंतरं होई ।

११ ९ १० ८ १२

दव्वत्थयभावत्थय, अंतरमिह तित्तियं नेयं ॥४४॥

मेरोः सर्षपस्य च, यावन्मात्रं त्वन्तरं भवति ।

द्रव्यस्तवभावस्तवयो-रन्तरमत्र तावज्ज्ञेयम् ॥४४॥

અર્થ : મેરૂપર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલું અંતર અહિં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં જાણવું.

द्रव्यस्तव अने भावस्तवनुं उत्कृष्ट फल

१ २ ३ ६ ४ ५

उक्कोसं दव्वत्थयं, आराहिय जाइ अच्चुयं जाव ।

७ १० ८ ९

भावत्थएण पावइ, अंतमुहुत्तेण निव्वाणं ॥४५॥

उत्कृष्टं द्रव्यस्तव, माराध्य यात्यच्युत्ते यावद् ।

भावस्तवेन प्राप्नो-त्यन्तर्मुहूर्तेणम् ॥४५॥

અર્થ : દ્રવ્યસ્તવનો આરાધક વધારેમાં વધારે અચ્યુત નામે

બારમા દેવલોક સુધી જાય અને ભાવસ્તવે કરીને અંત મુહૂર્તમાં નિર્વાણ પામે.

केवा गच्छनो त्याग करवो ?

४ १ ३ ५ ६ २

जत्थ य मुणिणो कयवि, क्कयाइ कुव्वंति निच्चपब्भट्ठा ।

७ ८ ९ १० ११ १२ १३

तं गच्छं गुणसायरं, विसंव दूरं परिहरिज्जा ॥४६॥

यत्र च मुनयः क्रयवि-क्रयादिं कुर्वन्ति नित्यप्रभष्टाः ।

तं गच्छं गुणसागर !, विषवत् दूरं परिहर ॥४६॥

અર્થ : જે ગચ્છમાં નિત્ય ભ્રષ્ટાચારી એવા મુનિયો ક્રયવિક્રયાદિ કરે છે, તે ગચ્છને હે ગુણસાગર ! વિષની પેઠે દૂર ત્યજી દે.

२ १ ३ ४ ५ ६

जत्थ य अज्जालद्धं, पडिग्गहमाइय विविहमुवगरणं ।

८ ७ १० ९ १२ ११

पडिभुंजइ साहूहिं, तं गोयम केरिसं गच्छं ॥४७॥

यत्र चार्यालब्धं, प्रतिग्रहादिक विविघमुपकरणम् ।

प्रतिभुज्यते साघुभिः, स गौतम ! कीदृशो गच्छः ? ॥४७॥

અર્થ : જે ગચ્છમાં સાધ્વીએ લાવેલાં વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો સાધુઓ ભોગવે છે, હે ગૌતમ ! તે કેવો ગચ્છ ? અર્થાત્ કાંઈ નહિ એવો જાણવો.

१ ८ ३ ५ ४ ७ ६ २

जहि नत्थि सारणा वारणा, य पडिचोयणा य गच्छंमि ।

९ १० १२ ११ १३ १४

सो अ अगच्छो गच्छो, संजमकामीहि मुत्तव्वो ॥४८॥

यत्र नास्ति सारणा, वारणा च प्रतिचोदना च गच्छे ।

स चागच्छो गच्छः, संयमकामिभि मोंक्तव्यः ॥४८॥

અર્થ : જે ગચ્છમાં સારણા, વારણા, ચ શબ્દથી ચોયણા અને પડિચોયણા થતી નથી, તે ગચ્છ અગચ્છ તુલ્ય છે, તેથી સંયમના વાંચ્છક મુનિયોએ તે ગચ્છને તજી દેવો.

ગચ્છની ઉપેક્ષા કરવાનું અને પાળવાનું ફળ.

२ १ ३ ६ ४ ५ ७

गच्छं तु उवेहंतो, कुव्वइ दीहंभवे विहीएओ ।

९ ८ १२ १० ११ १३ १४

पालंतो पुण सिज्झइ, तइअ भवे भगवई सिद्धं ॥४९॥

गच्छं तूपेक्षयन्, कुर्याद्दीर्घं भवं विधिना ।

पालयन्पुनः सिध्यति, तृतीयभवे भगवत्यां सिद्धम् ॥४९॥

અર્થ : ગચ્છની ઉપેક્ષા કરે તો દીર્ઘ - લાંબા ભવ કરે અને વિધિપૂર્વક પાલન કરે તો ત્રીજે ભવે સિદ્ધપદ પામે. એ પ્રમાણે શ્રી ભગવતિસૂત્રમાં સિદ્ધપણે કહ્યું છે.

२ ७ ८ ५ ६ ९ १०

जत्थ हिरन्नसुवन्नं, हत्थेण पराणगंपि नो छिप्पे ।

३ ४ १४ १ १२ ११ १३

कारणसमप्पियंपि हु, गोयम गच्छं तयं भणियं ॥५०॥

यत्र हिरण्यसुवर्णं, हस्तेन परकीयमपि नो स्पृशेत् ।

कारणसमर्पिमपि हि, गौतम ! गच्छः स भणितः ॥५०॥

અર્થ : જે ગચ્છમાં મુનિયો કારણથી આપ્યા છતાં પણ પારકા એવા હિરણ્ય અને સુવર્ણને હસ્તસ્પર્શ પણ કરતા નથી, તેવા ગચ્છને ગચ્છ કહ્યો છે.

१ २ ४ ३

पुढविदगअगणिमारुअ-वणस्सइ तहतसाणविविहाणं ।

५ ६ ९ ८ १० ७ ११ १२

मरणंतेवि न पीडा, कीरइ मणसा तयं गच्छं ॥५१॥

पृथ्व्युदकाऽग्निमारुत, वनस्पतीनां तथा त्रसाणां विविधानाम् ।

मरणान्तेऽपि न पीडा, क्रियते मनसा स गच्छः ॥५१॥

અર્થ : પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને વિવિધ પ્રકારના ત્રસ જીવોને જેઓ મરણાંતે પણ મનવડે કરીને પણ પીડા કરતા નથી, એવા ગચ્છને ગચ્છ કહેવો.

७ ८ १ २ ३
मूलगुणेहिं विमुक्कं, बहुगुणकलियंपि लद्धिसंपन्नं ।
४ ६ ५ ९ १० ११
उत्तमकुलेवि जायं, निद्धाडिज्जइ तयं गच्छं ॥५२॥

मूलगुणैर्विमुक्तं, बहुगुणकलितमपि लब्धिसंप्राप्तम् ।
उत्तमकुलेऽपि जातं, निर्घाटयति स गच्छः ॥५२॥

अर्थ : કોઈ પણ મુનિ બીજા બહુ ગુણે અલંકૃત હોય, લબ્ધિસંપન્ન હોય અને ઉત્તમ કુલમાં ઉત્પન્ન થએલા હોય, તોપણ મૂળ ગુણે કરીને વિમુક્ત હોય; એવાને જે કાઢી મૂકે છે, એવો ગચ્છ તે જ ગચ્છ છે.

१ ४ ५ ३
जत्थ य उसहादीणं, तित्थयराणं सुरिंदमहियाणं ।
२ ६ ७ ८ ९ १०
कम्मट्ठविमुक्काणं, आणं न खलिज्जइ स गच्छो ॥५३॥

यत्र च ऋषभादीनां, तीर्थकराणां सुरेन्द्रमहितानाम् ।
कर्माष्टविमुक्ताना, माज्ञा न स्खलति स गच्छः ॥५३॥

अर्थ : જે ગચ્છમાં અષ્ટકર્મ વિમુક્ત અને સુરેંદ્રપૂજિત શ્રી ઋષભાદિક તીર્થંકરોની આજ્ઞા સ્ખલના પામતી નથી, તે ગચ્છને ગચ્છ જાણવો.

२ १ ६ ७ ४ ५ ८ ९ ३

जत्थ य अज्जाहिं समं, थेराविं न उल्लवंति गयदसणा ।

१३ १० १४ ११ १२ १५ १६

न य झायंतित्थीणं, अंगोवंगाइं तं गच्छं ॥५४॥

यत्रचार्याभिः समं, स्थविराअपिनोल्लपन्ति गतदशनाः ।

न च ध्यायन्ति स्त्रीणा-मंगोपांगानि स गच्छ) ॥५४॥

અર્થ : જે ગચ્છને વિષે જેના દાંત પણ ગએલા છે એવાં સ્થવિર પણ, સાધ્વીની સાથે બોલતા નથી અને સ્ત્રીનાં અંગોપાંગને નિરખતા નથી, તેને ગચ્છ કહીએ.

४ ३ २

वज्जेइ अप्पमत्तो, अज्जासंसग्गि अग्गिविससरिसी ।

५ ६ १० ९ ७ ८

अज्जाणुचरो साहू, लहइ अकित्ति खु अचिरेण ॥५५॥

वर्जयत्यप्रमत्त, आर्यासंसर्गमग्निविषसदृशम् ।

आर्यानुचरः साघु, र्लभतेकीर्तिं खल्वचिरेण ॥५५॥

અર્થ : અપ્રમત્ત મુનિ મહારાજાએ અગ્નિ અને વિષ સદૃશ આર્યાનો જે સંસર્ગ છે, તે વર્જવો. આર્યાનો (સાધ્વીનો) અનુચર સાધુ નિશ્ચે સ્વલ્પકાલમાં અપકીર્તિ પામે છે.

१ ३ २ ४ ६ ५

जो देइ कणयकोडिं अहवा कारेइ कणयजिण भवणं ।

७ १० ८ ९ ११ १२ १३

तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभव्वए घरिए ।।५६।।

यो ददाति कनककोटिं, मथवा कारयति कनकजिनभवनम् ।

तस्य न तावत्पुण्यं, यावद् ब्रह्मव्रते घारिते ।।५६।।

અર્થ : જો કોઈ પ્રાણી સુવર્ણની કોટિ અર્થાત્ ક્રોડો રૂપિયાની કિમ્મતનું સુવર્ણ યાચકોને આપે, અથવા કંચનનું જિનભવન કરાવે, તોપણ તેને તેટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મવ્રત ધારણ કરનારને થાય છે.

१ २ ४ ६ ३ ५ ७

सीलं कुलआहणं, सीलं रूवं च उत्तमं होइ ।

८ १० ९ ११ १४ १२ १३

सीलं चिय पंडित्तं, सीलं चिय निरुवमं घम्मं ।।५७।।

शीलं कुलाभरणं, शीलं रूपं चोत्तमं भवति ।

शीलं चैव पाण्डित्यं, शीलं चैव निरुपमो धर्मः ।।५७।।

અર્થ : શીળ કુળના આભરણ સમાન છે, શીળ તેજ ઉત્તમ રૂપ છે, શીળ તે જ પાંડિત્ય છે અને શીળ તે જ નિરૂપમ ધર્મ છે.

कुमित्रनो संग वर्जवानो उपदेश

(अनुष्टुप् वृत्तम्)

૨ ૧ ૪ ૩ ૬ ૫

वरं वाही वरं मच्चू, वरं दारिद्दसंगमो ।

૯ ૮ ૭ ૧૨ ૧૦ ૧૧

वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो ॥५८॥

वरं व्याधि र्वरं मृत्यु, र्परं द्रारिद्र्यसंगमः ।

वरमण्यवासश्च, मा कुमित्राणां संगमः ॥५८॥

અર્થ : વ્યાધિ, મૃત્યુ અને દારિદ્યનો સંગમ તેમજ અરણ્યમાં વાસ એ સઘળું શ્રેષ્ઠ છે, પરંતુ કુમિત્રનો સંગમ તેવો નથી.

૧ ૨ ૩ ૪

अगीयत्थ कुसीलेहिं, संग तिविहेण वोसिरे ।

૬ ૫ ૭ ૯ ૧૦ ૮

मुक्खमग्गमीमे विग्घं, पहंमि तेणगे जहा ॥५९॥

अगीतार्थ कुशीलैः, संगं त्रिविधेन व्युत्सृजेत् ।

मोक्षमार्गे इमे विघ्नाः, पथि स्तेनको यथा ॥५९॥

અર્થ : અગીતાર્થ અને કુશીલિયાનો સંગ ત્રિવિધે કરીને તજી દેવો. કેમકે રસ્તામાંના ચોરની પેઠે તેઓ મોક્ષ માર્ગમાં વિન્ઘ કરનારા છે.

अगीतार्थ अने कुशीलियाने नजरे पण न जोवा

(आर्यावृत्तम)

३ ५ ६ ४

उम्मग्गदेसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।

१ २ १० ९ ११ ७ ८

वावन्नदंसणा खलु, न हु लब्भा तारिसं दट्ठुं ।।६०।।

उन्मार्गदेशनया, तरणं नाशयन्ति जिनवरेन्द्रणाम् ।

व्यापन्नदर्शनाः खलु, नहि लभ्यं तादृशां दर्शनम् ।।६०।।

અર્થ : ઉન્માર્ગની દેશના દેવાથી નિશ્ચે નાશ પામ્યું છે સમકિત જેઓનું એવા પુરૂષો શ્રી જિનેશ્વર ભગવંતનું કહેલું ચારિત્ર નાશ પમાડે છે, માટે તેવાઓનું દેખવું પણ ન થાઓ.

२ ३ १ ४

परिवारपूअहेऊ ओसन्नाणं च आणुवित्तीए ।

५ ६ ७ ८ ९

चरणकरणनिगूहई, तं दुलहं बोहिअं जाणं ।।६१।।

परिवारपूजाहेतवे - ऽवसन्नानामनुवृत्या ।

चरणकरणौ निगुह्यति, तंदुर्लभबोधिकं जानीहि ।।६१।।

અર્થ : પરિવારના પૂજાના હેતુથી ઓસન્નાની અનુવૃત્તિએ ચાલે અને ચરણસિત્તરી કરણસિત્તરીને ગોપવે, તેને સમકિત દુર્લભ જાણવું.

ओसन्नानी निश्राए चालवाथी सारा मुनिमां पण दोष प्राप्त थाय छे. त्यां दृष्टांत कहे छे.

२ १ ४ ३ ५ ६ ८ ७

अंबस्स य निंबस्स य, दुण्हंपि समागयाइं मूलाइं ।

९ १० ११ १२ १३

संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥६२॥

आम्रस्य च निम्बस्य च, द्वयोरपि समागतानि मूलानि ।

संसर्गेण विनष्ट, आम्रो निम्बत्वं प्राप्तः ॥६२॥

अर्थ : આંબાના અને લીંબડાના એ બન્નેનાં મૂળ એકઠાં થયાં, તેમાં લીંબડાના સંસર્ગથી આંબો વિનષ્ટ થયો અને લીંબડાપણાને પામ્યો.

१ २ ३ ४ ५ ६

पक्कणकुले वसंतो, सउणीपारोवि गरहिओ होई ।

७ ८ १० ११ ९

इय दंसणा सुविहिआ, मज्झि वसंता कुसीलाणं ॥६३॥

पक्वणकुले वसन्, शकुनिपारोऽपि गर्हितो भवति ।

इति दर्शन सुविहिता, मध्ये वसन्तः कुशीलानाम् ॥६३॥

अर्थ : ચંડાળના કુળને વિષે વસતો એવો શકુન પારક (જ્યોષી) પણ નિંદાને પાત્ર થાય છે. તેમ જ સુવિહિત એવા મુનિ કુશીલિયામાં વસવાથી નિંદનીક થાય છે.

उत्तमनी संगतथी थतो लाभ

१ २ ३ ५ ४

उत्तमजणसंसग्गी, सील दरिद्दंपि कुणई सीलड्ढं ।

६ ७ ८ ९ १० ११

जह मेरुगिरि विलग्गं, तणंपि कणगत्तणमुवेई ।।६४।।

उत्तमजनसंसर्गः, शीलदरिद्रमपि करोति शीलाढयम् ।

यथा मेरुगिरिविलग्नं, तृणमपि कनकत्वमुपैति ।।६४।।

अर्थ : ઉત્તમ જનની સંગતિ, શીળ રહિત પુરુષને પણ શીળયુક્ત કરે છે, જેમ મેરૂપર્વત સાથે લાગેલાં તૃણ પણ સુવર્ણપણાને પામે છે.

मिथ्यात्व, महादोषने उत्पन्न करनारुं छे.

१० ९ ७ ११ ८ १३ १२ १४ १५ १४

नवि तं करेसि अग्गी, नेव विसं नेव किन्हसप्पो अ।

४ ६ ५ १ ३ २

जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ।।६५।।

नापि तत्करोत्यग्नि, नैव विषं नैव कृष्णसर्पश्च ।

यत् करोति महादोषं, तीव्रं जीवस्य मिथ्यात्वम् ।।६५।।

अर्थ : તીવ્ર મિથ્યાત્વ, જીવને જેટલો મહાન્ દોષ કરે છે, તેટલો દોષ અગ્નિ, વિષ અને કાળો સર્પ પણ કરતો નથી.

मिथ्यात्व छते बीजुं सर्व निरर्थक छे.

१ २ ३ ४ ६ ७ ५
कट्ठं करेसि अप्पं, दमेसि अत्थं चयंसि धम्मत्थं ।
९ १० ११ ९ १२ १३
इक्कं न चयंसि मिच्छत्तं, विसलवं जेण वुड्ढिहिसि ॥६६॥

कष्टं करोष्यात्मानं, दमयस्यर्थं त्यजसि धर्मार्थम् ।
एकं न त्यजसि मिथ्यात्वं, विषलवं येन वर्द्धयसि ॥६६॥

अर्थ : કષ્ટ કરે છે, આત્માને દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને તજે છે, પણ જો વિષલવ તુલ્ય મિથ્યાત્વને તજતો નથી, તો તે સર્વ નિરર્થક છે; કારણ કે મિથ્યાત્વથી પ્રાણી સંસારસમુદ્રને વધારે છે.

यतनानो प्राधान्यता

२ १ ३ ५ ६ ७ ४
जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
९ ८ ११ १०
तववुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥६७॥

यतना च धर्मजननी, यतना धर्मस्य पालनी चैव ।
तपोवृद्धिकरी यतनै-कान्तसुखावहा यतना ॥६७॥

अर्थ : જયણા ધર્મની માતા છે, જયણા ધર્મનું પાલન કરનારી છે, જયણા તપની વૃદ્ધિ કરનારી છે અને એકાંત સુખને આપનારી

પણ જયણા છે.

कषायनुं फळ

४ ६ ५ १ ३ २

जं अज्जिअं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।

७ ८ ९ १२ १० ११

तं पि कसाइमित्तो, हारेइ नरो मुहुत्तेणं ।।६८।।

यदर्जितं चारित्रं, देशोनयाऽपि पूर्वकोटया ।

तदपि कषायितमात्रो, हारयति नरो मुहूर्तेन ।।६८।।

અર્થ : દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ સુધી પણ ચારિત્ર પાલવાથી જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય, તેને પણ એક મુહૂર્ત માત્ર કષાય કરવાથી પ્રાણી હારી જાય છે.

चारे कषायना दोषोनुं जुदुं जुदुं वर्णन करे छे.

(अनुष्टुप्वृत्तम)

१ २ ३ ४ ५

कोहो पीई पणासेई, माणो विणयनासणो ।

६ ७ ८ ९ १०

माया मित्ताणि नासेई, लोहो सव्वविणासणो ।।६९।।

क्रोधः प्रीतिं प्रणाशयति, मानो विनयनाशनः ।

माया मित्राणि नाशयति, लोभः सर्वविनाशनः ।।६९।।

અર્થ : ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે

છે, માયા મિત્રોનો નાશ કરે છે; અને લોભ સર્વનો વિનાશી છે.

क्षमाना गुणो

(आर्यावृत्तम)

१ २ ३ ७ ६ ४ ५

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।

१३ ९ १० ८ १२ ११

हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ।।७०।।

क्षान्तिः सुखानां मूलं, मूलं धर्मस्योत्तमा क्षान्तिः ।
हरति महाविद्येव, क्षान्तिर्दुरितानि सर्वाणि ।।७०।।

અર્થ : ક્ષમાં સુખનું મૂલ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ ક્ષમા છે. મહા વિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુ:ખોને હરે છે.

पापश्रमणनुं लक्षण

(अनुष्टुप् वृत्तम्)

१ २ ३ ५ ४ ६

सयं गेहं परिच्चिवज्ज, परगेहं च वावडे ।

८ ७ ९ १० ११ १२

निमित्तेण य ववहरई, पावसमणुत्ति वुच्चई ।।७१।।

स्वकं गृहं परित्यज्य, परगृहं च व्याप्रियते ।
निमित्तेन च व्यवहरति, पापश्रमण इत्युच्यते ।।७१।।

અર્થ : જે પોતાનું ઘર તજી દઈને પરઘરને જોયા કરે છે,

પરને વિષે મમત્વ ધારણં કરે છે અને નિમિત્ત વડે વ્યાપાર કરે છે તેને પાપશ્રમણ કહેવામાં આવે છે.

१ २ ४ ३

दुद्ध दही विगईओ, आहारेई अभिक्खणं ।

६ ७ ५ ८ ९ १०

न करेइ तवोकम्मं, पावसमणुत्ति वुच्चइ ।।७२।।

दधिदुग्धे विकृती, आहारयत्यभीक्ष्णम् ।

न करोति तपः कर्म, पापश्रमण इत्युच्यते ।।७२।।

अर्थ : દુધ, દહિં અને ઘૃતાદિક વિગય વારં વાર વાપરે અને તપકર્મ ન કરે, તેને પાપશ્રમણ કહેવામાં આવે છે.

पांच प्रमाद सेववानुं फळ

१ २ ३ ६ ४ ५ ८

मज्जं विसय कसाया, निद्दा विकहा य पंचमी भणिया ।

७ ९ १० ११ १३ १२

ए ए पंच पमाया, जीवं पाडंति संसारे ।।७३।।

मंद्यविषयकषायौ, निद्रा विकथा च पंचमी भणिता ।

एते पंच प्रमादा, जीवं पातयन्ति संसारे ।।७३।।

अर्थ :મદ, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા એ કહેલા પાંચ પ્રમાદો જીવને સંસારને વિષે પાડે છે.

निद्राथी थती हानी.

१ २ ६ ५ ३ ४

जइ चउदसपुव्वधरो, वसई निगोएसुऽणंतयं कालं ।

८ ७ १३ ११ १० ९

निद्दापमायवसओ, ता होहिसि कह तुमं जीव ॥७४॥

यदि चतुर्दशपूर्वधरो, वसति निगोदेष्वनंतकं कालम् ।

निद्राप्रमादवशग-स्ततो भविष्यसि कथं त्वं जीव ! ॥७४॥

अर्थ : જ્યારે નિદ્રારૂપ પ્રમાદના વશ થકી ચૌદ પૂર્વ ધર નિગોદને વિષે અનંતકાલ સુધી રહે છે, તો હે જીવ ! ત્હારૂં શું થશે ? અર્થાત્ તું જો નિદ્રાપ્રમાદને વશ પડયો તો કદિપણ ઉંચો આવી શકીશ નહીં.

ज्ञान अने क्रियानी आवश्यकता

३ २ १ ६ ४ ५

हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।

७ ८ १२ १० ९ ११

पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥७५॥

हतं ज्ञानं क्रियाहीनं, हताऽज्ञानतः क्रिया ।

पश्यन्नपि पंगुर्दग्धो, धावमानश्चान्धकः ॥७५॥

અર્થ : ક્રિયાહીન જે જ્ઞાન છે તે હણાયલું છે અને અજ્ઞાન પણાથી ક્રિયા હણાએલી છે. અર્થાત્ જ્ઞાનવડે શુભાશુભ ભાવ

કૃત્યાકૃત્ય જાણે છે, પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી તો તેથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. અહિંયાદ્દષ્ટાંત કહે છે. પાંગળો દેખતો થકો દાઝયો અને આંધળો દોડીને દાઝયો.

(उपजातिवृत्तम)

१ २ ३
संजोग सिद्धिअ फलं वयंति,
७ ४ ६ ५ ८
न हु एगचक्केण रहो पयाई ।
१० ९ १२ ११ १३ १४
अंधो य पंगू य वणे समिच्चा,
१५ १६ १७ १८
ते संपणट्ठा नगरं पविट्ठा ।।७६।।

संयोगसिद्धिकं फलं वदन्ति,
नह्येकचक्रेण रथः प्रयाति ।
अन्धश्च पङ्गुश्च वनके समेत्य,
तौ संप्रयुक्तौ नगरं प्रविष्टौ ।।७६।।

અર્થ : પંડિત પુરૂષો જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિ વડે જ મુક્તિ રૂપ ફલની પ્રાપ્તિ કહે છે, કારણ કે એક પૈડે કરીને રથ ચાલતો નથી, પણ બે પૈડાંવડે જ ચાલી શકે છે. અહિંયા દ્દષ્ટાંત કહે છે. આંધળો અને પાંગળો વનને વિષે એકઠા મળીને ત્યાંથી તેઓ નાઠા અને તેઓ નગરમાં પેસી ગયા.

चारित्रनी प्राधान्यता.

(आर्यावृत्तम)

१ २ ४ ३ ६ ७ ५

सुबहुंपि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ।

९ ८ १० ११

अंधस्स जह पलित्ता, दिवसयसहस्सकोडीओ ॥७७॥

सुबह्वपि श्रुतमधीतं, किं करिष्यति चरणविप्रहीणस्य ।

अन्धस्य यथा प्रज्वलिता, दीपशतसहस्त्रकोटयः ॥७७॥

अर्थ : અત્યંત જ્ઞાનાભ્યાસ કર્યો હોય તોપણ ચારિત્ર રહિતને જ્ઞાન શું અસર કરે ? અર્થાત્ કાંઈ પણ અવબોધ કરી શકતું નથી. જેમ લાખો ક્રોડો પ્રજ્વલિત કરેલા દીપકો અંધને કાંઈ પણ પ્રકાશ આપી શકતા નથી.

१ २ ४ ३ ६ ७ ५

अप्पंपि सुअमहीअं, पयासगं होइ चरणजुत्तस्स ।

९ १० ८ ११ १२ १३

इक्कोवि जह पईवो, सचक्खुअस्सा पयासेई ॥७८॥

अल्पमपिश्रुतमधीतं, प्रकाशकं भवति चरणयुक्तस्य ।

एकोऽपि यथा प्रदीपः, सचक्षुषः प्रकाशयति ॥७८॥

अर्थ : જેમ ચક્ષુવાળાને એક દીપક પણ પ્રકાશને કરે છે તેમ ચારિત્રયુકત પુરૂષનો થોડો પણ શ્રુતાભ્યાસ પ્રકાશને કરનાર થાય છે.

श्रावकनी अगीयार पडिमा

१ २ ३ ४ ५ ६ ७

दंसण वय सामाइय, पोसहपडिमा अबंभ सच्चित्ते ।

८ ९ १० १२ ११

आरंभ पेस उद्दिट्ठ, वज्जए समणभूए अ ॥७९॥

दर्शनव्रतसामायिक-पौषधप्रतिमाब्रह्मासचित्तम् ।

आरंभप्रेष्योद्दिष्ट, वर्जक श्रमणभूतश्च ॥७९॥

અર્થ : ૧ સમકિતપ્રતિમા, ૨ વ્રતપ્રતિમા, ૩ સામાયિક પ્રતિમા, ૪ પૌષધપ્રતિમા, ૫ કાયોત્સર્ગ પ્રતિમા, ૬ અબ્રહ્મ વર્જક પ્રતિમા, ૭ સચિત્તવર્જક પ્રતિમા, ૮ આરંભવર્જક પ્રતિમા, ૯ પ્રેષ્યવર્જક પ્રતિમા, ૧૦ ઉદ્દિષ્ટિવર્જક પ્રતિમા અને ૧૧ શ્રમણભૂત પ્રતિમા.

श्रावक प्रतिदिवस शुं सांभळे ?

१ ४ ३ ७

संपत्तदंसणाई, पईदियह जइजणाओ निसुणेई ।

६ ५ २ ८ ९ १० ११

सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥८०॥

संप्राप्तदर्शनादिः प्रतिदिवसं यतिजनेभ्यो निःश्रृणोति ।

सामाचारी परमां, यः खलु तंश्रावकं ब्रुवन्ति ॥८०॥

અર્થ : સંપ્રાપ્ત કર્યું છે સમકિત જેણે અર્થાત્ સંપૂર્ણ થઈ છે

દર્શનાદિ પ્રતિમા જેને એવો જે શ્રાવક પ્રતિદિવસ મુનિજનની પાસે શ્રેષ્ટ એવી સામાચારી સાંભળે. નિશ્ચે તે પુરૂષને તીર્થંકર ભગવંત શ્રાવક કહે છે.

(उपजातिवृत्तम)

१ ३ २
जहा खरो चंदणभारवाही,
४ ५ ८ ६ ७
भारस्सभागी न हु चंदणस्स ।
९ १३ १२ १० ११
एवं खु नाणी चरणेण हीणो,
१४ १५ १८ १६ १७
भारस्सभागी न हु सुग्गईए ॥८१॥

यथा खरश्चंदनभारवाही,
भारस्य भागी न हि चंदनस्य
एवं हि ज्ञानी चरणेन हीनो,
भारस्य भागी न हि सद्गतेः ॥८१॥

અર્થ : ચંદનના કાષ્ટસમૂહને ઉપાડનાર ગર્દભ જેમ ભારમાત્રનો ભાગી છે, પણ તે ચંદનના સુગંધનો ભાગી નથી; તેમ ચારિત્ર ધર્મે કરીને હીન (રહીત) એવો જ્ઞાની નિશ્ચે જ્ઞાન માત્રનો ભાગી છે, પરંતુ સદ્ગતિનો ભાજન થતો નથી.

स्त्रीसंगमां रहेला दोषनुं वर्णन

(अनुष्टुप् वृत्तम)

१ ५ ६ २

तहिं पंचिंदि आ जीवा, इत्थीजोणीनिवासिणो ।

३ ४ ७ ९ ८

मणुआणं नवलक्खा, सव्वे पासेई केवली ॥८२॥

तत्र पञ्चेन्द्रिया जीवाः, स्त्रीयोनिनिवासिनः ।

मनुष्याणां नवलक्षाः, सर्वान् पश्यति केवली ॥८२॥

अर्थ : મનુષ્યની સ્ત્રીઓની યોનિમાં નવ લાખ પંચેન્દ્રિય મનુષ્ય જીવો રહે છે, તેઓને કેવળિ ભગવાન્ દેખે છે.

(आर्यावृत्तम)

२ ३ ७ ४ १ ५ ६

इत्थीणं जोणीसु, हवंति बेइंदिया य जे जीवा ।

८ ९ १० ११ १२ १५ १३ १४

इक्को य दुन्नि तिन्निवि, लक्खपहुत्तं तु उक्कोसं ॥८३॥

स्त्रीणां योनिषु, भवन्ति द्वीन्द्रियाश्च ये जीवाः ।

एकश्च द्वौवा त्रयोऽपि, लक्षपृथक्त्वं तूत्कृष्टम् ॥८३॥

અર્થ : સ્ત્રીઓની યોનિને વિષે બેઈંદ્રિય જે જીવો છે. તેની સંખ્યા શાસ્ત્રકારે એક, બે, ત્રણ અથવા ઉત્કૃષ્ટ લાખ પૃથકત્વ કહેલી છે.

१ २ ३ ४ ५ ६ ८
पुरिसेण सहगयाए, तेसिं जीवाण होइ उद्दवणं ।
७ ६
वेणुअ दिट्ठंतेणं, तत्ताइ सिलागनाएणं ॥८४॥
पुरुषेण सहगताया-स्तेषां जीवानां भवत्युद्रवणम् ।
वेणुक दृष्टान्तेन, तप्ताय: शलाकाज्ञातेन ॥८४॥

અર્થ : તપાવેલી સલાકા દાખલ કરેલી ભૂંગળીના દૃષ્ટાંતે કરીને પુરૂષની સંગાથે સ્ત્રીનો યોગ થવાથી તે પૂર્વોક્ત જીવોનો નાશ થાય છે.

१ २ ३ ६ ४ ५
इत्थीण जोणिमज्झे, गब्भगयाइं हवंति जे जीवा ।
७ ८ ८ १० ११ १२
उप्पज्जंति चयंति य, समुच्छिमा असंखया भणिया ॥
स्त्रीणां योनिमध्ये, गर्भगता भवन्ति ये जीवाः ।
उत्पद्यन्ते च्यवन्ति च, संमूर्च्छिमा असंख्याता भणिताः ॥८५॥

અર્થ : સ્ત્રીની યોનિને વિષે ગર્ભગત જે જીવો છે, તે ઉપજે છે અને ચવે છે; તથા સમૂર્ચ્છિમ જીવો પણ અસંખ્ય કહ્યા છે.

१ ३ ४ २

मेहुणसन्नारूढो नवलक्ख हणेद सुहुम जीवाणं ।

५ ६ ८ ७

तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ।।८६।।

मैथुनसंज्ञारुढो, नवलक्षान् हन्ति सूक्ष्म जीवानाम् ।

तीर्थंकरेण भणितं, श्रद्धातव्यं प्रयत्नेन ।।८६।।

अर्थ : મૈથુનસંજ્ઞાને વિષે આરૂઢ થએલો મનુષ્ય નવલાખ સૂક્ષ્મ જીવોને હણે છે. એ પ્રમાણે તીર્થંકરે કહ્યું છે. તે રીતે તે પ્રયત્ને કરી સદ્દહવું.

(उपजातिवृत्तम)

२ १

असंखयाथी नर मेहुणाओ,

४ ३

मुच्छंति पंचिदिय माणुसाओ ।

५ ६

निसेस अंगाण विभत्ति चंगे,

९ ८ ७

भणई जिणो पन्नवणा उवंगे ।।८७।।

असंख्याताः स्त्रीनरमैथुनतो, मूर्च्छन्ति पञ्चेन्द्रियमनुष्याः ।

निःशेषाङ्गानां विभक्तिचंगे, भणति जिनःप्रज्ञापनोपाङ्गे ।।८७।।

અર્થ : સ્ત્રી અને પુરૂષના મૈથુનથી અસંખ્યાતા સમૂર્છિમ પંચેદ્રિય મનુષ્ય ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સર્વ અંગોને વિષે જીવાજીવાદિકના વિવરણવડે મનોહર એવા પન્નવણા ઉપાંગને વિષે શ્રીજીનેશ્વર ભગવંતે કહ્યું છે.

(अनुष्टुप् वृत्तम)

१ २ ३ ५ ४

मज्जे महुंमि मंसंमि, नवणीयंमि चउत्थए ।

१० ८ ७ ६ ९

उप्पज्जंति असंखा, तव्वन्ना तत्थ जंतुणो ।।८८।।

मद्ये मधुनि मांसे, नवनीते चतुर्थेके ।

उत्पद्यन्तेऽसंख्या, स्तद्वर्णा स्तत्र जंतवः ।।८८।।

અર્થ : મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં તેવાજ વર્ણ (રંગ)ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે.

(आर्या वृत्तम)

२ १ ४ ३ ६ ७

आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसु ।

८ ९ ११ १२ ५ १०

सययं चिय उववाओ, भणिओ अ निगोअ जीवाणं ।।८९।।

आमासु च पक्वसु च, विपच्यमानासु मांसपेशीषु ।

सतत मेवोपपातो, भणितश्च निगोदजीवानाम् ।।८९।।

અર્થ : પક્વ, અપક્વ તથા પક્વકરાતી માંસની પેશીમાં નિરંતર નિગોદજીવોનું ઉત્પન્ન થવું કહેલું છે.

व्रत भंग करवानुं फळ

५ ३ ४ ६ १ २
आजम्मं जं पावं, बंधइ मिच्छत्त संजुओ कोई ।

१० ११ १२ ८ ९ ७
वयभंगं काउमणो, बंधइ तं चेव अट्ठगुणं ॥९०॥

आजन्म यत्पापं, बध्नाति मिथ्यात्वसंयुक्तः कोऽपि ।

व्रतभङ्गं कर्तुमना, बध्नाति तच्चैवाष्टगुणम् ॥९०॥

અર્થ : મિથ્યાત્વ સંયુક્ત કોઈ પ્રાણી જન્મથી આરંભીને મરણ પર્યંત જેટલું પાપ બાંધે છે, તે કરતાં આઠગણું પાપ વ્રત ભંગ કરવાનું મન કરનાર બાંધે છે.

(अनुष्टुप् वृत्तम)

२ ३ ४ ५ १
सयसहस्साण नारीणं, पिट्टं फाडेइ निग्घिणो ।

६ ८ ७ ९
सत्तट्ठमासिए गब्भे, तप्फडंते निकत्तइ ॥९१॥

शतसहस्त्राणां नारीणा-मुदरं स्फोटयति निर्घृणः ।

सप्ताष्टमासिकं गर्भं, कम्पमानं निकृन्तति ॥९१॥

(आर्यावृत्तम)

२ १ ३ ४ ७ ६ ५

तं तस्स जत्तियं पावं, तं नवगुणिय मेलियं हुज्जा ।

९ १० ८ १२ ११

एगित्थि य जोगेणं, साहु बंधिज्ज मेहुणओ ।।९२।।

तत्तस्य यावत्कं पापं, तन्नवगुणितमेलितं भवेत् ।

एकस्त्रियाश्च योगेन, साधु र्बध्नाति मैथुनतः ।।९२।।

अर्थ : એક લાખ ગર્ભવંતી-સ્ત્રીઓનાં નિર્દયપણે પેટ ચીરે અને તેમાંથી બહાર આવેલા સાત આઠ માસના તરફડતા ગર્ભને મારી નાંખે, તે પ્રાણીને જેટલું પાપ લાગે, તેને નવગણું કરીએ તેટલું પાપ એક સ્ત્રીના યોગે કરીને મૈથુન સેવન કરવાથી સાધુ બાંધે.

कोनी समीपे समकितादि ग्रहण करवुं ?

१ ४ ३ २ ६ ५

अखंडीयचारित्तो, वयधारी जो व होइ गीहत्थो ।

७ ८ ९ ११ १०

तस्स सगासे दंसण,-वयगहणं सोहिकरणं च ।।९३।।

अखंडितचारित्रो, व्रतघारी यो वा भवति गृहस्थः ।

तस्य सकाशे दर्शन-व्रतग्रहणं शोघिकरणं च ।।९३।।

अर्थ : અખંડ ચારિત્રવંત મુનિ અથવા વ્રતધારી ગૃહસ્થ હોય, તેની સમીપે સમકિત તથા વ્રત ગ્રહણ કરવું અને આલોયણ લેવું.

स्थावर जीवोमां रहेला जीवो

१ २ ५ ३ ४

अद्दामलय पमाणे, पुढवीकाए हवंति जे जीवा ।

७ ६ ८ ९ १०

तं पारेवय मित्ता, जंबूदीवे न मायंति ॥९४॥

आर्द्रामलकप्रमाणे, पृथ्वीकाये भवन्ति ये जीवाः ।

ते पारापतमात्रा, जंबूद्वीपे न मान्ति ॥९४॥

अर्थ : લીલા આમલા પ્રમાણે પૃથ્વિકાયને વિષે જે જીવો રહેલા છે, તે દરેકનું શરીર પારેવા પ્રમાણે કરીએ તો જંબૂદ્વીપને વિષે સમાય નહી.

१ २ ४ ५ ३ ६

एगंमि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नता ।

७ ८ ९ १० ११ १२

ते जइ सरिसवमित्ता, जंबूदीवे न मायंति ॥९५॥

एकस्मिन्नुदकबिंदौ, ये जीवा जिनवरैः प्रज्ञप्ताः ।

ते यदि सर्षपमात्रा, जंबूद्वीपे न मान्ति ॥९५॥

अर्थ : એક પ્રાણીના બિંદુમાં જે જીવો જીનેશ્વરે કહ્યા છે, તેને સરસવ જેવડા શરીરવાળા કરીએ તે જંબૂદ્વીપમાં સમાય નહી.

१ २ ५ २ ४

बरंटतंदुलमित्ता, तेउकाए हवंति जे जीवा ।

६ ७ ८ ९ १० ११

ते जइ खसखसमित्ता, जंबूदीवे न मायंति ॥९६॥

बरंटतन्दुलमात्रे, तेजस्काये भवन्ति ये जीवाः ।

ते यदि खसखसमात्रा, जंबूद्वीपे न मान्ति ॥९६॥

અર્થ : બંટી તંદૂલ માત્ર તેઉકાયને વિષે જેટલા જીવો છે, તે જો ખસખસ જેવડા શરીરવાળા કરીએ તો જંબૂદ્વીપમાં સમાપ નહી.

२ १ ३ ६ ४ ५

जे लिंबपत्तमित्ता, वाउकाए हवंति जे जीवा ।

८ ७ ९ १० ११

तं मत्थयलिक्खमित्ता, जंबूदीवे न मायंति ॥९७॥

यस्मिन् निम्बपत्रमात्रे, वायुकाये भवन्ति ये जीवाः ।

ते मस्तकलिक्षामात्रा, जंबूद्वीपे न मान्ति ॥९७॥

અર્થ : લીંબડાના પાંદડા જેટલી જગ્યા રોકનારા એવા વાયુકાયમાં જે જીવો છે, તે દરેકને માથાની લીખ જેવડા શરીરવાળા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહી.

१ २ ३ ५ ६ ४

असुइठाणे पडिआ, चंपकमाला न कीरइ सीसे ।

८ ९ ७ १०

पासत्थाई ठाणे, सुवट्टमाणो तह अपुज्जे ॥९८॥

अशुचिस्थाने पतिता, चंपकमाला न क्रियते शीर्षे ।

पार्श्वस्थादिस्थानेषु, वर्त्तमानस्तथापूज्यः ॥९८॥

અર્થ : અપવિત્ર સ્થાનકને વિષે પડેલી ચંપાના પુષ્પોની માળા જેમ મસ્તક ઉપર ધારણ કરાતી નથી, તેમ પાસત્થાદિક સ્થાનકને વિષે વર્તતા રહેતા એવા મુનિ પણ અપૂજ્ય છે-પૂજવા યોગ્ય નથી.

१ २

छट्ठट्ठम दसम दुवालसेहिं, मासद्धमासखमणेहिं ।

३ ४ ५ ६ ७ ८

इत्तोउ अणेगगुणा, सोहा जिमियस्स नाणिस्स ॥९९॥

षष्ठाष्ठमदशमद्वादशै, र्मासार्द्धमासक्षपणैः ।

एतेभ्यस्त्वनेकगुणा, शोभा जिमितस्य ज्ञानिनः ॥९९॥

અર્થ : છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ, અર્ધ માસ ખમણ અને માસખમણ કર્યાથી જે શોભા છે, તે કરતાં અનેક ઘણી શોભા દરરોજ જમતા એવા જ્ઞાનીની છે.

२ १ ३ ६ ४ ५

जं अन्नणी कम्मं, खवेइ बहुआइं वासकोडीहिं ।

७ ९ ८ ११ १०

तन्नाणि तिहिंगुत्तो, खवेइ उस्सासमित्तेणं ।।१००।।

यदज्ञानी कर्म, क्षपयति बहुभिर्वर्षकोटिभिः ।

तज्ज्ञानी त्रिभिर्गुप्तः, क्षपयत्युच्छासमात्रेण ।।१००।।

અર્થ : બહુક્રોડ વર્ષોએ કરીને અજ્ઞાની જેટલાં કર્મને ખપાવે છે, તેટલાં કર્મને જ્ઞાની ત્રણ ગુપ્તિયુક્ત વર્તવાથી એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

देवद्रव्यना रक्षणनुं फळ

१ ३ २

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।

५ ४ ७ ८ ६

रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ।।१०१।।

जिनप्रवचनवृद्धिकरं, प्रभावकं ज्ञानदर्शनगुणानाम् ।

रक्षन् जिनद्रव्य, तीर्थकरत्वं लभते जीवः ।।१०१।।

અર્થ : જિન પ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાનદર્શન ગુણનું પ્રભાવક એવા જિનદ્રવ્યનું રક્ષણ કરનાર જીવ તીર્થંકર પણાને પ્રાપ્ત કરે છે.

१ ३ २

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।

५ ४ ६ ७

भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होई ॥१०२॥

जिनप्रवचनवृद्धिकरं, प्रभावकं ज्ञानदर्शनगुणानाम् ।

भक्षयन् जिनद्रव्य मनन्तसंसारिको भवति ॥१०२॥

અર્થ : જિનપ્રવચનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાનદર્શન ગુણનું પ્રભાવક એવા જિનદ્રવ્યનું ભક્ષણ કરનાર અનંત સંસારી થાય.

(अनुष्टुप् वृत्तम)

४ १ ६ ३ ५ २

भक्खेइ जो उवेक्खेइ, जिणदव्वं तु सावओ ॥

८ ९ ७ ११ १०

पन्नाहीणो भवे जीवो, लिप्पइ पावकम्मुणा ॥१०३॥

भक्षयति य उपेक्षते, जिनद्रव्यं तु श्रावकः ।

प्रज्ञाहिनो भवेज्जीवो, लिप्यते पापकर्मणा ॥१०३॥

અર્થ : જે શ્રાવક જિનદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા ઉપેક્ષા કરે તો તે જીવ પ્રજ્ઞા (બુદ્ધિ) હીન થાય અને પાપ કર્મે લેપાય.

चार म्होटां अकार्य वर्जवां.

(आर्यावृत्तम्)

१ २ ३ ४

चेइअदव्वविणासे, रिसिधाए पवयणस्सउड्डाहे ।

५ ७ ६

संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ।।१०४।।

चैत्यद्रव्यविनाशे, ऋषिघाते प्रवचनस्योड्डाहे ।

संयतीचतुर्थभंगे, मूलाग्निर्बोधिलाभस्य ।।१०४।।

अर्थ : ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર, મુનિની ઘાત કરનાર, પ્રવચનનો ઉડ્ડહ કરનાર અને સાધ્વીના ચતુર્થ વ્રતનો ભંગ કરનાર મસકિતના લાભરૂપ વૃક્ષના મૂળમાં અગ્નિ મૂકે છે.

पूजा करवाना भाव पण महा फळवाळा छे.

१ २ ४ ३

सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।

५ ७ ६

पूआपणिहाणेणं, उप्पन्ना तियसलद्धेगंमि ।।१०५।।

श्रूयते दुर्गतनारी, जगद् गुरोः सिन्दुवारकुसुमैः ।।

पूजाप्रणिघाने-नौत्पन्ना त्रिदशलोके ।।१०५।।

अर्थ : એમ સંભળાય છે કે, દરિદ્રિ એવી એક સ્ત્રી સિંદુવારના (નગોજના) પુષ્પોવડે પ્રભુની પૂજા કરવાના પ્રણિધાનથી

-એકાગ્રતાથી દેવલોકને વિષે ઉત્પન્ન થઈ.

गुरुवंदन करवानुं फळ

१ ३ २ ५ ६

तित्थयरत्तं सम्मत्त-खाइयं सत्तमी तईयाए ।

८ ९ १० ४ ७

साहुण वंदणेणं, बद्धं च दसारसीहेणं ॥१०६॥

तीर्थकरत्वं सम्यक्त्वं, क्षायिकं सप्तम्यास्तृतीयायुः ।

साधुनां वन्दनेन, बद्धं च दाशार्हसिंहेन ॥१०६॥

અર્થ : તીર્થંકરપણું, ક્ષાયિક સમકિત અને સાતમી નરકથી ત્રીજી નરકનો બંધ (એ ત્રણ વાનાં) વિધિપૂર્વક મુનિઓને વંદન કરવાથી કૃષ્ણે ઉપાર્જન કર્યા.

द्रव्यस्तवनुं स्थापन

१ २ ४ ६ ५

अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलुजुत्तो ।

३ ७ ८

संसारपयणुकरणे, दव्वत्थए कूवदिट्ठंतो ॥१०७॥

अकृत्स्नप्रवर्त्तकानां विरताऽविरतानामेष खलु युक्तः ।

संसारप्रत्तनुकरणे, द्रव्यस्तवे कूपदृष्टान्तः ॥१०७॥

અર્થ : સમસ્ત પ્રકારે ધર્મકાર્યમાં નહિ પ્રવર્તેલા એવા વિરતાવિરતિ જે શ્રાવકો, તેમને સંસાર પાતળો કરવાને અર્થે દ્રવ્યસ્તવ (આતરણીય છે.) તેને વિષે કૂવાનું દૃષ્ટાંત જાણવું

क्रोघनुं फळ

१ २ ४ ३ ६ ५
अणथोवं वणथोवं, अग्गीथोवं च कसायथोवं च ।
९ ८ ७ १० १३ १४ ११ १२ १५ १६
न हु ते विससिअव्वं, थोवंपि हु तं बहू होई ॥१०८॥

ऋणस्तोकं व्रणस्तोक, मग्निस्तोकं च कषायस्तोकं च ।
न हि तद्विश्वसितव्यं, स्तोकमपि सद्बहुभवति ॥१०८॥

અર્થ : દેવું થોડું હોય, વ્રણ થોડું હોય, અગ્નિ થોડી હોય, અને કષાય થોડો હોય તોપણ તેનો વિશ્વાસ ન કરવો. કેમ કે થોડું હોય તોપણ તે ઘણું થઈ જાય છે. અર્થાત્ ઘણું થતાં વાર લાગતી નથી.

मिच्छामिदुक्कडंनुं प्रवर्तन

१ २ ४ ३ ५ ७ ६ ८
जं दुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपूरंतो ।
९ १० १२ ११ १३ १४
तिविहेण पडिक्कंतो, तस्स खलु दुक्कडं मिच्छा ॥१०९॥

यद्दुष्कृतमिति मिथ्या, तद्भूयः कारणमपूरयन् ।
त्रिविघेन प्रतिक्रामन्, तस्य खलु दुष्कृतंमिथ्या ॥१०९॥

અર્થ : જે દુષ્કૃતને મિથ્યા કરે તે દુષ્કૃત સંબંધી કારણને ફરીને સેવે નહિ અને વિધિએ કરીને પડિક્કમે; તેનું ખરૂં

મિથ્યાદુષ્કૃત જાણવું

१ २ ४ ३ ६ ५ ७ १० ९ ८

जं दुक्कडंति मिच्छा, तं चेव निसेवइ पुणो पावं ।

११ १३ १२

पच्चक्खमुसावाई, मायानियडिप्पसंगो अ ॥११०॥

यद्दुष्कृतमिति मिथ्या, तच्चैव निषेवते पुनः पापम् ।

पत्यक्षमृषावादी, मायानिविडप्रसंगश्च ॥११०॥

અર્થ : જે દુષ્કાને -પાપને મિથ્યા કરે, તેજ પાપના કારણને ફરીને સેવે, તે પ્રાણીને પ્રત્યક્ષ મૃષાવાદી અને માયાકપટના નિવિડ પ્રસંગવાળો જાણવો.

मिच्छामिदुक्कडं ए वाक्यनो अर्थ

१ २ ३ ४ ५ ६ ७ ८ ९

मिति मिउ मद्दवते, छत्तीदोसाण छायणे होई ।

११ १२ १० १३ १४ १५ १७ १६

मित्तिअ मेराइट्ठिओ, दुत्ति दुगंछामि अप्पाणं ॥१११॥

मीति मृदुर्मार्दवत्वे, च्छेति दोषाणांच्छादने भवति ।

मीति च मर्यादास्थितो, दु इति दुर्गच्छाम्यात्मान्म् ॥१११॥

१ २ ४ ३ ५ ७ ८ ६ ११ ९ १०
कत्ति कडं मे पावं, डत्तिय देवेमि तं उवसमेणं ।

१२ १४ १३
एसो मिच्छादुक्कडं, पयक्खरत्थो समासेणं ॥११२॥

केति कृतं मे पापं, डेति च दहामि तदुपशमेन ।

एष मिथ्यादुष्कृत, पदाक्षरार्थः समासेन ॥११२॥

અર્થ : "મિ" મૃદુ માર્દવપણાને વિષે છે. "ચ્છા" દોષનું આચ્છાદન કરવાને અર્થે છે. "મિ" મર્યાદામાં સ્થિત થવા માટે છે. "દુ" આત્માની દુગંઠા કરૂં છું એમ જણાવવા માટે છે. "ક્ક" મ્હારાં કરેલા પાપ એમ સૂચવે છે. અને "ડ" તે પાપને ઉપશમ વડે બાળી નાંખું છું એમ કહે છે. આ પ્રમાણે "મિચ્છામિદુક્કડં" વાક્યના દરેક અક્ષરનો અર્થ સંક્ષેપમાં જાણવો.

ચાર પ્રકારના તીર્થનું વર્ણન.

१ २ ४ ५ ३ ७ ६
नामं ठवणातित्थं, दव्वंतित्थं च भावतित्थं च ।

९ ८
इक्किक्कंमि य इत्तो, ऽणेगविहं होई नायव्वं ॥११३॥

नाम स्थापनातीर्थं, द्रव्यतीर्थं च भावतीर्थं च ।

एकैकस्मिन् चा ऽनेकविघं भवति ज्ञातव्यम् ॥११३॥

અર્થ : નામ તીર્થ, સ્થાપના તીર્થ, દ્રવ્ય તીર્થ અને ભાવ

તીર્થ એ પ્રમાણે તીર્થના મુખ્ય ચાર ભેદ છે. તે એકેકના અનેક પ્રકાર છે તે જાણી લેવા.

૧ ૨ ૪ ૩

दाहोवसमं तह्नाइ छेयणं, मलपिवाहणं चेव ।

૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

तिहिं अत्थेहिंनिउत्तं, तम्हा तं दव्वओतित्थं ॥११४॥

दाहोपशमं तृष्णादि, च्छेदनं मलप्रबाघनं चैव ।

त्रिभिरथैर्नियुक्तं, तस्मात् तद्रव्यतस्तीर्थम् ॥११४॥

અર્થ : દાહનું ઉપશમાવવું, તૃષાદિનો છેદ કરવો, અને મેલને દૂર કરવો, એ ત્રણે અર્થે કરીને યુકત હોય તે કારણથી તેને દ્રવ્યતીર્થ કહીએ.

भावतीर्थनुं स्वरुप.

૧ ૨ ૩ ૪ ૬ ૫

कोहंमिउ निग्गहिए, दाहस्स उवसमणं हवइ तित्थं ।

૭ ૯ ૮ ૧૦ ૧૧

लोहंमिउ निग्गहिए तह्नाए छेयणं होई ॥११५॥

क्रोघेतु निगृहीते, दाहस्योपशमनं भवति तीर्थम् ।

लोभे तुं निगृहीते, तृष्णायाः छेदनं भवति ॥११५॥

५ ६ २ ३ ४ १

अट्ठविहं कम्मरयं, बहुएहिं भवेहिं संचियं जम्हा ।

७ ८ ९ १० ११ १२

तवसंजमेण धोवइ, तम्हा तं भावओतित्थं ॥११६॥

अष्टविधं कर्मरजो, बहुभिर्भवैः संचितं यस्मात् ।

तपः संयमेन घुवति, तस्मात् तत् भावतस्तीर्थम् ॥११६॥

અર્થ : ક્રોધનો નિગ્રહ થવાથી દાહના ઉપશરૂપ તીર્થ થાય અને લોભનો નિગ્રહ થવાથી તૃષ્ણાના છેદનરૂપ તીર્થ થાય. આઠ પ્રકારના કર્મરૂપી રજ બહુ ભવે કરીને સંચય કરેલી તે તપ અને સંયમે કરીને ધોવાઈ જાય દૂર થાય. તેથી તેને ભાવતીર્થ કહીએ.

४ ६ ३ २

दंसणनाणचरित्ते-सु निउत्तं जिणवरेहिं सव्वेहिं ।

१ ११ ५ ७ ८ ९ १०

एएण होइ तित्थं, एसो अन्नोवि पज्जाओ ॥११७॥

दर्शनज्ञानचारित्रे-षु नियुक्तं जिनवरैः सर्वैः ।

एतेन भवति तीर्थ -मेष अन्योऽपि पर्यायः ॥११७॥

અર્થ : એટલા માટે સર્વ જિનેંદ્રોએ જ્ઞાન, દર્શન અને ચારિત્રને વિષે તીર્થ કહેલું છે. એ પ્રમાણે બીજો પણ પર્યાય જાણવો.

१ २ ३ ५ ४

सव्वो पुव्वकयाणं, कम्माणं पावए फलविवायं ।

६ ८ ७ १० ९ ११

अवराहेसु गुणेसु अ, निमित्तमित्तं परो होइ ॥११८॥

सर्वः पूर्वकृतानां, कर्मणां प्राप्नोति फलविपाकम् ।

अपराघेषु गुणेषु च, निमित्तमात्रः परो भवति ॥११८॥

અર્થ : સર્વ જીવો પૂર્વભવે કરેલાં કર્મોનાં ફળ વિપાકને પામે છે. અપરાધોને વિષે અને ગુણોને વિષે બીજા તો નિમિત્ત માત્ર જ હોય છે.

५ १ ३ ४ २

धारिज्जइ इत्तो जलनिही, विकल्लोलभिन्नकुलसेलो ।

९ ६ ७ ८

न हु अन्नजम्मनिम्मिय, सुहासुहो कम्मपरिणामो ॥११९॥

धार्यत इतो जलनिधि, रपि कल्लोलभिन्नकुलशैलः ।

न ह्यन्यजन्मनिर्मित-शुभाशुभः कर्मपरिणामः ॥११९॥

અર્થ : પોતાના કલ્લોલે કરીને મ્હોટા પર્વતોને જેણે ભેદી નાંખ્યા છે એવા સમુદ્રને ધારણ કરી શકાય, પણ અન્ય જન્મ નિર્મિત શુભાશુભ કર્મના પરિણામને ધારણ કરી શકાય નહી. અર્થાત્ રોકી શકાય નહી.

१ २ ३ ४ ८ ६ ७ ५

अकयं को परिभुंजइ, सकयं नासिज्ज कस्स किरकम्मं ।

९ १० १२ ११ १३ १४

सकयमणुभुंजमाणो, कीस जणो दुम्मणो होई ॥१२०॥

अकृतं कः परिभुङ्क्ते, स्वकृतं नश्यति कस्य किल कर्म ? ।

स्वकृतमनुभुंजानः, कथं जनो दुर्मना भवति ? ॥१२०॥

અર્થ : ન કરેલાં કર્મ કોણ ભોગવે ? અને પોતાનાં કરેલાં કર્મ કોનાં નાશ પામે છે ? અર્થાત્ ન કરેલાં કોઈ ભોગવતું નથી અને કરેલાં કર્મ કોઈનાં નાશ પામતાં નથી ત્યારે પોતાનાં કરેલાં કર્મને ભોગવતો થકો શા માટે પ્રાણી દુ:ખી મનવાળો થાય છે ?

५ ४ ६ ७ ११ १०

पोसेइ सुहभावे, असुहाइ खवेइ नत्थि संदेहो ।

९ ८ १ २ ३

छिंदइ नरयतिरियगइ, पोसहविहि अप्पमत्तो य ॥१२१॥

पोषयति शुभभावा-नशुभानि क्षपयति नास्ति संदेहः ।

छिनत्ति नरकतिर्यग्गतिं, पौषघविघिरप्रमत्तश्च ॥१२१॥

અર્થ : પૌષધની વિધિને વિષે અપ્રમત્ત-અપ્રમાદી એવો મનુષ્ય શુભ ભાવનું પોષણ કરે છે, અશુભ ભાવનો ક્ષય કરે છે અને નરક તિર્યંચની ગતિનો છેદ કરે છે. એમાં સંદેહ નથી.

जिन पूजाना प्रकार

१
वरगंधपुप्फ अक्खय, पईवफलधूवनीरपत्तेहिं ।
३ २ ५ ४ ८
नेविज्जविहाणेण य, जिणपूआ अट्ठहा भणिया ॥१२२॥

वरगन्धपुष्पाक्षत-प्रदीपफळधूपनीरपात्रैः ।
नैवेद्यविधानेन च, जिनपूजाऽष्टधा भणिता ॥१२२॥

અર્થ : ૧ શ્રેષ્ઠ ગંધ, ૨ પુષ્પ, ૩ અક્ષત (ચોખા), ૪ દીપક, ૫ ફળ, ૬ ધૂપ, ૭ જળપાત્ર અને ૮ નૈવેધના વિધાને કરીને જીનપૂજા આઠ પ્રકારે કહી છે.

जिनेंद्रनी पूजानुं फळ

४ ३ ६ ५ ८ ७
उवसमइ दुरियवग्गं, हरइ दुहं कुणइ सयलसुक्खाइं ।
९ १० ११ १२ २ १
चिंताईयंपि फलं, साहइ पूआ जिणंदाणं ॥१२३॥

उपशमयति दुरितवर्ग्गं, हरति दुःखं करोति सकलसौख्यानि ।
चिन्तातीमपि फलं, साधयति पूजा जिनेन्द्राणाम् ॥१२३॥

અર્થ : જિનેંદ્રની પૂજા દુરિત વર્ગને ઉપશમાવે છે, દુઃખને દૂર કરે છે, સમસ્ત સૌખ્યને ઉત્પન્ન કરે છે અને ચિંતાતીત-ચિંતવવાને પણ અશકય એવા ફળને-મોક્ષ ફળને સાધે છે.

घर्मकार्य करवामां विघिनी प्रबळता

२ १
धन्नाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धन्ना ।
३ ४ ५ ६
विहिबहुमाणा धन्ना, विहिपक्ख अदूसगा धन्ना ॥१२४॥

धन्यानां विधियोगो, विधिपक्षाराधकाः सदा धन्याः ।
विधिबहुमाना धन्या, विधिपक्षाऽदूषका धन्याः ॥१२८॥

अर्थ : વિધિનો યોગ ધન્ય પુરૂષોને થાય છે. વિધિ પક્ષના આરાધન કરનારને સદા ધન્ય છે, વિધિનું બહુમાન કરનારને ધન્ય છે અને વિધિપક્ષને દૂષણ આપે નહિ તેને પણ ધન્ય છે.

आ ग्रंथ भणवाथी थतुं फळ

१ ४ २ ५ ३
संवेगमणो संबोहसत्तरिं, जो पढेइ भव्वजियो ।
७ ६ ८ १० ९
सिरिजयसेहरठाणं, सो लहइ नत्थि संदेहो ॥१२५॥

संवेगमनाः संबोधसप्ततिं, यः पठति भव्यजीवः ।
श्री जयशेखरस्थानं, सलभते नास्ति संदेहः ॥१२५॥

अर्थ : સંવેગ યુક્ત મનવાળા થયા થકા જે ભવ્ય જીવો આ સંબોધસત્તરિ પ્રકરણ ભણે, તે શ્રીજયશેખર સ્થાન-મોક્ષસ્થાન પ્રત્યેપામે એમા સંદેહ નથી.

(अनुष्टुप् वृत्तम)

१
श्रीमन्नागपुरीयाह्व, तपोगणकजारुणाः ।।
२ ४ ३
ज्ञानपीयूषपूर्णांगाः सूरीन्द्रा जयशेखराः ।।१।।
१ २ ४ ३
तेषांपत्कजमधुपाः, सूरयो रत्नशेखराः ।।
६ ५ ७ ९ ८
सारंसूत्रात्समुद्धत्य, चक्रुःसंबोधसप्ततिम् ।।२।।

અર્થ : શ્રીમત્ નાગપુરીય નામના તપગચ્છ રૂપી કમળને સૂર્ય સમાન અને જ્ઞાન રૂપી અમૃતવડે પૂર્ણ શરીરવાળા શ્રીજયશેખર નામના સૂરીંદ્રના ચરણકમળને વિષે ભ્રમર સમાન શ્રીરત્નશેખર નામે આચાર્યે, સૂત્રમાંથી સાર સાર ગાથાઓનો ઉદ્ધાર કરીને આ સંબોધસત્તરિ નામે પ્રકરણની રચના કરી.

।। इति श्री संबोधसत्तरि मूलान्वय संस्कृत छाया तथा भाषान्तरयुक्त समाप्त ।।

ॐ

श्रीमन्महावीरस्वामिहस्तदीक्षित
श्री वीरभद्रमुनिमहाराज कृत
श्री
चउसरण पयन्नो.

(મૂળાન્વય, સંસ્કૃત છાયા અને ભાષાન્તર યુક્ત.)

卐 卐 卐 卐 卐

(आर्यावृत्तम्)

१ २ ४ ३ ५

सावज्जजोगविरई, उक्कित्तण गुणवओ अ पडिवत्ती ।

६ ७ ८ १० ९ ११

खलियस्स निंदणा वण,-तिगिच्छगुणधारणा चेव ॥

सावद्ययोग विरति-सत्कीर्त्तनं गुणवतश्च प्रतिपत्तिः ।

स्खलितस्य निन्दना, व्रणचिकित्सा गुणधारणाचैव ॥१॥

અર્થ : પાપ વ્યાપારથી નિવર્તરૂપ સાયાયક નામે પહેલું આવશ્યક, ચોવીસ તીર્થંકરના ગુણોનું ઉત્કિર્તન કરવા રૂપ ચઉવિસત્થો

નામનું બીજું આવશ્યક, ગુણવંત ગુરૂની વંદના રૂપ વંદનક નામનું ત્રીજું આવશ્યક,લાગેલા અતિચાર રૂપ દોષની નિંદારૂપ પ્રતિક્રમણ નામનું ચોથું આવશ્યક, વ્રણચિકિત્સા-ભાવઘા એટલે આત્માને ભારે દુષણ લાગેલું, તેને મટાડવા રૂપ કાઉસગ્ગ નામનું પાંચમું આવશ્યક, અને ગુણને ધારણ કરવા રૂપ પચ્ચખાણ નામનું છઠ્ઠું આવશ્યક એ છ આવશ્યક નિશ્ચે કરી કહેવાય છે.

५ ६ ७ ४ ८ १

चारित्तस्स विसोही, कीरइसामाइएण किल इहयं ।

२ ३

सावज्जेयर-जोगाण, वज्जणा-सेवणत्त(ण)ओ ॥२॥

चारित्रस्य विशुद्धिः, क्रियते सामायिकेन किलेह ।

सावद्येतरयोगानां, वर्जना सेवनत्वतः ॥२॥

अर्थ : આ જિનશાસનમાં સામાયિક વડે નિશ્ચે ચારિત્રની વિશુદ્ધિ કરાય છે, તે સાવદ્ય યોગનો ત્યાગ કરવાથી અને નિર્વદ્ય યોગને સેવવાથી થાય છે.

५ ४ ६ १

दंसणयार-विसोही, चउवीसायत्थएण किज्जइ य ।

३ २

अच्चब्भुअ-गुणकित्तण,-रू वेणं जिणवरिंदाणं ॥३॥

दर्शनाऽऽचार विशुद्धि-श्चतुर्विंशत्यात्मस्तवेन क्रियते च ।

अत्यद्भुतगुणकीर्त्तन-रू पेण जिनवरेन्द्राणाम् ॥३॥

અર્થ : દર્શનાચારની વશુધ્ધિ છઉવિસત્થા (લોગસ્સ) વડે કરાય છે. તે જિનેશ્વર ભગવાનોના અતિ અદ્ભૂત ગુણના કીર્તનરૂપ ચોવિસે જિનની સ્તુતિવડે થાય છે.

२ १ ३ ४

नाणाइआउगुणा, तस्संपन्नपडिवत्तिकरणाओ ।

५ ६ ११ ९ १० ७ ८

वंदणएणं विहिणा, कीरइ सोहीउ तेसिं तु ॥४॥

ज्ञानादिकास्तुगुणा-स्तत्संपन्न प्रतिपत्तिकरणात् ।

वन्दनकेन विधिना, क्रियते शुद्धिस्तु तेषान्तु ॥४॥

અર્થ : જ્ઞાનાદિક ગુણો તો જ્ઞાનાદિ ગુણસંપન્ન ગુરૂમહારાજની ભક્તિથી થાય છે અને ગુરૂ મહારાજની વિધિપૂર્વક વંદના કરવારૂપ, ત્રીજાવંદન નામના આવશ્યકને જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ કરાય છે.

३ १ २ ४

खलिअस्स य तेसि पुणो,

५ ६ ७ ८

विहिणा जं निंदणाइ पडिक्कमणं ।

९ १०

तेण पडिक्कमणेणं

१२ ३ ११ १५ १४

तेसि पि य कीरए सोही ॥५॥

स्खलितस्य च तेषां पुन-र्विधिना यन्निन्दनादि प्रतिक्रमणम् ।
तेन प्रतिक्क्रमणेन, तेषामपि च क्रियते शुद्धिः ॥५॥

अर्थ : વળી તે જ્ઞાનાદિક ગુણોની આશાતનાની નિંદદિક, વિધિવડે કરવી તે પ્રતિક્રમણ કહેવાય; તે પ્રતિક્રમણવડે તે જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ કરાય છે.

४ १ २
चरणाइयाइयणं, जहक्कमं मणतिगिच्छरूवेणं ।
३ ७ ६ ५
पडिक्कमणासुद्धाणं, सोही तह काउस्सग्गेणं ॥६॥

चरणाऽतिगादिकानां, यथाक्रमं व्रणचिकित्सारूपेण ।
प्रतिक्रमणाऽशुद्धानां, शुद्धिस्तथा कायोत्सर्गेण ॥६॥

अर्थ : ચારિત્રાદિકના અતિચારોની પ્રતિક્રમણ વડે શુદ્ધિ ન થઈ હોય તેમની ગુમડાના ઔષધ સરખા અનુક્રમે આવેલા પાંચમા કાઉસગ્ગ નામના આવશ્યકવડે શુદ્ધિ થાય છે.

१ २ ३
गुणधारणरूवेणं, पच्चक्खाणेण तवइआरस्स ।
